
Friday, 27 November 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



सत्याग्रह पर आधारित युद्ध हंमेशा बे प्रकारना होय छे. એક युद्ध आपणे अन्याय सामे लडीએ छीએ, अने बीजुं आपणे आपणी नબળાઈઓ साथे लडीએ छीએ.
- सरदार वल्लભભાઈ પટેલ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૩૩૨ ● સંવત-૨૦૮૩ કારતક વદ ત્રીજ/ચોથ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

દમણમાં ન્યાયતંત્ર અને બાર એસોસિએશન વચ્ચે ચાલી રહેલા તણાવમાં નવો વળાંક

દમણ બાર એસોસિએશનના પ્રેસિડેન્ટ મારિયો લોપેસે સંઘપ્રદેશના પ્રશાસકશ્રી સમક્ષ સમગ્ર પ્રકરણની સીબીઆઈ તપાસની કરેલી ભલામણઃ ઈમાનદાર અને નિષ્પક્ષ ન્યાયાધિશ આર.એસ.તિવારી વિરૂદ્ધ પ્રસ્તાવ પસાર કરવાના અસલી ઉદ્દેશો અને તેની પાછળ દોરીસંચાર કોનો?



શ્રી મારિયો લોપેસ
પ્રેસિડેન્ટ
દમણ બાર એસોસિએશન

પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ અને સેશન જજ આર.એસ.તિવારી એક ઈમાનદાર અને નિષ્પક્ષ ન્યાયાધિશ હોવાની સાથે તેઓ કાયદાનું યોગ્ય રીતે પાલન કરી પોતાનું કર્તવ્ય નિભાવી રહ્યા છે ત્યારે કેટલાક વકિલોને કેમ વાંકું પડ્યું?

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૬

દમણમાં ન્યાયતંત્ર અને બાર એસોસિએશન વચ્ચે ચાલી રહેલા તણાવના પ્રકરણમાં દમણ બાર એસોસિએશનના પ્રેસિડેન્ટ એડવોકેટ શ્રી મારિયો લોપેસે જારી કરેલ અખબારી યાદી બાદ સમગ્ર પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે અને દમણ બાર એસોસિએશનના પ્રેસિડેન્ટ તરીકે શ્રી મારિયો એફ. લોપેસે એક ઈમાનદાર ન્યાયાધિશના વિરૂદ્ધ પસાર કરેલ પ્રસ્તાવનો અસલી ઉદ્દેશ અને તેની પાછળ સામેલ અસલી લોકોની ઓળખ કરવા માટે સંઘપ્રદેશના પ્રશાસક સમક્ષ સીબીઆઈ તપાસનો આદેશ જારી કરવા ભલામણ કરતા કાળા કોટ ધારકોના અસલી ખેલ ઉપર પણ આડકતરો ઈશારો કર્યો હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે છેલ્લા બે દિવસ પહેલા દમણ બાર એસોસિએશનના પ્રેસિડેન્ટની સહમતિ વગર એસોસિએશનના કેટલાક બાકી સભ્યોએ દમણ-દીવના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ અને સેશન જજ શ્રી આર.એસ.તિવારી વિરૂદ્ધ પ્રસ્તાવ પસાર કરી ન્યાયિક કાર્યપ્રણાલીથી દૂર રહેવાનો નિર્ણય વકિલોએ લીધો હતો અને તેની સાથે બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધિશ સમક્ષ આ પ્રકરણમાં હસ્તક્ષેપ કરવાની માંગ કરી હતી.

આજે આ પ્રકરણમાં દમણ બાર એસોસિએશનના પ્રેસિડેન્ટ શ્રી મારિયો એફ. લોપેસે એક અખબારી યાદી જારી કરી પોતાનો પક્ષ રજૂ કરતા તેમણે પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ અને સેશન જજ શ્રી આર.એસ.તિવારી એક ઈમાનદાર અને નિષ્પક્ષ ન્યાયાધિશ હોવાની સાથે તેઓ કાયદાનું યોગ્ય રીતે પાલન કરી પોતાનું કર્તવ્ય નિભાવી રહ્યા હોવાનું જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ અને સેશન જજ શ્રી આર.એસ.તિવારી લગભગ છેલ્લા ૨૦ મહિનાથી દમણ અને દીવમાં કાર્યરત છે અને તેમના વિરૂદ્ધ કોઈપણ પ્રકારની ફરિયાદો ઉઠી નથી. શ્રી મારિયો લોપેસે વધુમાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ૩૦ કરતા વધુ વરસોથી દમણ બાર એસોસિએશનના અધ્યક્ષ છે અને તેમણે આ પ્રસ્તાવને ટેકો નહિ આપવા સાથે તેમાં હસ્તાક્ષર કરવાનો પણ ઈન્કાર કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, કેટલાક વકિલો તેમના હસ્તાક્ષર લેવા માટે ઘરે પણ આવ્યા હતા.

દમણ બાર એસોસિએશનના પ્રેસિડેન્ટ શ્રી મારિયો એફ. લોપેસે દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસકશ્રીને અનુરોધ કરતા જણાવ્યું છે કે, એક ઈમાનદાર ન્યાયાધિશના વિરૂદ્ધ પસાર કરેલ આ પ્રસ્તાવના સમગ્ર પ્રકરણની સીબીઆઈ તપાસનો આદેશ આપવામાં આવે, જેથી આ પ્રસ્તાવ પસાર કરવાના અસલી ઉદ્દેશો અને તેની પાછળ સામેલ વાસ્તવિક લોકોની જાણકારી મળી શકે. શ્રી મારિયો એફ. લોપેસે દમણની જનતા અને કેસથી જોડાયેલા લોકોને અપીલ કરતા તેઓને ન્યાયપાલિકા ઉપર પુરો ભરોસો અને વિશ્વાસ રાખવા જણાવ્યું છે.

ચૂંટણી જાગૃતિ માટે ઈલેક્ટોરલ લિટરસી ક્લબ હેઠળ

દાનહના ચૂંટણી વિભાગે વિવિધ શાળાઓમાં 'ક્વિઝ' અને 'નિબંધ લેખન' સ્પર્ધાઓ યોજી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૬

દાદરા નગર હવેલીના ચૂંટણી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં ચૂંટણી જાગૃતિ, લોકશાહી મૂલ્યો અને મતદાન અધિકારો પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવા માટે ઈલેક્ટોરલ લિટરસી ક્લબ (ELC) હેઠળ વિવિધ શાળાઓમાં ક્વિઝ અને નિબંધ લેખન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ક્રમમાં, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, લાઈન્સ ઈંગ્લિશ સ્કૂલ અને શિવ પ્રકાશ મેમોરિયલ સ્કૂલ ખાતે ખાસ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે યોજાયેલ નિબંધ લેખન સ્પર્ધા શાળાના આચાર્ય ફાધર ડી'સોઝાની હાજરીથી શોભાયમાન થઈ હતી. આ પ્રસંગે, ઈલેક્ટોરલ લિટરસી ક્લબ

- (વધુ પાના નં.૨ પર)

સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા, મોટી દમણ ખાતે 'સંવિધાન દિવસ'ની જ્ઞાનવર્ધક અને ગૌરવપૂર્ણ રીતે ઉજવણી કરાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૬

આજે તા.૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા, મોટી દમણ ખાતે NSS (રાષ્ટ્રીય સેવા યોજના) એકમ દ્વારા 'સંવિધાન દિવસ'ની જ્ઞાનવર્ધક અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે શાળાના તમામ શિક્ષકમિત્રો તથા ભવિષ્યના ઘડવૈયા એવા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી બની સમૂહમાં ભારતીય સંવિધાનના શપથ ગ્રહણ કર્યા હતા.

- (વધુ પાના નં.૨ પર)

લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન ફત્તેહસિંહ ચૌહાણના માર્ગદર્શનમાં

'સંવિધાન દિવસ'ના અવસરે હવેલી ઈન્સ્ટીટ્યુટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચમાં 'વિકસિત ભારત-યુવા સંવાદ' કાર્યક્રમ યોજાયો

સંવિધાન ફક્ત એક કાનૂની દસ્તાવેજ નથી, પરંતુ નાગરિકોના અધિકારો, કર્તવ્યો અને લોકતાંત્રિક મૂલ્યોનો આધાર છેઃ આચાર્ય ડો. શિલ્પા તિવારી







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૬

આજે ૨૬મી નવેમ્બરના રોજ દેશના 'સંવિધાન દિવસ'ના અવસરે લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી ફત્તેહસિંહ ચૌહાણના માર્ગદર્શનમાં 'મેરા ભારત, યુવા ભારત' સેલવાસ દ્વારા હવેલી ઈન્સ્ટીટ્યુટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના સહયોગથી 'વિકસિત ભારત-યુવા સંવાદ' 'સંવિધાન દિવસ વિશેષ સંસ્કરણ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાઓના સંવિધાનના મૂલ્યો, લોકતાંત્રિક સિદ્ધાંતો અને વર્ષ ૨૦૪૭ સુધી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પને જોડવાનો છે.

- (વધુ પાના નં.૨ પર)

દીવના કેવડી એજ્યુકેશન હબ ખાતે 'વિકસિત ભારત ચેલેન્જ ટ્રેક' જિલ્લા સ્તરની PPT સ્પર્ધા યોજાઈ: વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૨૬

યુવા બાબતો અને ખેલ મંત્રાલય, ભારત સરકાર દ્વારા 'વિકસિત ભારત યુવા નેતૃત્વ સંવાદ ૨૦૨૭' અંતર્ગત દેશભરમાં યુવાનોને પ્રોત્સાહિત કરવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજે તા.૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના કેવડી ખાતે આવેલા એજ્યુકેશન હબમાં

- (વધુ પાના નં.૨ પર)

દુઃખદ અવસાન/બેસણું



દિલગીરીપૂર્વક જણાવવાનું કે મારા માતૃશ્રી
સ્વ. ઝરીન એરેચ દમણિયાનું
25/11/2026 ના રોજ દુઃખદ અવસાન થયું છે.
અહુરા મઝદા/પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

બેસણું
તારીખ: 27/11/2026, શુક્રવાર
સમય: સાંજે 5.15 થી 6.30 સુધી

સ્થળ
પારસી અગિયારી, નવી ઓરી,
ધોબીવાડ, નાની દમણ

શોકાકુલ
અસ્પી દમણિયા અને સમસ્ત
દમણિયા પરિવાર (નાની દમણ)



સુવિચાર - સદ્‌વિચાર

હર પળ કંઈક નવું શીખવે છે, જો તમે ખોલી આંખે જોશો,
જીવન એ સૌથી મોટું શિક્ષક છે.

કવિતા

ક્ષિતિજનું મૃગજળ થૈ એમને રણમાં ચમકવાનું

ક્ષિતિજનું મૃગજળ થૈ એમને રણમાં ચમકવાનું,
અમારે મૃગલા થૈ એમની પાછળ ભટકવાનું!

અમે તો પહાડના પાણા, અમારે શાપ સ્થિરતાનો,
અમારા પર સરિત્ થૈ એમને છલછલ સરકવાનું!

પિયુને સાનમાં કરવા ચહી'તી વાત હૈયાની,
જડ્યું કેવું બહાનું આય ચૂડીને રણકવાનું!

નશીલી એ નજર સામે સુરા પણ રાંક છે કેવી!
છલોછલ મયકદામાંથીય વીસરી ગૈ છલકવાનું!

અમસ્તી વાતમાં 'બેજાન' એવું શું પડ્યું વાંકું,
નથી એ નામ પણ લેતાં અહીં થૈને ફરકવાનું!

- બેજાન બહાદરપુરી

આજની જોક

પત્રકાર : 'શેઠજી, તમે આટલા પૈસાદાર કેવી રીતે થઈ શક્યા?
શેઠ : 'ભાઈ, વાત બહુ લાંબી છે. કહેવા બેસું તો અંધારું થઈ જાય ને મારે દીવો બાળવો પડે!'
પત્રકાર : 'ના કહેશો શેઠજી, હું સમજી ગયો!

કબીર વાણી



**ઐસા કોઈ ના મિલા, ઘટમે અલખ લખાય;
બિન બાત્તિ બિન તેલ બિન, જલતી જોત દિખાય.**

- અર્થાત-

એવો કોઈ મને મળ્યો નથી કે જે અલખ યાને બહારથી નહિ પિછાણી શકાય તેવો જે પરમાત્મા છે તેની આ શરીરમાં જ પિછાણ કરાવી આપે, અને જે જોત, તેલ ને કાકડા વગર, હમેશાં જળતી રહી છે તે દેખાડે.

ચાણક્ય ઉવાચ



ઉદ્યમેન હિ સિદ્ધ્યન્તિ કાર્યાણિ ન મનોરથૈઃ।

-અર્થાત-

માત્ર ઇચ્છાઓ કરવાથી નહીં, પરંતુ સખત પરિશ્રમ કરવાથી જ કાર્યો પૂર્ણ થાય છે.

આજનો દિન વિશેષ

દામોદર બોટાદકર

દામોદર ખુશાલદાસ બોટાદકર (૨૭ નવેમ્બર, ૧૮૭૦ - ૭ સપ્ટેમ્બર, ૧૯૨૪) જેઓ દામોદર બોટાદકર અથવા કવિ બોટાદકર તરીકે જાણીતા હતા, ગુજરાતી કવિ હતા.

તેમનો જન્મ બોટાદમાં થયો હતો અને છ ધોરણ સુધીનો અભ્યાસ ત્યાં જ કર્યો. તેઓ તેરમાં વર્ષે શિક્ષક બન્યા અને કુટુંબની આર્થિક મુશ્કેલી દૂર કરવા જુદા જુદા સમયે એમણે જુદા જુદા વ્યવસાયો અજમાવેલાં. વેપાર અને વૈદું કર્યાં, પણ તેમાં ફાવેલાં નહીં. ૧૮૯૩માં વૈષ્ણવ ગોસ્વામી મહારાજ નૃસિંહલાલજી સાથે તેમના કારભારી તરીકે મુંબઈ ગયા. 'પુષ્ટિમાર્ગ પ્રકાશ'નું તંત્રીપદ સંભાળ્યું. મુંબઈના નિવાસ દરમિયાન ત્યાંના કોઈ શાસ્ત્રી પાસે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. નાદુરસ્ત તબિયતને લીધે ૧૯૦૭માં વતન પાછા આવી પુનઃ શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો.

એમનું પ્રથમ પ્રકાશન 'શાહ પ્રણીત લાલસિંહ-સાવિત્રી નાટક અથવા સ્વયંવરવિધિથી સુખી દંપતીનું ચરિત્ર' નામનું નાટક છે. એ જ રીતે 'ગોકુળગીતા', 'રાસવર્ણન' અને 'સુબોધ કાવ્યસંગ્રહ' પણ એમની પ્રારંભિક કૃતિઓ છે. તે પછી કાવ્યોપાસનાના દ્યોતક સંગ્રહો 'કલ્લોલિની' (૧૯૧૨), 'સ્રોતસ્વિની' (૧૯૧૮), 'નિર્ઝરિણી' (૧૯૨૧), 'રાસતરંગિણી' (૧૯૨૩) અને મરણોત્તર 'શૈવલિની' (૧૯૨૫), ''ચંદન'' મળ્યા છે. 'રાસતરંગિણી' ના રાસોએ એમને એક નોંધપાત્ર રાસકવિનાં સ્થાનમાન મેળવી આપ્યાં છે. તે જમાનાની ગુજરાતણોને આ રાસોએ ખૂબ ઘેલું લગાડેલું લોકઢાળોનો તેમાં ખૂબીપૂર્વકનો વિનિયોગ થયો છે. 'શૈવલિની'નાં કાવ્યોની ગુણસંપત્તિ નોંધપાત્ર છે. એમાં પ્રકૃતિ અને ગૃહજીવનના ભાવોને એમણે કાવ્યરૂપ આપ્યું છે. ગ્રામજીવનના પરિવેશના અને એના તળપદા વિષયોના સુચારુ અને મધુર પ્રાસાદિક નિરૂપણે એમને 'સૌંદર્યદર્શી કવિ'નું બિરુદ અપાવ્યું છે. ગૃહજીવનની ભાવનાનાં કાવ્યો એમનું મુખ્ય અને મહત્વનું પ્રદાન છે. કન્યા, માતા, નણંદ, સાસુ, લગ્નોદ્યતા, ભગિની, નવોઢા, ગૃહિણી, સીમંતિની, પ્રૌઢા-એમ નારીજીવનની જુદી જુદી અવસ્થા અને એના પદને લક્ષ્ય કરીને એનાં અનેકવિધ સુકુમાર સંવેદનોને એમણે મધુર અને પ્રશસ્ય રૂપ આપ્યું છે.

સરેરાશ કક્ષાએ રહેતી કલ્પનાશક્તિ તથા સંસ્કૃતપ્રચુર શૈલી અને કંઈક સીમિત રહેતા વિષયવર્તુળની મર્યાદા છતાં એમના ભાવસમૃદ્ધ રાસો અને ગૃહજીવનનાં કોમળ નિવ્યર્યાજ સંવેદનોનાં કાવ્યો એમનું ચિરંજીવ પ્રદાન છે.

પ્રવાસ

બિલીમોરા-વઘઈ નેરોગેજ હેરિટેજ ટ્રેન

બિલીમોરા-વઘઈ સેક્શન ભારતના ગુજરાત રાજ્યમાં પશ્ચિમ રેલ્વે ઝોનના મુંબઈ પશ્ચિમ રેલ્વે વિભાગનો ભાગ છે.

બિલીમોરા-રાનકુવા શાખા ૧૯૧૪માં ખોલવામાં આવી હતી. બિલીમોરા-રાનકુવા શાખાની લંબાઈ ૨૧ કિમી હતી. રાનકુવા-ઉનાઈ શાખા ૧૯૧૫માં ખોલવામાં આવી હતી. રાનકુવા-ઉનાઈ શાખાની લંબાઈ ૨૦ કિમી હતી. ઉનાઈ-કાલંબા શાખા ૧૯૧૭માં ખોલવામાં આવી હતી. ઉનાઈ-કાલંબા શાખાની લંબાઈ ૧૪ કિમી હતી. કાલંબા-ડુંગરડા અને ડુંગરડા-વઘઈ શાખા અનુક્રમે ૧૯૨૬ અને ૧૯૨૯માં ખોલવામાં આવી હતી. બિલીમોરા-વઘઈ વિભાગની કુલ લંબાઈ ૬૩ કિમી છે.

બિલીમોરાથી વઘઈ: દૈનિક સેવાઓ સામાન્ય રીતે સવારે ૧૦:૨૦ વાગ્યે (દા.ત., ટ્રેન ૫૨૦૦૧) અને સાંજે ૭:૨૦ વાગ્યે (દા.ત., ટ્રેન ૫૨૦૦૩) ઉપડે છે, જેમાં લગભગ ૩ કલાક લાગે છે.

વઘઈથી બિલીમોરા: પરત ફરતી સેવા (જેમ કે ટ્રેન ૫૨૦૦૪) સવારે ૬:૧૦ વાગ્યે વઘઈથી ઉપડે છે અને સવારે ૯:૨૦ વાગ્યે બિલીમોરા જંક્શન પહોંચે છે.

'વિભાગો વચ્ચે સંકલિત સંચાર સરકારી પહેલો અંગેની જનજાગૃતિને મજબૂત બનાવી શકે છે': સિદ્ધાર્થ બોડકે

પીઆઈબી અમદાવાદ ખાતે આંતરમાધ્યમ પ્રચાર સંકલન સમિતિ (IMPCC)ની બેઠક યોજાઈ : સરકારી યોજનાઓ, નીતિઓ અને જનકલ્યાણકારી પહેલોની માહિતી ઝડપથી અને વ્યાપક સ્તરે લોકો સુધી પહોંચાડવા માટે સોશિયલ મીડિયાનો વ્યૂહાત્મક અને અસરકારક ઉપયોગ કરવો જરૂરી: સિદ્ધાર્થ બોડકે



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
અમદાવાદ, તા.૨૬

કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, નીતિઓ અને અભિયાનોની માહિતી વધુમાં વધુ લોકો સુધી અસરકારક રીતે પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે પત્ર સૂચના કાર્યાલય (PIB), અમદાવાદ દ્વારા આંતરમાધ્યમ પ્રચાર સંકલન સમિતિ (IMPCC)ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકની અધ્યક્ષતા પીઆઈબીના અધિક મહાનિર્દેશક અને IMPCCના અધ્યક્ષ શ્રી સિદ્ધાર્થ બોડકેએ કરી હતી. બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો, જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs) તેમજ રાજ્યના માહિતી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકને સંબોધિત કરતાં શ્રી સિદ્ધાર્થ બોડકેએ જણાવ્યું હતું કે સરકારી યોજનાઓ અને જનકલ્યાણકારી પહેલોની માહિતી સમાજના દરેક વર્ગ સુધી પહોંચે તે માટે વિવિધ વિભાગો વચ્ચે સુદૃઢ સંકલન અને સહયોગ અનિવાર્ય છે. તેમણે પ્રચાર-પ્રસારની કામગીરીમાં પીઆઈબી તરફથી તમામ વિભાગોને જરૂરી સહયોગ પૂરો પાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે જનજાગૃતિ વધારવા માટે તમામ વિભાગોને સંકલિત પ્રયાસોકરવા અનુરોધ કર્યો હતો.

શ્રી બોડકેએ વધુમાં જણાવ્યું હતું કે આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા જનસંપર્ક અને જનજાગૃતિનું એક મહત્ત્વપૂર્ણ તથા અસરકારક માધ્યમ બની રહ્યું છે. સરકારી યોજનાઓ, નીતિઓ અને જનકલ્યાણકારી પહેલોની માહિતી ઝડપથી અને વ્યાપક સ્તરે લોકો સુધી પહોંચાડવા માટે સોશિયલ મીડિયાનો વ્યૂહાત્મક અને અસરકારક ઉપયોગ કરવો જરૂરી છે. પરંપરાગત માધ્યમોની સાથે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પ્રચાર-પ્રસારની પહોંચ વધુ વ્યાપક બનાવી શકાય છે.

બેઠક દરમિયાન સરકારી યોજનાઓ અને નીતિઓના પ્રચાર-પ્રસારને વધુ અસરકારક બનાવવા માટે વિવિધ વિભાગો વચ્ચે સંકલન અને સહયોગ વધારવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે નશામુક્ત ભારત અભિયાન, સેવા સંકલ્પ અભિયાન અને ભારત પર્વ અંતર્ગત વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રચાર-પ્રસાર અને જનજાગૃતિની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. સંબંધિત વિભાગોના અધિકારીઓએ પોતાના વિભાગો દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓ અને પહેલોની માહિતી જનતા સુધી પહોંચાડવા માટે હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓની વિગતો પણ રજૂ કરી હતી. જેમાં નશામુક્ત ભારત અભિયાન, સેવા સંકલ્પ અભિયાન અને ભારત પર્વ અંતર્ગત હાથ ધરાયેલી પ્રચાર-પ્રસારની કામગીરીની સમીક્ષા; સરકારી યોજનાઓને જન જન સુધી પહોંચાડવા સંકલન અને સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠકની શરૂઆત બંધારણ દિવસના અવસરે ભારતીય બંધારણના આમુખના સામૂહિક પઠન સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત તમામ અધિકારીઓએ બંધારણમાં સમાવિષ્ટ ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના મૂલ્યો તથા આદર્શો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ ઉપરાંત, આગામી IMPCC બેઠક માટેના વિષય તરીકે સુશાસન દિવસની પસંદગી કરવામાં આવી હતી. આગામી બેઠકમાં સુશાસન સંબંધિત વિવિધ પહેલો, યોજનાઓ અને પ્રવૃત્તિઓના પ્રચાર-પ્રસાર અંગે ચર્ચા કરવામાં આવશે.

સંસદમાં ફરી ગાજશે રાજકીય ગરમાવો

૩૦ નવેમ્બરે લોકસભા અને ૨ ડિસેમ્બરે રાજ્યસભાની બેઠક

સંસદના ચોમાસુ સત્રની કાર્યવાહી ગત ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવામાં આવી હતી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૨૬

સંસદની કાર્યવાહી ફરી શરૂ થવા જઈ રહી છે. કેન્દ્ર સરકારે સંસદના ચોમાસુ સત્રની બાકી રહેલી કાર્યવાહી ફરી શરૂ કરવા માટે બંને ગૃહોની બેઠક બોલાવવાની વિનંતી કરી છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ગુરુવારે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે લોકસભાની બેઠક ૩૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ અને રાજ્યસભાની બેઠક ૨ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ મળશે. બંને ગૃહોની કાર્યવાહી ૩ ડિસેમ્બર સુધી ચાલવાની સંભાવના છે.

કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, લોકસભાની બેઠક ૩૦ નવેમ્બરના રોજ મળશે, જ્યારે રાજ્યસભાની બેઠક ૨ ડિસેમ્બરના રોજ યોજાશે.

આ બેઠકોમાં મહત્વપૂર્ણ સરકારી કામકાજ પૂર્ણ કરવામાં આવશે. જોકે, બંને ગૃહોની કાર્યવાહી કયા સમય સુધી ચાલશે તે અંગે અંતિમ સ્પષ્ટતા થવાની બાકી છે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને સ્પષ્ટતા કરી હતી કે આ કોઈ નવું સંસદીય સત્ર નથી. પરંતુ અગાઉ યોજાયેલા ચોમાસુ સત્રની બાકી રહેલી કાર્યવાહીનો જ આ ભાગ છે. આ માટે સરકારે લોકસભાના સ્પીકર અને રાજ્યસભાના સભાપતિને બંને ગૃહોની બેઠક ફરીથી બોલાવવા વિનંતી કરી છે.

ઉલ્લેખનીય છે કે સંસદના ચોમાસુ સત્રની કાર્યવાહી ગત ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવામાં આવી હતી. હવે કેન્દ્ર સરકારે જરૂરી સરકારી કામકાજ પૂર્ણ કરવા માટે આ કાર્યવાહી ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

આ બેઠકો દરમિયાન કયા મહત્વના પ્રસ્તાવો, સરકારી નિર્ણયો કે અન્ય મુદ્દાઓ ગૃહમાં રજૂ કરવામાં આવશે તે અંગે હજુ સુધી વિસ્તૃત એજન્ડા જાહેર કરવામાં આવ્યો નથી. સરકાર દ્વારા જરૂરી સરકારી કામકાજ પૂર્ણ કરવાનો હેતુ જણાવવામાં આવ્યો છે. હવે બંને ગૃહોની બેઠકમાં કયા મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં રહેશે અને કઈ બાબતો પર નિર્ણય લેવાશે તેના પર સૌની નજર રહેશે.

કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ ફ્યુચર્સની શરૂઆત માટે NSE ને RBI તરફથી NOC મળ્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સુરત, તા.૨૬

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ (NSE)ને કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ પર ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ શરૂ કરવા માટે ભારતીય રિઝર્વ બેંક (RBI) તરફથી મંજૂરી મળી છે. આ પહેલા SEBI તરફથી મળેલા નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) બાદ આ મંજૂરી મળી છે.



કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ ફ્યુચર્સ બજારના સહભાગીઓને કોર્પોરેટ બોન્ડના મૂલ્યાંકનમાં થતા ફેરફારો, જેમાં વ્યાજ દરો અને ક્રેડિટ સ્પ્રેડમાં થતા ફેરફારોનો સમાવેશ થાય છે, તેના સંપર્કને સંચાલિત કરવા માટે પારદર્શક, પ્રમાણિત અને એક્સચેન્જ-ટ્રેડેડ સાધન પૂરું પાડશે. આ કોન્ટ્રાક્ટ પોર્ટફોલિયો-સ્તરના હેજિંગને સરળ બનાવશે, પાત્ર સહભાગીઓને કોર્પોરેટ બોન્ડ બજાર પર દિશાત્મક દૃષ્ટિકોણ લેવા સક્ષમ બનાવશે અને કાર્યક્ષમ પોર્ટફોલિયો મેનેજમેન્ટને ટેકો આપશે. આ પ્રોડક્ટ ફિક્સ્ડ-ઇન્કમ ETF અને અન્ય પેસિવ ડેટ પ્રોડક્ટ્સની વધતી ઇકોસિસ્ટમને પણ પૂરક બનશે.

આ વિકાસ અંગે NSEના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસરશ્રી શ્રીરામ કૃષ્ણન જણાવ્યું કે 'ભારતના કોર્પોરેટ બોન્ડ બજારે વર્ષોથી નોંધપાત્ર વૃદ્ધિ જોઈ છે. કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ ફ્યુચર્સની શરૂઆત આ દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું હશે, જે વધતા અંતર્ગત બોન્ડ બજાર અને કાર્યક્ષમ એક્સચેન્જ-ટ્રેડેડ રોકાણ અને જોખમ-વ્યવસ્થાપન સાધનોની ઉપલબ્ધતા વચ્ચેના અંતરને દૂર કરવામાં મદદ કરશે.

આ શરૂઆતથી ભારતના કોર્પોરેટ બોન્ડ બજારમાં વધુ પારદર્શિતા, વ્યાપક બજાર ભાગીદારી અને સુધારેલી કાર્યક્ષમતાને ટેકો મળવાની અપેક્ષા છે. કોન્ટ્રાક્ટ સ્પેસિફિકેશન અને ટ્રેડિંગ શરૂ થવા અંગેની વિગતો અલગથી જાહેર કરવામાં આવશે.

(પહેલાં પાનાનું ચાલુ)
સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા...

કાર્યક્રમ દરમિયાન શાળાનાં સિનિયર શિક્ષિકા શ્રીમતી પ્રમીલાબેન સોલંકીએ સંવિધાનનાં મૂલ્યો અને જીવનમાં તેની ઉપયોગિતા અંગે સવિસ્તૃત માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. ત્યારબાદ કુમારી વ્રિન્દાબેન હળપતિ અને કુમારી ખુશીબેન હળપતિએ 'સંવિધાન દિવસ'ને અનુરૂપ સુંદર અને માહિતીસભર રજૂઆત કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં બંધારણ પ્રત્યે જાગૃતિ, નાગરિક ફરજો પ્રત્યેની સમજ અને લોકશાહી મૂલ્યો પ્રત્યે આદરની ભાવના વિકસાવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

''સંવિધાનનું જ્ઞાન એ જાગૃત નાગરિકતાનો પાયો છે અને તેના મૂલ્યોનું પાલન એ રાષ્ટ્ર પ્રત્યેની સાચી નિષ્ઠા છે.''

(પહેલાં પાનાનું ચાલુ)
'સંવિધાન દિવસ'ના અવસરે...

આ પ્રસંગે સંસ્થાના આચાર્ય ડૉ. શિલ્પા તિવારીએ સ્વાગત ઉદ્‌બોધનમાં ઉપસ્થિત અતિથિઓનું સ્વાગત કરી 'સંવિધાન દિવસ'ની ઐતિહાસિક અને કાનૂની મહત્ત્વ પર ભાર મુક્યો હતો. તેમણે વિશેષ રૂપે દાદરા નગર હવેલીની પોર્ટુગીઝ શાસનથી મુક્તિ અને વર્ષ ૧૯૬૧માં ભારતીય સંવિધાનના દશમા સંશોધનના માધ્યમથી ભારતીય સંઘમાં એના વિલયની ઐતિહાસિક યાત્રાનો ઉલ્લેખ કર્યો હતો, તેમણે જણાવ્યું હતું કે, સંવિધાન ફક્ત એક કાનૂની દસ્તાવેજ નથી, પરંતુ નાગરિકોના અધિકારો, કર્તવ્યો અને લોકતાંત્રિક મૂલ્યોનો આધાર છે. એમણે યુવાઓને સંવૈધાનિક મૂલ્યોને પોતાના જીવનમાં આત્મસાત કરવા અને વિકસિત ભારતના નિર્માણમાં સક્રિય ભૂમિકા નિભાવવા માટે પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમમાં શ્રી ચિરાગકુમાર સૈને દ્વારા 'વિકસિત ભારત@૨૦૪૭' વિષય પર પાવર પોઇન્ટની પ્રસ્તુતિ કરી હતી. તેમણે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, શિક્ષણ, સ્વાસ્થ્ય, કૃષિ, મૂળભૂત પાયો, ડિજિટલ ક્રાંતિ, અંતરિક્ષ અનુસંધાન, સંરક્ષણ, અર્થવ્યવસ્થા અને અન્ય મહત્ત્વપૂર્ણ ક્ષેત્રમાં ભારતની વિકાસ યાત્રા અંગે જાણકારી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન યુવાઓ સાથે 'વિકસિત ભારત@૨૦૪૭'ની પરિકલ્પના, ભારતની વિકાસ યાત્રા, સામાજીક અને આર્થિક પરિવર્તન અને રાષ્ટ્ર નિર્માણમાં યુવાઓની ભૂમિકા જેવા મહત્ત્વના વિષયો પર વિચાર-વિમર્શ કરાયો હતો. આ અવસરે વક્તાઓએ જણાવ્યું હતું કે, ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય ફક્ત સરકારનું જ નહિ, પરતુ પ્રત્યેક નાગરિક અને વિશેષ રૂપે યુવા પેઢીનું સામુહિત દાયિત્વ છે.

'સંવિધાન દિવસ'ના ઉપલક્ષમાં ઉપસ્થિત અતિથિ, પ્રોફેસર, વિદ્યાર્થીઓ અને યુવાઓએ ભારતીય સંવિધાનની પ્રસ્તાવનાનું સામુહિક વાંચન ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા જેવા સંવૈધાનિક આદર્શો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ અવસરે સંસ્થાના વાઇસ ચેરમેન શ્રી અનંતરાવ નિકમ, દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડૉ. અવધેશસિંહ ચૌહાણ, કોલેજના આચાર્યશ્રી, પ્રોફેસરો, વિદ્યાર્થીઓ સહિત યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

(પહેલાં પાનાનું ચાલુ)
દાનહ ચૂંટણી વિભાગે...

(ELC)ના જિલ્લા સંયોજક ડૉ. અનિતા કુમારે વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા અને ચૂંટણી પ્રક્રિયા, મતદાર નોંધણી, મતદાનનું મહત્ત્વ અને લોકશાહી પ્રણાલીમાં યુવાનોની સક્રિય ભાગીદારી અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે સ્પર્ધાઓનું આયોજન કરવાનો મુખ્ય હેતુ અને જરૂરી સ્વરૂપો સમજાવ્યા, વિદ્યાર્થીઓને સમાજમાં ચૂંટણી જાગૃતિનો સંદેશ ફેલાવવા માટે પ્રેરિત કર્યા. આ જ રીતે, લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ ખાતે નિબંધ લેખન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધા દ્વારા, વિદ્યાર્થીઓને મુક્ત, ન્યાયી અને જાણકાર મતદાનના મહત્ત્વથી વાકેફ કરવામાં આવ્યા હતા.

વધુમાં, શાળાના આચાર્ય ડૉ. પ્રમિલા ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ, ચૂંટણી સાક્ષરતા ક્લબ હેઠળ શિવ પ્રકાશ મેમોરિયલ સ્કૂલ ખાતે એક સુવ્યવસ્થિત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, જિલ્લા સંયોજક ડૉ. અનિતા કુમાર, આચાર્ય ડૉ. પ્રમિલા ઉપાધ્યાય અને ELC ટીમના સભ્યો, શ્રી ધર્મેશ પટેલ, સંજય મિશાલ અને પ્રદીપ પટેલે સંયુક્ત રીતે દીપ પ્રગટાવીને કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પછી, જિલ્લા સંયોજક ડૉ. અનિતા કુમારે તેમના સંબોધનમાં વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયા, મતદાર જાગૃતિ અને લોકશાહી ભાગીદારી સંબંધિત મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડી હતી. વિદ્યાર્થીઓને ચૂંટણી સાક્ષરતા ક્લબની પ્રવૃત્તિઓ અને ઉદ્દેશ્યોથી પરિચિત કરાવવા માટે માહિતીપ્રદ પુસ્તિકાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયાથી વાકેફ કરવાનો, તેમનામાં લોકશાહી ચેતના વિકસાવવાનો અને ભવિષ્યમાં જવાબદાર અને જાણકાર મતદારો તરીકેની તેમની ભૂમિકા સુનિશ્ચિત કરવાનો છે. આવા કાર્યક્રમો દ્વારા, ચૂંટણી વિભાગ યુવા પેઢીને લોકશાહીને મજબૂત બનાવવામાં સક્રિયપણે ભાગ લેવા માટે સતત પ્રોત્સાહિત કરી રહ્યું છે.

(પહેલાં પાનાનું ચાલુ)
...દીવના કેવડી એજ્યુકેશન

'વિકસિત ભારત ચેલેન્જ ટ્રેક' જિલ્લા સ્તરની પીપીટી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ૧૫થી ૨૯ વર્ષની વયજૂથના યુવાનોને દેશના વિકાસ સંબંધિત પોતાના વિચારો, નવીન અભિગમો અને સર્જનાત્મક રજૂઆતો માટે મંચ પૂરો પાડવાનો તેમજ યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા, આત્મવિશ્વાસ અને રાષ્ટ્ર નિર્માણ પ્રત્યેની જવાબદારીની ભાવનાને પ્રોત્સાહિત કરવાનો છે. આ સ્પર્ધા જિલ્લા સ્તરે યુવાનોને પોતાની પ્રતિભા અને વિચારશક્તિ રજૂ કરવાની તક પૂરી પાડે છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દીવના ઉપ સમાહર્તા શ્રી શિવમ મિશ્રા તેમજ હેડ ઓફ સ્પોર્ટ્સ, ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ એકાઉન્ટ અને પોલિટેકનિક કોલેજના પ્રિન્સિપાલ શ્રી ગજવાણી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે શ્રી પુરોહિત, શ્રી અમલ ટોમ અને શ્રી સિંહા ઉપસ્થિત રહી નિર્ણાયકની ભૂમિકા નિભાવી હતી.

કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી અને થઈ હતી, ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પ ગુચ્છ તથા મુમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સ્પર્ધકો એ વિકસિત ભારત ચેલેન્જ ટ્રેક પીપીટી અંતર્ગત લોકો સમક્ષ તેમના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમને ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા, તથા અન્ય સ્પર્ધાકાને પણ આશ્વાસન ઇનામ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ રમતગમત વિભાગના H.O. શ્રી ગજવાણી તેમજ આસિસ્ટન્ટ ફિઝિકલ એજ્યુકેશન ઓફિસર શ્રી નાનજી જેઠવાની દેખરેખ હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં પોલિટેકનિક કોલેજના લેક્ચરર બંસીબેન, ગ્રાઉન્ડ મેન મિતેશભાઈ તેમજ કોમ્પ્યુટર ઓપરેટર પરેશભાઈનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી માનસિંહ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. અંતમાં આસિસ્ટન્ટ ફિઝિકલ એજ્યુકેશન ઓફિસર શ્રી નાનજી જેઠવા દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનો, નિર્ણાયકો, સ્પર્ધકો અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

યુવાનોને પોતાની ક્ષમતા, વિચારો અને સર્જનાત્મકતાને આગળ લાવવા માટે પ્રોત્સાહિત કરતો આ કાર્યક્રમ વિકસિત ભારતના સંકલ્પમાં યુવાનોની ભાગીદારી વધારવા તરફનો એક મહત્વપૂર્ણ પ્રયાસ રહ્યો હતો.

વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે બંધારણ દિવસની ઉજવણી: ભારતીય બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન કરવામાં આવ્યું





મુલાકાતીઓ માટે કિઓસ્ક પર હિન્દી સહિત ૨૨ ભાષામાં બંધારણ આધારિત ફ્લિપબુકના વાંચનની વ્યવસ્થા કરાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૬

વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર દ્વારા તા.૨૬ નવેમ્બરના રોજ ભારતીય બંધારણના મહત્વ અને તેમાં સમાવિષ્ટ મૂલ્યો અંગે નાગરિકોમાં જાગૃતિ ફેલાવવાના હેતુથી બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના સ્ટાફ સભ્યો દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ભારતીય બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભારતીય બંધારણના ઈતિહાસ, રચના અને મહત્વ અંગે માહિતી આપતી વિશેષ દસ્તાવેજી ફિલ્મનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, મુલાકાતીઓમાં બંધારણ અંગેની સમજ વધારવા માટે બંધારણ આધારિત પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુલાકાતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

બંધારણની પ્રસ્તાવના અને તેમાં સમાવિષ્ટ આદર્શોને વધુ સારી રીતે સમજવાના હેતુથી મુલાકાતીઓ માટે કિઓસ્ક પર હિન્દી સહિત ૨૨ ભાષામાં ઉપલબ્ધ બંધારણ આધારિત ફ્લિપબુકના વાંચનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત, ભારતીય બંધારણની કલા અને સુલેખન પર આધારિત વિશેષ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બંધારણની કલાત્મક રચનાઓ તથા તેની વિવિધ વિશેષતાઓ રજૂ કરવામાં આવી હતી. કેન્દ્રની મુલાકાતે આવતા નાગરિકો માટે પણ બંધારણની પ્રસ્તાવનાના વાંચનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ધર્મેન્દ્રસિંહ પરિહાર (ધર્મુદાદા), આંગણવાડીની મહિલાઓ સહિત અન્ય મુલાકાતીઓએ આ પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને બંધારણનાં મૂલ્યો તથા આદર્શો વિશે જાણકારી મેળવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં બંધારણીય જાગૃતિ કેળવવાનો, લોકશાહી મૂલ્યોનું મહત્ત્વ સમજાવવાનો તથા દરેક નાગરિકને પોતાની બંધારણીય

વલસાડના નનકવાડા ખાતે એડોલેસેન્ટ હેલ્થ એન્ડ વેલનેસ ડે ની ઉજવણી કરાઈ

કિશોરાવસ્થામાં આવતા પરિવર્તન, સમતોલ આહાર, શારીરિક સ્વચ્છતા, ટીનેજ પ્રેગન્સી અંગે સમજણ આપી







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૬

વલસાડ તાલુકાના નનકવાડા ગામમાં આવેલા આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને મગોદ ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં મેડિકલ ઓફિસરનાં માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અતર્ગત એડોલેસેન્ટ હેલ્થ એન્ડ વેલનેસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણીમાં કિશોર કિશોરીઓને આર.કે.એસ.કે.કાર્યક્રમ, એ.એફ.એચ.સી. ક્લિનિક, કિશોરાવસ્થામાં આવતા પરિવર્તન, સમતોલ આહાર, શારીરિક સ્વચ્છતા, શિક્ષણનું મહત્ત્વ, આયર્નની ગોળી, ટીનેજ પ્રેગન્સી, યોગ્ય વ્યક્તિ દ્વારા જાણકારી, ચિંતા હતાશા આત્મહત્યાના પ્રયાસ, ગૌરવી દિવસ, RTI/STI, સોશિયલ મીડિયાનો યોગ્ય ઉપયોગ વગેરે વિષે આરોગ્યલક્ષી માહિતી આપવામાં આવી હતી.

કિશોર કિશોરીઓનું વજન, ઊંચાઈ અને BMIની ગણતરી કરવામાં આવી હતી. IEC મટીરિયલની વહેંચણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન મેડિકલ ઓફિસર, FHS, સી.એચ.ઓ, એફ.એચ.ડબલ્યુ, MPHW, આશા કાર્યકર અને એડોલેસેન્ટ હેલ્થ કાઉન્સેલર હાજર રહ્યા હતા.

ચીખલીના ગોડથલ ગામમાં દીપડાનો આતંક: યુવક પર હુમલો કરતા હોસ્પિટલ ખસેડાયો



-તસવીરઃ દિપક સોલંકી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૨૬

ચીખલીના ગોડથલ ગામમાં યુવક ઉપર દીપડાએ હુમલો કરતા તબીબી સારવાર લેવાની નોબત આવી હતી.

ચીખલી તાલુકાના ગોડથલના ઝાડી ફળિયા ખાતે રહેતા અજયભાઈ વસનભાઈ પટેલ ગુરૂવારની સવારના સાડા સાતેક વાગ્યાના સમય દરમિયાન મોટરસાઈકલ પર ચીખલી ખાતે નોકરીએ જઈ રહ્યા હતા. આ દરમિયાન કણભઈથી ચીખલી તરફ જતા માર્ગ પર અચાનક દીપડો આવી ચઢતાં મોટર સાયકલ સવાર અજયભાઈ પર હુમલો કરતા તેમના પગના ભાગે ઈજા પહોંચતાં તાત્કાલિક સારવાર અર્થે રૂમલા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી જરૂરી તપાસ હાથ ધરી દીપડાને પકડવા માટે પાંજરૂ ગોઠવવામાં આવ્યું હતું.

સગીર વયની બાળકીની ગર્ભાવસ્થાના કિસ્સામાં સામાજિક બદનામીના ડરથી મામલો છુપાવવો કે પતાવટ કરવી ગંભીર ગુનો

નવસારી બાળ કલ્યાણ સમિતિ દ્વારા સંબંધિત શાળા અને હોસ્પિટલ પાસેથી પણ ખુલાસો મંગાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૨૬

તાજેતરમાં નવસારી જિલ્લામાં એક અત્યંત સંવેદનશીલ કિસ્સો સામે આવ્યો છે, જેમાં આશરે ૧૨ વર્ષની વયની અને ધોરણ-૮માં અભ્યાસ કરતી એક સગીર બાળકીને તાવ અને શરદી-ખાંસીની સામાન્ય બીમારીની તપાસ દરમિયાન સોનોગ્રાફી કરાવતા સાત માસથી વધુનો ગર્ભ હોવાની ચોંકાવનારી હકીકત બહાર આવી હતી. આ ઘટનામાં ગુનો આચરનાર પણ કિશોર વયનો હોવાનું સામે આવ્યું હતું.

સમાજમાં બદનામી થશે તેવા ડરથી તેમજ સગા-સંબંધીઓ અને આગેવાનોની સમજાવટથી પરિવારે શરૂઆતમાં પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. આ મામલે પ્રસૂતિ ખર્ચ આપવાની શરતે સામાજિક પતાવટ કરવામાં આવી હતી અને જન્મ લેનાર બાળકને બારોબાર કોઈને સોંપી દેવાનું નક્કી કરાયું હતું. જોકે, આ અંગેની ગુપ્ત માહિતી જિલ્લા બાળ સુરક્ષા અધિકારીને મળતાં જ ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બાળકીની સુરક્ષા, આરોગ્ય અને સર્વોચ્ચ હિતને ધ્યાને લઈ તેને બાળ કલ્યાણ સમિતિ (CWC), નવસારી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. તંત્ર દ્વારા અપાયેલા યોગ્ય કાઉન્સેલિંગ અને કાયદાકીય માર્ગદર્શન બાદ પરિવારે ઘટનાની ગંભીરતા સમજીને પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. વધુમાં, સગીર બાળકીની ગર્ભાવસ્થા જેવી ગંભીર બાબત ધ્યાને આવી હોવા છતાં તંત્ર કે પોલીસને સમયસર જાણ ન કરવા બદલ, બાળ કલ્યાણ સમિતિ (CWC) દ્વારા સંબંધિત શાળા અને હોસ્પિટલ પાસેથી પણ આ સમગ્ર ઘટના અંગે સત્તાવાર ખુલાસો માંગવામાં આવ્યો છે. આ ઘટનાના સંદર્ભમાં જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા જાહેર જનતા, વાલીઓ, સામાજિક આગેવાનો તેમજ શૈક્ષણિક અને તબીબી સંસ્થાઓને નીચે મુજબની મહત્વપૂર્ણ કાયદાકીય બાબતો અંગે જાગૃત રહેવા અપીલ કરવામાં આવે છે:

સંસ્થાઓ અને નાગરિકો માટે ફરજિયાત જાણ (Mandatory Reporting): પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (POCSO) એક્ટ, ૨૦૧૨ની કલમ ૧૯ અને ૨૧ મુજબ, કોઈપણ વ્યક્તિ, ડોક્ટર, હોસ્પિટલ કે શાળાને સગીર બાળક સાથે થયેલા જાતીય શોષણ કે ગર્ભાવસ્થાની જાણ થાય, તો તાત્કાલિક પોલીસ અથવા બાળ સુરક્ષા તંત્રને જાણ કરવી કાયદેસર રીતે ફરજિયાત છે. મામલો છુપાવવો કે જાણ ન કરવી તે સજાપાત્ર ગુનો બને છે. સામાજિક પતાવટ કરવી તે ગંભીર અપરાધ છે: સગીર વયની બાળકી સાથે બનેલી આવી ઘટનામાં બદનામીના ડરથી ચૂપ રહેવું કે સામાજિક પતાવટ કરવી એ કાયદાકીય રીતે ગુનો છે. આવા કિસ્સામાં સમાધાન કરાવનારાઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

કિશોર આરોપી માટે પણ કાયદાકીય કાર્યવાહી અનિવાર્ય: જો આવા કિસ્સામાં ગુનો આચરનાર વ્યક્તિ પણ સગીર (કિશોર) હોય, તો પણ કાયદાકીય પ્રક્રિયા ટાળી શકાય નહીં. જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ (JJ Act) મુજબ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર માટે પણ ઉપલબ્ધ કાયદાકીય કાર્યવાહી અને સુધારાત્મક પ્રક્રિયા હાથ ધરવી અત્યંત જરૂરી છે. બાળકને બારોબાર સોંપવાને બદલે કાયદેસર 'સરેન્ડર' (Surrender) પ્રક્રિયા અપનાવો: અનિચ્છનીય ગર્ભાવસ્થા કે સગીર માતા દ્વારા જન્મ અપાયેલા બાળકને ક્યારેય બારોબાર કોઈ વ્યક્તિ, સંબંધી કે દલાલને સોંપવું જોઈએ નહીં. આમ કરવું એ માનવ તસ્કરી (Child Trafficking) કે બિનકાયદેસર દત્તક (Illegal Adoption) હેઠળ ગંભીર ગુનો બને છે. જો પરિવાર બાળકનો ઉછેર કરવા સક્ષમ ન હોય, તો બાળ કલ્યાણ સમિતિ (CWC) સમક્ષ કાયદેસરની 'સરેન્ડર' (બાળક સમર્પણ) પ્રક્રિયા દ્વારા બાળકને સુરક્ષિત રીતે સોંપી શકાય છે, જ્યાં બાળકની ઓળખ ગુપ્ત રાખી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે કાયદેસર દત્તક આપવાની કાર્યવાહી થાય છે. બાળકો સાથે સંવાદ અને સંપૂર્ણ ગોપનીયતા: ઘણીવાર ભોગ બનનાર બાળકીઓ ધમકી કે માતા-પિતાના ઠપકાના ડરથી પોતાની સાથે થયેલા અન્યાય વિશે જાણ કરતી નથી. વાલીઓએ બાળકો સાથે વિશ્વાસપૂર્ણ સંવાદ રાખવો જોઈએ. કાયદાકીય પ્રક્રિયા દરમિયાન ભોગ બનનાર બાળકી અને તેના પરિવારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે તથા તંત્ર દ્વારા આરોગ્ય, કાઉન્સેલિંગ, આશ્રય અને સરકારી વળતર સહિતની તમામ સહાય પૂરી પાડવામાં આવે છે.

આસપાસમાં કોઈપણ બાળક સાથે શોષણ, અન્યાય કે બિનકાયદેસર રીતે બાળકની આપ-લે થતી જણાય, તો કોઈપણ ડર વિના તાત્કાલિક ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ (૧૦૯૮)/૧૧૨, પોલીસ હેલ્પલાઈન ૧૦૦ (૧૧૨) અથવા જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU), નવસારીનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે. માહિતી આપનારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે.

અતુલ ખાતે ૧૭મો ઉલ્હાસ કપ ઈન્ટર ડિવિઝન ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૬

ARDF ઉલ્હાસ જીમખાના આયોજીત ૧૭ મો ઉલ્હાસ કપ ઈન્ટર ડિવીઝન ક્રિકેટ ટૂર્નામેન્ટની તા.૨૨/૧૧/૨૦૨૬ ને રવિવારના રોજ શરૂ કરવામા આવેલ જેની માહિતી આપતાં ઉલ્હાસ જીમખાનાનાં જનરલ સેક્રેટરી શ્રી જે.ડી.પટેલે જણાવ્યું હતું કે અતુલ લિમિટેડનાં જુદા જુદા ડીવીઝન, યુનિટમાંથી ૫૧ ટીમોએ ભાગ લીધો હોય સમગ્ર ટીમોને ૦૮ ગ્રુપમાં વહેંચી લીગ મેચ રમાડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનુ ઉદ્ઘાટન મુખ્ય અતિથી તરીકે પધારેલ અતુલ કંપનીના વાઈસ પ્રેસિડન્ટ શ્રી હૃદય દેસાઈ તથા અન્ય ઓફિસર્સ શ્રી આનંદ દેસાઈ સાથે, શ્રી આભાસ દાસ ડો. કેયૂર મહેતા, શ્રી રાજેશ મહેતા, શ્રી જિતેન પટેલ અને ઉલ્હાસ જીમખાના જનરલ સેક્રેટરી શ્રી જે.ડી.પટેલનાં શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. સાથે ઉલ્હાસ જીમખાના એક્ઝિક્યુટીવ કમિટિ તેમજ APL કમિટિનાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

અંકલેશ્વરની તેજસ્વી વિદ્યાર્થીની અદિતી પટેલ મંત્રી ઈશ્વરસિંહ પટેલનાં હસ્તે સન્માનિત

શ્રી તળપદા કોળી પટેલ સમાજ ઉત્કર્ષ મંડળ, અંકલેશ્વર દ્વારા દ્વિતીય તેજસ્વી તારલા સન્માન સમારંભ-૨૦૨૬ યોજાયો



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ઓલપાડ, તા.૨૬

શ્રી તળપદા કોળી પટેલ સમાજ ઉત્કર્ષ મંડળ, અંકલેશ્વર દ્વારા માં શારદાભવન ટાઉન હોલ, ઈ.એન.જીનવાલા સ્કૂલ કમ્પાઉન્ડ, અંકલેશ્વર ખાતે દ્વિતીય તેજસ્વી તારલા સન્માન સમારંભ-૨૦૨૬ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજનાં તેજસ્વી તારલાઓને મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે અદિતી ધર્મેશકુમાર પટેલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેણીએ માર્ચ ૨૦૨૬ ની S.S.C. પરીક્ષામાં ૯૯.૭૨ પર્સેન્ટાઈલ રેન્ક સાથે A1 ગ્રેડ પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધાર્યું છે. મંડળનાં પ્રમુખ પરસોત્તમભાઈ પટેલ, ઉપપ્રમુખ ભીખાભાઈ પટેલ અને નરેન્દ્રભાઈ પટેલ તથા મંત્રી રમણલાલ પટેલ સહિતનાં હોદેદારોની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારનાં પાણી પુરવઠા અને જળ સંપત્તિ વિભાગનાં રાજ્ય કક્ષાનાં મંત્રી (સ્વતંત્ર હવાલો) ઈશ્વરસિંહ પટેલનાં હસ્તે અદિતીને મોમેન્ટો અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ આદિતીને અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ આવી જ ઉત્તરોત્તર પ્રગતિ કરી જીવન તથા સમાજને ઉજ્જવળ બનાવે તેવી શુભેચ્છા પાઠવી હતી. સમારંભમાં વાલીઓ, શિક્ષકો, સમાજનાં આગેવાનો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ઘોઘા રો-રો ફેરી મારફતે દમણથી દારૂની ખેપ ઘૂસાડવાનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ભાવનગર,તા.૨૬

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદા અને અગાઉ બનેલા લઠ્ઠાકાંડ બાદ પણ બુટલેગરો જાણે બેફામ બન્યા હોય તેમ દારૂની હેરાફેરી કરી રહ્યા છે.

ભાવનગરમાં દારૂની હેરાફેરી માટે હવે દરિયાઈ માર્ગનો ઉપયોગ કરવામાં આવતો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ઘોઘા રો-રો ફેરી સર્વિસ મારફતે દમણથી ટ્રકમાં વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો લાવવામાં આવતો હોવાનો પર્દાફાશ થયો છે. પોલીસે ઘોઘા જકાતનાકા ચોકડી પાસે વોચ ગોઠવી મહારાષ્ટ્ર પાસિંગના ટ્રકને ઝડપી પાડી રૂ.૨૮.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસને મળેલી બાતમીના આધારે ઘોઘા જકાતનાકા ચોકડી પાસે સઘન વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ મહારાષ્ટ્ર પાસિંગનો ટ્રક ત્યાંથી પસાર થતાં પોલીસે તેને અટકાવી તપાસ હાથ ધરી હતી. ટ્રકની અંદર તપાસ કરતાં વિદેશી દારૂની ૮૬ પેટીઓ મળી આવી હતી, જેમાંથી કુલ ૪,૧૨૮ ક્વાર્ટર જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત બિયરની ૧૮૫ પેટીઓમાંથી ૪,૪૪૦ ટીન પણ મળી આવ્યાં હતાં.

પોલીસે દારૂ અને બિયરના જથ્થાની કિંમત રૂ.૨૧.૧૨ લાખ આંકી છે. હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલો રૂ.૭.૫૦ લાખનો ટ્રક અને રૂ.૧૦ હજારનો મોબાઈલ ફોન પણ કબજે કરવામાં આવ્યો છે. આમ, પોલીસે કુલ રૂ.૨૮,૭૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૪૧ વર્ષીય ટ્રકચાલક સૈફઅલીખાન મોહમદમુસા ખાનની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા ટ્રકચાલકની પૂછપરછ દરમિયાન દમણના વિપુલભાઈ નામના શખ્સની સંડોવણી સામે આવી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત દમણના યોગેશ ઉર્ફે શિવ નામના અન્ય શખ્સનું નામ પણ તપાસમાં ખુલ્યું છે. આરોપીનો મોબાઈલ ફોન ફોર્મેટ કરી દેવામાં આવ્યો હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું છે. જેથી પુરાવાનો નાશ કરવામાં આવ્યો છે કે કેમ તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

દાનહ ટોકરખાડા સરકારી શાળામાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ સેલવાસ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૬

દાનહ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ટોકરખાડા સરકારી શાળા હીન્દી મીડિયમમાં કાનૂની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને જનતામાં વિવિધ કાનૂની અધિકારો, બાળ સુરક્ષા, શિક્ષણ, માનવ તસ્કરી અને બાળ લગ્ન જેવા સામાજીક દુષણો અંગે જાગૃતિ લાવવાનો છે.

કાર્યક્રમ દરમિયાન સાયબર ક્રાઈમ, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ, બાળ દિવસ, બાળ મૈત્રી પૂર્ણ કાનૂની સેવાઓ અને સુરક્ષા યોજનાઓ, બાળકોના અધિકારો, બાળકો માટે નાલસાનું પખવાડિયા જાગૃતિ અભિયાન અને બાળ લગ્નમુક્ત ભારત અભિયાન જેવા વિષયો પર માહિતી પુરી પાડવામા આવી હતી.

એડવોકેટ શ્રી રાજ ભંડારીએ સાયબર ક્રાઈમ, રાષ્ટ્રીય શિક્ષણ દિવસ અને બાળ દિવસ અંગે જાણકારી આપી હતી. એડવોકેટ શ્રી અનિલ બાગુલે બાળ લગ્ન મુક્ત ભારત અભિયાન, બાળ મૈત્રીપૂર્ણ કાનૂની સેવાઓ, બાળ સુરક્ષા યોજનાઓ, બાળકોના અધિકારો અને નાલસા પખવાડિયા જાગૃતિ અભિયાન અંગે જાણકારી આપવામા આવી હતી.

આ જાગૃતિ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને તેમના અધિકારો અને સુરક્ષા કાયદાઓ વિશે માહિતી આપવામા આવી હતી. અને જાગૃત, સલામત અને જવાબદાર નાગરિક બનાવવા માટે પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા. આ અવસરે ડાલસાના સહાયક અધિક્ષક શ્રી અનિરુદ્ધ પગડે, શાળાના આચાર્ય, શિક્ષકો સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

પડોશી પાકિસ્તાનના પ્રપંચો અને લુચ્ચા ચીન વચ્ચેની ભારત વિરોધી સાંઠગાંઠ: ભારત સરકારે ચીનથી ચેતીને ચાલવું પડશે

ગયા વર્ષ ૨૨મી એપ્રિલે જમ્મુકાશ્મીરના પહલગામમાં બૈસરન વિસ્તારમાં સશસ્ત્ર આતંકવાદીઓએ ૨૫ ટુરિસ્ટો સહિત ૨૬ નિર્દોષ લોકોની ગોળી મારીને સામૂહિક હત્યા કરી હતી અને ધર્મ પૂછીને હરવા ફરવા ગયેલા લોકોને નિશાન બનાવ્યા હતા, તેના સંદર્ભે થયેલો એક ચોંકાવનારો ખુલાસો આજે ગ્લોબલ ટોકીંગનો વિષય બન્યો છે, જ્યારે પડોશી પાકિસ્તાનના પ્રપંચો અને લુચ્ચા ચીન વચ્ચેની ભારત વિરોધી સાંઠગાંઠ પણ બહાર આવી ગઈ છે. આ પ્રકારના ઘાતકી આતંકી હૂમલામાં જો પડોશી દેશોની સરકારો સ્વયં સંડોવાયેલી હોય તો તે ઘણો જ ગંભીર વિષય ગણાય અને આ મુદ્દે વૈશ્વિક માનવતાવાદી સંસ્થાઓએ પણ હસ્તક્ષેપ કરીને ચીન અને પાકિસ્તાન સરકારોને માનવતા વિરોધી જાહેર કરવી જોઈએ, કારણ કે આ આખા ષડ્યંત્રમા બંને સરકારોના સંકલનથી જ પ્લાન ઘડાયો હોય તેવું જણાય છે.

વિશ્વભરમાં થતા આતંકવાદી હૂમલાઓ પહેલા ત્યાં 'રેકી' કરવામાં આવતી હોય છે, તેવી જ રીતે ક્યાંક લૂંટ ચલાવવી હોય, વ્યક્તિગત કે સામૂહિક હૂમલો કરવો હોય કે અશાંતિ ઊભી કરવી હોય, ત્યારે પણ જેતે સ્થળ, વ્યક્તિ અને તેની સુરક્ષા વ્યવસ્થાનું સંકલન કરવા માટે પણ પહેલાથી જ 'રેકી' કરવામાં આવતી હોય છે. આ પ્રકારની 'રેકી' ગુંડાઓ, ગેન્ગસ્ટરો, નક્સલીઓ અને ત્રાસવાદીઓ અથવા આતંકવાદીઓ કરતા હોય છે, પરંતુ જ્યારે ષડ્યંત્ર ઘડનાર કોઈ દેશને મદદ કરવા બીજો દેશ આ પ્રકારની 'રેકી' માટે અંતરીક્ષમાં ઘુમતા પોતાના ઉપગ્રહોનો ઉપયોગ કરે ત્યારે એવું કહી શકાય કે આ બંને દેશો માનવતા વિરોધી છે, અને તે બંને દેશોને વૈશ્વિક આતંકી દેશ ઘોષિત કરીને તેનો બહિષ્કાર વિશ્વ સમુદાયે કરવો જોઈએ, તેવો જનાક્રોશ ઊભો થયો છે. તેની પાછળ આ નવો ચોંકાવનારો ખુલાસો કારણભૂત છે. એક ડિજિટલ અખબારના અહેવાલે બેંગલુરૂના સ્પેસ સર્વેલન્સ કંપનીએ કરેલા વિશ્લેષણનો સંદર્ભ આપીને આખા વિશ્વને હચમચાવી દેનારો ખુલાસો કર્યો છે, જેની પુષ્ટિ થઈ જાય, તો આ મુદ્દો વિશ્વ સમુદાયે ગંભીરતાથી વિચારવો જોઈએ એન યુએનએ તથા અન્ય વૈશ્વિક સંસ્થાઓ તથા વિશ્વના ટોપફાઈવ શક્તિશાળી દેશો પૈકી ચીન સિવાયના દેશોએ પણ તેની નોંધ લઈને સંબંધિત દેશોનો ખુલાસો પુછીને કડક અભિગમ અપનાવવો જોઈએ, તેવો જનમત (ગ્લોબલી) ઘડાઈ રહ્યો છે, અને તે જરૂરી પણ છે. આ વિશ્લેષણ મુજબ ચીનના પૃથ્વીનું નિરીક્ષણ કરતા ઉપગ્રહે તા.૧૫ એપ્રિલ પછી અસાધારણ રીતે ઉપગ્રહના ભ્રમણમાં અસાધારણ અને ઓચિંતા એવા ઓર્બિટલ ફેરફારો કર્યા હતા, અને આ ઉપગ્રહ જમ્મુકાશ્મીરના પહલગામ ઉપરથી વધુ વખત અને એવા એંગલથી પસાર થયો હતો, જેથી પહલગામ એરિયા સ્પષ્ટ દેખાય. તે પછી કદાચ તેની તસ્વીરો કે તેનું રેકોર્ડીંગ પાકિસ્તાન સરકાર મારફત કે તેની સેના કે આઈએસઆઈ મારફત આતંકવાદીઓ સુધી પહોંચાડાઈ હોય અને તેના આધારે આખી ઘટનાને અંજામ અપાયો હોય, તેવી આશંકા રહે છે.

આ ડિજિટલ અખબારમાં બેંગલુરૂના એક સ્પેસ સર્વેલન્સ સ્ટાર્ટઅપના રિપોર્ટને ટાંકીને મીડિયા અહેવાલોમાં જણાવાયું છે કે પહલગામ આતંકી હૂમલા પહેલા અને પછી એટલે કે તા.૧૫ એપ્રિલ ૨૦૨૫થી ૩૦ એપ્રિલ ૨૦૨૫ દરમ્યાન ચીનના અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ્સ (પૃથ્વીનું અવલોકન કરતા ઉપગ્રહો)એ પહલગામ અને તેની આસપાસના વિસ્તારો પર વિશેષ નજર રાખવા માટે લગભગ ૩૭ જેટલી અસામાન્ય હિલચાલ કરી હતી. આ આતંકી હૂમલાના ૬ દિવસ પહેલા યોગાન ૩૫૦૧(એ) નામના ચીનના જાસુસી ઉપગ્રહે પણ પોતાની ભ્રમણકક્ષા બદલી હતી, અને તેના કારણે તે ઉપગ્રહની પહલગામથી ઉપરથી પસાર થવાની સંખ્યા લગભગ બમણી થઈ ગઈ હતી. આ ચીની ઉપગ્રહ સિગ્નલ્સ એન ઈલેક્ટ્રોનિકસ ઈન્ટેલિજન્સ એકત્ર કરવા માટે પ્રચલીત છે.

પહલગામ હૂમલો થયો હતો તે જ દિવસે ચીનના અન્ય બે ઉપગ્રહો યોગાન ૩૯૦૧(બી) અને યોગાન ૩૯૦૧(સી)એ પણ પોતાની ભ્રમણકક્ષા બદલી હતી, અને પહલગામ ઉપરાંત જમ્મુકાશ્મીર સહિતના સંવેદનશીલ અનેવ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિસ્તારોની ફોટોગ્રાફી કરી હોવાના ચોંકાવનારા પ્રયાસોનો ઉલ્લેખ પણ પ્રેસમીડિયા અહેવાલોમાં થઈ રહ્યા છે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે આ હિલચાલ આતંકી હૂમલાની પૂર્વ તૈયારીથી માંડીને આતંકીઓની ભાગવાના રસ્તાની રેકી કરવા માટે તથા આતંકી હૂમલા પછી જમ્મુકાશ્મીરના સંવેદનશીલ વિસ્તારોમાં તેના કેવા પ્રત્યાઘાતો પડ્યા છે, અને ભારતમાં આ હૂમલા પછી કોમી રમખાણો ફાટી નીકળ્યા છે કે નહીં, તે જોવા માટે કરવામાં આવી હોઈ શકે છે, કારણ કે ધર્મ પુછીને તદ્દન નિર્દોષ પ્રવાસીઓની નિર્મમ હત્યાનો આતંકીઓ અને તેના આકાઓનો હેતુ જ દેશમાં રમખાણો કરાવવાનો હતો, પરંતુ સદ્દભાગ્યે તેઓ તેમાં સફળ થયા નથી.

જો કે, આ રિપોર્ટ અખબારી અહેવાલોમાં જ એવી સ્પષ્ટતા ભારપૂર્વક કરવામાં આવી છે કે આ ઉપગ્રહોની બદલેલી હિલચાલ અને પહલગામ હૂમલા વચ્ચે કોઈ સીધો સંબંધ કે તેમાં ચીનની સીધી સંડોવણીના કોઈ નક્કર પૂરાવા હજૂ સ્થાપિત થયા નથી, એવું પણ કહેવામાં આવ્યું છે કે આ એક 'અપુષ્ટ પરિકલ્પના' છે. બીજી તરફ એવા અહેવાલો છે કે ૧૩૩૨ જેટલી ચાઈનીઝ સ્પેસ એબ્જેક્ટ્સનું વિશ્લેષણ કરાયુ, જેમાંથી આ સમયગાળામાં ૧૯૦ ચીજોએ એકકક્ષીય યુદ્ધાભ્યાસ એવી રીતે કર્યો જેથી જમ્મુકાશ્મીર અને પહલગામ પર ધ્યાન કેન્દ્રીત થઈ શકે. આ કારણે આતંકવાદી હૂમલા સાથે આ બદલેલી હિલચાલને કોઈને કોઈ સંબંધ હોવાની આશંકા જાગતી હોવાના વિવરણો પણ સામે આવી રહ્યા છે. આ ચાઈનીઝ ઉપગ્રહો ભારતીય ઉપખંડના દેશો પર નજર રાખવા માટે જ કાર્ય કરે છે, પરંતુ પહલગામ હૂમલાના સમયગાળામાં જ ભ્રમણકક્ષા તથા એંગલ બદલીને કરાયેલા ફેરફારોને જોતા આશંકાઓ ઘેરી બની જાય છે, પરંતુ નેના પર્યાપ્ત પૂરાવા નથી, તેવા તારણો નીકળે છે.

આ જ ડિજિટલ અખબારોને ટાંકીને પ્રેસમીડિયા સોશિયલ મીડિયાના માધ્યમથી એવી ચર્ચા થઈ રહી છે કે આ ચાઈનીઝ ઉપગ્રહોએ ૧૦ અને ૧૧મી મે ૨૦૨૫ના ગુજરાતના દરિયાકાંઠાનું પણ ખાસ નિરીક્ષણ કર્યું હતું અને ભુજ નલીયા અને જામનગરના વિસ્તારો સ્પષ્ટ દેખાય, તેવી જ રીતે નિરીક્ષણ કર્યું હતું. ચીનના ગાઓફેન ૧૧, યાઓગાન ૩૦ અને નિંગ્જિયા ઉપગ્રહોએ ઓપરેશન સિંદૂર દરમ્યાન ગુજરાતના ઔદ્યોગિક વિસ્તારો, બંદરો અને સૈન્ય મથકો પર નજર રહી શકે, તે રીતે કરેલી હિલચાલ જોતા ઓપરેશન સિંદૂર દરમ્યાન પાકિસ્તાન દ્વારા જમીની હૂમલા અને ડ્રોન હૂમલાને મદદ કરવામાં આવી હોવાની આશંકા જાગે છે. પરંતુ તેના કોઈ સીધા પૂરાવા નહીં હોવાની વાત પણ કરવામાં આવે છે. જે હોય તે ખરૂં, પરંતુ જો બંને દેશોની સરકારો કે તેના તંત્રો જો આ પ્રકારની હરકતો આતંકીઓને મદદ કરવા કરી રહ્યા હોવાની ઘેરી શંકા તો ઊભી થઈ જ ગઈ છે, તેથી ભારતે ચીન સાથે 'ઈલૂ...ઈલૂ...' કરતા પહેલા ચેતી જવું ખુબ મહત્ત્વનું છે.

કર્ણાટકના કૃષ્ણ ભક્ત કનકદાસ જયંતી- ભક્તિસમાનતા અને માનવતાના મહાન સંત

ભારતની સંતપરંપરામાં એવા અનેક સંતો થઈ ગયા છે જેમણે પોતાની ભક્તિ, સાધના, જ્ઞાન અને જીવનકાર્ય દ્વારા સમાજને નવી દિશા આપી છે. આવા મહાન સંતોમાં કર્ણાટકના સંત કનકદાસજીનું નામ અત્યંત આદરપૂર્વક લેવામાં આવે છે. કારતક વદ ઉના પવિત્ર દિવસે તેમની જન્મજયંતી મનાવવામાં આવે છે. કનકદાસજી માત્ર ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત જ નહોતા પરંતુ મહાન કવિ, સંગીતકાર, તત્ત્વચિંતક અને સામાજિક સુધારક પણ હતા, તેમણે પોતાના જીવન અને રચનાઓ દ્વારા માનવતાની સાથે સમાનતા, પ્રેમ, નમ્રતા અને નિર્મળ ભક્તિનો સંદેશ આપ્યો હતો.

સંત કનકદાસજીનો જન્મ અને પ્રારંભિક જીવન

સંત કનકદાસજીનો જન્મ આશરે ઈ.સ. ૧૫૦૮-૧૫૦૯માં કર્ણાટક રાજ્યના બાડા ગામમાં થયો હોવાનું માનવામાં આવે છે, તેમના પિતાનું નામ બીરપ્પા અને માતાનું નામ બચ્ચમ્મા હોવાનું કેટલાક જીવનચરિત્રોમાં નોંધાયું છે, તેમનું મૂળ નામ થિમ્મપ્પા નાયક હતું. તેઓ શરૂઆતના જીવનમાં શૂરવીર યોદ્ધા અને સૈન્યના આગેવાન તરીકે જાણીતા હતા. જીવનમાં એક યુદ્ધના પ્રસંગ અને તેના પરિણામે થયેલા આંતરિક પરિવર્તન બાદ તેમનું મન સાંસારિક સત્તાસંપત્તિ અને શૌર્ય કરતાં પરમાત્માની ભક્તિ તરફ વળ્યું હોવાનું પરંપરાગત જીવનવૃત્તાંતોમાં વર્ણવાય છે. તેમણે જીવનનો માર્ગ બદલીને ભક્તિજ્ઞાન અને આધ્યાત્મિક સાધનાને પોતાનું જીવનકાર્ય બનાવ્યું. ગુરૂ વ્યાસતીર્થજીના માર્ગદર્શન હેઠળ તેઓ હરિદાસ પરંપરામાં જોડાયા અને કનકદાસ તરીકે પ્રસિદ્ધ થયા.

ગુરૂ વ્યાસતીર્થજીની કસોટી અને કનકદાસજીની જાગૃતિ

કનકદાસજીના જીવન સાથે જોડાયેલી એક પ્રેરણાદાયક કથા ખૂબ પ્રચલિત છે. એક વખત તેમના ગુરૂ વ્યાસતીર્થજીએ પોતાના શિષ્યોને એક કેળું આપ્યું અને કહ્યું કે એવી જગ્યાએ જઈને ખાવું જ્યાં કોઈ તમને જોતું ન હોય, બધા શિષ્યો અલગ અલગ જગ્યાએ જઈને કેળું ખાઈ આવ્યા પરંતુ કનકદાસજી કેળું લઈને પાછા આવ્યા. ગુરૂજીએ પૂછ્યું કે તમે કેળું કેમ ન ખાધું? ત્યારે કનકદાસજીએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કે ગુરૂદેવ! હું એવી કોઈ જગ્યા શોધી શક્યો નથી જ્યાં કોઈ મને જોતું ન હોય કારણ કે પરમાત્મા તો સર્વત્ર હાજર છે, હું જ્યાં પણ જાઉં ત્યાં તેમની નજરથી કેવી રીતે બચી શકું? આ જવાબ સાંભળીને ગુરૂ વ્યાસતીર્થજી ખૂબ પ્રસન્ન થયા. આ કથા આપણને શીખવે છે કે પરમાત્મા માત્ર મંદિરોમાં જ નહીં પરંતુ સમગ્ર સૃષ્ટિમાં વ્યાપેલા છે. માણસ એકાંતમાં હોય કે જાહેરમાં તેની દરેક પ્રવૃત્તિ પર અંતરાત્માની સાક્ષી રહે છે.

ઉડુપીના શ્રીકૃષ્ણ મંદિરનો પ્રસંગઃકનકના દર્શન માટે પ્રભુએ ફેરવી દિશા..

સંત કનકદાસજીના જીવનનો સૌથી પ્રસિદ્ધ પ્રસંગ કર્ણાટકના ઉડુપી ખાતે આવેલા ભગવાન શ્રીકૃષ્ણના મંદિર સાથે જોડાયેલો છે, કહેવાય છે કે કનકદાસજી ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરવાની ભાવના સાથે ઉડુપી પહોંચ્યા હતા પરંતુ તે સમયની સામાજિક રૂઢિઓ અને જાતિભેદના કારણે તેમને મંદિરની અંદર પ્રવેશવા દેવામાં આવ્યો નહીં. તેમ છતાં તેમણે કોઈની સાથે ઝઘડો કર્યો નહીં કે વિરોધમાં કડવાં વચનો પણ ન કહ્યાં, તેઓ મંદિરની પાછળની તરફ જઈને ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા અને ભક્તિભાવથી ભજનો ગાવા લાગ્યા, તેમની ભક્તિમાં એટલી તન્મયતા હતી કે જાણે તેઓ પોતાના આરાધ્ય ભગવાન સાથે સીધો સંવાદ કરી રહ્યા હોય. લોકપ્રચલિત માન્યતા અનુસાર ભગવાન શ્રીકૃષ્ણે પોતાના પરમભક્તની ભાવનાનો સ્વીકાર કરીને મંદિરની પશ્ચિમ દિશામાં આવેલી દિવાલમાં બારી જેવું સ્થાન પ્રગટ કર્યું અને ભગવાનની મૂર્તિ પણ તે દિશા તરફ ફરી ગઈ જેથી કનકદાસજીને દર્શન થઈ શક્યાં. આજે પણ ઉડુપીના શ્રીકૃષ્ણ મંદિરમાં આ બારીને કનકના કિન્ડી તરીકે ઓળખવામાં આવે છે. ભક્તો આ બારીમાંથી ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન કરે છે, આ પ્રસંગ ભક્તિ પરંપરામાં અત્યંત પ્રેરણાદાયક માનવામાં આવે છે.

ભગવાનને પામવા માટે ઊંચા કુળમાં જન્મ લેવો જરૂરી નથી પરંતુ ઊંચા વિચારો નિર્મળ હૃદય અને સાચી ભક્તિ હોવી જરૂરી છે. માણસની ઓળખ તેના જન્મથી નહીં પરંતુ તેના કર્મોહ સંસ્કારો અને ચારિત્ર્યથી થવી જોઈએ.



પ્રાસંગિક

વિનોદભાઈ માછી નિરંકારી

નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ

(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

જે માણસના હૃદયમાં ભક્તિ હોય પરંતુ વ્યવહારમાં અહંકાર અને ભેદભાવ હોય તો તેની ભક્તિ અધૂરી છે

કનકદાસજીનું સાહિત્ય અને ભક્તિગીતો..

કનકદાસજી કન્નડ ભાષાના મહાન ભક્તકવિ હતા, તેમણે પોતાની રચનાઓ દ્વારા સામાન્ય માણસને પણ આધ્યાત્મિક જ્ઞાન અને ભક્તિનો માર્ગ સમજાવ્યો.



તેમની રચનાઓમાં ભગવાન પ્રત્યેનો પ્રેમ, જીવનની નશ્વરતા, માનવજીવનનું મૂલ્ય, સામાજિક સમાનતા અને આત્મચિંતન જેવા વિષયો જોવા મળે છે. તેમની મુખ્ય સાહિત્યિક કૃતિઓમાં નીચેની કૃતિઓનો સમાવેશ થાય છે.

નળચરિત્રઃ રાજા નળ અને દમયંતીની કથા

હરિભક્તિ સારઃ ભગવાનની ભક્તિનું મહત્ત્વ સમજાવતી રચના,

નૃસિંહ સ્તવન.. ભગવાન નૃસિંહની સ્તુતિ,

રામધાન્ય ચરિત્રે.. અનાજના પ્રતીકાત્મક સંવાદ દ્વારા સામાજિક સમાનતાનો સંદેશ,

મોહન તરંગિણી.. ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓનું કાવ્યાત્મક વર્ણન.

તેમણે અનેક કીર્તનો અને ભક્તિગીતોની રચના પણ કરી હતી, તેમની રચનાઓમાં 'કાગિનેલે આદિકેશવ' નામની મુદ્રા જોવા મળે છે જે તેમના આરાધ્ય દેવ પ્રત્યેની ભક્તિ દર્શાવે છે.

રામધાન્ય ચરિત્ર..સમાનતાનો અનોખો સંદેશ..

કનકદાસજીની રચના રામધાન્ય ચરિત્રે વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ રચનામાં ચોખા અને રાગી (નાગલી) વચ્ચેના સંવાદને પ્રતીકાત્મક રીતે રજૂ કરવામાં આવ્યો છે, તે સમયની સામાજિક વ્યવસ્થામાં ચોખાને સમૃદ્ધ અને ઉચ્ચ વર્ગના લોકોના ભોજન સાથે જોડવામાં આવતા, જ્યારે રાગી ગરીબ અને શ્રમજીવી લોકોનો ખોરાક ગણાતી. આ રચનામાં બંને અનાજ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવા ભગવાન શ્રીરામ સમક્ષ રજૂ થાય છે. ભગવાન તેમની કસોટી કરે છે અને અંતે રાગીની વિશેષતા ઉજાગર થાય છે. આ કથા દ્વારા કનકદાસજી સમજાવે છે કે કોઈ વ્યક્તિની મહાનતા તેની સંપત્તિ, સામાજિક સ્થાન કે બાહ્ય દેખાવથી નક્કી થતી નથી. સાચી મહાનતા તેના ગુણો, ઉપયોગિતા અને આંતરિક મૂલ્યમાં રહેલી છે. આજે પણ આ રચના સામાજિક સમાનતા અને માનવગૌરવનો સુંદર સંદેશ આપે છે.

કનકદાસજીના જીવનમાંથી મળતી પ્રેરણા

કનકદાસજીનું સમગ્ર જીવન આપણને અનેક જીવનોપયોગી શીખ આપે છે.

ભક્તિમાં કોઈ ભેદભાવ નથી. પરમાત્માની નજરમાં તમામ માનવીઓ સમાન છે, સાચી ભક્તિ માટે નિર્મળ હૃદય જરૂરી છે.

અહંકારનો ત્યાગઃ માણસે પોતાની સંપત્તિ, હોદ્દા, જ્ઞાન કે શક્તિનું અભિમાન રાખવું નહીં,

માનવતાનું મહત્ત્વઃ કોઈ વ્યક્તિને તેના જન્મ, જાતિ, ધર્મ કે સામાજિક સ્થિતિના આધારે નીચી ગણવી એ માનવતાની વિરૂદ્ધ છે.

અંતરમાં પરમાત્માની હાજરીઃ પરમાત્મા સર્વવ્યાપી છે તેથી દરેક વ્યક્તિએ પોતાના વિચારો અને કર્મોમાં પવિત્રતા જાળવવી જોઈએ.

ભક્તિ સાથે સમાજસેવાઃ સાચી આધ્યાત્મિકતા માણસને માણસ સાથે જોડે છે. પ્રેમ, કરૂણા, સહિષ્ણુતા અને પરોપકાર ભક્તિના જ વ્યવહારૂ સ્વરૂપો છે.

આજના આધુનિક યુગમાં માણસે વિજ્ઞાન શિક્ષણ અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં ઘણી પ્રગતિ કરી છે પરંતુ સમાજમાં હજુ પણ ભેદભાવ, અહંકાર, ઊંચનીચ, સ્વાર્થ અને અસમાનતા જેવી સમસ્યાઓ જોવા મળે છે. આવા સમયમાં સંત કનકદાસજીના વિચારો આપણને આત્મચિંતન કરવા પ્રેરિત કરે છે. મંદિરમાં જઈને ભગવાનની પૂજા કરવી એ શ્રદ્ધાનું એક સ્વરૂપ છે પરંતુ ભગવાનની રચના એવા દરેક માનવી પ્રત્યે પ્રેમ આદર અને સહાનુભૂતિ રાખવી એ પણ સાચી ઉપાસના છે. જો માણસના હૃદયમાં ભક્તિ હોય પરંતુ વ્યવહારમાં અહંકાર અને ભેદભાવ હોય તો તેની ભક્તિ અધૂરી છે. સાચો ભક્ત એ છે જે દરેક માનવીમાં પરમાત્માનું પ્રતિબિંબ જુએ, કોઈનું અપમાન ન કરે, દુઃખી વ્યક્તિને મદદરૂપ બને અને પોતાના જીવનમાં સદાચાર જાળવે. આ જ સંત કનકદાસજીના જીવનનો સાચો સંદેશ છે.

ભક્તિનો માર્ગ સૌના માટે ખુલ્લો છે

સંત કનકદાસજીનું જીવન આપણને સમજાવે છે કે પરમાત્મા સુધી પહોંચવાનો માર્ગ કોઈ એક વ્યક્તિ જાતિ કે વર્ગ પૂરતો મર્યાદિત નથી. પરમાત્મા સર્વના છે અને તેમની પ્રાપ્તિ માટે પ્રેમ, શ્રદ્ધા, નમ્રતા અને નિર્મળ હૃદયની જરૂર છે. ઉડુપીના શ્રીકૃષ્ણ મંદિરની કનકના કિન્ડી આજે પણ જાણે આપણને સંદેશ આપે છે કે જ્યાં માનવીના દરવાજા બંધ થાય છે ત્યાં પરમાત્માની કૃપાના દરવાજા ક્યારેય બંધ થતા નથી. આજના પવિત્ર દિવસે આપણે સંકલ્પ કરીએ કે જાતિ, ધર્મ, ભાષા અને ઊંચનીચના ભેદભાવથી ઉપર ઊઠીને સૌની સાથે પ્રેમ સન્માન અને માનવતાપૂર્ણ વ્યવહાર કરીશું. સંત કનકદાસજીની ભક્તિભાવના અને માનવતાનો સંદેશ આપણા જીવનમાં ઉતરે એ જ તેમની જન્મજયંતીની સાચી ઉજવણી છે.

અરે, મુન્ના બદનામ હુઆ, મુન્ની તેરે લીયે... બીજી બાજુ પણ નિહાળીએ!

ખાસ લેખ



લેખક

સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)

ગોપીપુરા, હનુમાન ચાર રસ્તા, સુરત

મો. ૯૪૨૭૮ ૩૧૨૧૩.

૨૦૧૦ની ફિલ્મ દબંગનું ગીત આખા દેશે ગાયું 'મુન્ની બદનામ હુઈ ડાર્લિંગ તેરે લિયે.'

લગ્નમાં વાગ્યું, ગરબામાં વાગ્યું, ગલીગલીમાં વાગ્યું. બધાએ મજાકમાં ગાયું. પણ કોઈએ એનો અર્થ ન સમજ્યો. મુન્ની બદનામ કેમ થઈ? મુન્ની શું ગુનો કર્યો?

ચાલો આજે ગીતને ઉલ્ટી રીતે બનાવીએ. બીજી બાજુ પણ નિહાળીએ.

મુન્ની બદનામ થઈ, પણ મુન્ની એકલી હતી? મુન્ની એકલી નાચતી હતી? ના. મુન્નીની આસપાસ સો મુન્ના હતા. મુન્ના તાળી પાડતા હતા, મુન્ના સીટી મારતા હતા, મુન્ના નોટો ઉડાડતા હતા, મુન્ના જ મુન્નીને જોવા આવતા હતા. જો મુન્ના ન હોત, તો મુન્ની બદનામ કેવી રીતે થાત?

સમાજનો નિયમ બહુ ખરાબ છે. છોકરો કંઈ કરે તો હીરો, છોકરી કંઈ કરે તો બદનામ. મુન્નો દારૂ પીએ તો મર્દ, મુન્ની પાણી પણ પીએ તો બદનામ. મુન્નો રાત્રે ફરે તો શેર, મુન્ની સાંજે બહાર નીકળે તો બદનામ. આ કેવો ન્યાય છે?

મુન્ની તો પોતાની રોટી માટે નાચતી હતી. તેને પૈસા જોઈતા હતા, તેને ઘર ચલાવવું હતું. તે મજબૂર હતી. પણ મુન્નો તો મજબૂર નહોતો. મુન્નો તો મજા માટે આવ્યો હતો. મુન્નો તો પૈસા ઉડાડવા આવ્યો હતો. તો બદનામ કોણ થવું જોઈએ? મુન્ની કે મુન્નો?

સાચું તો એ છે કે મુન્નો બદનામ થયો મુન્નીને કારણે. 'અરે, મુન્ના બદનામ હુઆ, મુન્ની તેરે લીયે...'

મુન્ના, તું સારા ઘરનો દીકરો હતો. તને માં-બાપે ભણાવ્યો હતો. તને સારી નોકરી મળવાની હતી. પણ તું મુન્ની પાછળ પડ્યો. તું રાત રાત મુન્નીના નાચ જોવા ગયો. તું પૈસા ઉડાડવા લાગ્યો. તું દારૂ પીવા લાગ્યો. તારી આબરૂ ગઈ, તારું નામ ગયું, તારી નોકરી ગઈ. આ બધું મુન્નીને કારણે થયું? ના, આ બધું તારા કારણે થયું. મુન્ની તો પોતાની જગ્યાએ હતી, તું જ તારી જગ્યા છોડીને તેની પાછળ ગયો.

આજના યુવાનોને આ જ સમજવાનું છે. મુન્નીને બદનામ કરવી સહેલી છે. પણ મુન્નાની બદનામી કોઈ જોતું નથી. છોકરીના કપડાં પર સવાલ ઉઠાવવો સહેલો છે. પણ છોકરાની નજર પર સવાલ કોણ ઉઠાવશે? છોકરીના નાચ પર હસવું સહેલું છે. પણ છોકરાની તાળી પર સવાલ કોણ ઉઠાવશે?

મુન્ની બદનામ નથી, મુન્નાની નજર બદનામ છે. મુન્ની બદનામ નથી, મુન્નાની વિચારધારા બદનામ છે. જો મુન્નો પોતાની નજર સુધારી લે, તો મુન્ની ક્યારેય બદનામ ન થાય.

એટલે આજે ગીતને ઉલ્ટું ગાઈએ. દીકરીને નહીં, દીકરાને સમજાવીએ. દીકરીને રોકવાને બદલે દીકરાને રોકીએ. દીકરીને ઘરમાં બંધ કરવાને બદલે દીકરાને સંસ્કાર આપીએ. કારણ કે મુન્ની બદનામ થાય છે ત્યારે એક છોકરી બદનામ થાય છે, પણ મુન્નો બદનામ થાય છે ત્યારે આખો પરિવાર બદનામ થાય છે.

અંતે એક જ વાત બદનામી કોઈ એકની નથી હોતી, બંનેની હોય છે. પણ સમાજે હંમેશા મુન્નીને જ દોષ આપ્યો છે. હવે સમય આવી ગયો છે કે આપણે કહીએ

અરે, મુન્ના બદનામ હુઆ, મુન્ની તેરે લીયે...! અરે, મુંડા બદનામ હુઆ, આઈ લવ યુ : ડાર્લિંગ મુન્ની તેરે લીયે...! અરે, મુન્ની બદનામ હુઈ...! મુંડા તેરે લીયે...! આઈ લવ યુ : મુન્ના તેરે લીયે...! આઈ લવ યુ...!

બંને બદનામ છે, બંને જવાબદાર છે. કોઈ એકને દોષ આપવો એ અન્યાય છે.!

ટ્રમ્પે આપી જેનસન હુઆંગને ક્લિનચીટ, રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એનવીડિયાના CEO જેનસન હુઆંગ અંગે મહત્વનું નિવેદન આપ્યું છે અને તેમને અમેરિકાની સુરક્ષા માટે જોખમરૂપ નહીં હોવાનું કહ્યું છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે એનવીડિયા ચોક્કસપણે અમેરિકાના નિકાસ સંબંધિત નિયમોનું પાલન કરશે. આ અગાઉ એનવીડિયાના બે કસ્ટમર મેગાસ્પીડ ઈન્ટરનેશનલ અને સુપર માઈક્રો કોમ્પ્યુટર સામે ચાલી રહેલી તપાસના આધારે એવું જણાવવામાં આવેલું કે હુઆંગ દ્વારા અમેરિકાના કોઈ જ કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય તેવું માલુમ પડ્યું નથી. એટલે કે પરોક્ષ રીતે હુઆંગને આ તપાસમાં નિર્દોષ જાહેર કરવામાં આવેલા છે.આ અગાઉ ચીનને અત્યાધુનિક સેમીકન્ડક્ટર ચિપ્સની ગુપ્તપણે મોકલવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારબાદ જે તપાસ હાથ ધરવામાં આવેલી તેમાં હુઆંગ ચીનના એજન્ટ તરીકે કામ કરતા હતા અથવા તો તેમણે જાણી જોઈને ગુપ્ત માહિતી અને ટેકનોલોજી ચીનને ઉપલબ્ધ કરાવેલ હોવાના કોઈ પુરાવા મળ્યા ન હતા.

અહેવાલોમાં આપવામાં આવેલી માહિતી પ્રમાણે અમેરિકાની ગુપ્તચર એજન્સીઓએ મેગાસ્પીડની ભૂતપૂર્વ ઓફિસર એલિસ હુઆંગ અંગે માહિતી એકત્રિત કરી હતી અને તે ચીનની ગુપ્તચર એજન્સીઓ સાથે સંબંધ હોવાના આરોપ લગાવવામાં આવ્યા હતા.બીજીબાજુ અમેરિકાના અધિકારીઓને એવા કોઈ જ પૂરાવા મળ્યા નથી કે જેમાં એ બાબત સાબિત થાય કે ચીનની સરકાર ટેકનોલોજી કંપનીની અધિકારી એલિસ હુઆંગને એનવીડિયાના CEO જેનસન હુઆંગને જાસૂસી કરવા માટે આદેશ આપ્યા હોય.

અત્રે ઉલ્લેખનીય છે કે જેનસન હુઆંગે પદ પરથી રાજીનામું આપ્યા બાદ એનવીડિયાએ તેમને ફરી વખત કંપનીમાં પરત લઈ લીધા હતા અને જેનસને કર્મચારીઓને સંબોધન કરતાં માફી પણ માંગી હતી.

સ્પોર્ટ્સ ન્યુઝ

ગુજરાત સ્ટેટ માસ્ટર ગેમ્સ-૨૦૨૬માં સુરતના અજય પટેલને ડબલ ગોલ્ડ મળ્યા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

ઓલપાડ, તા.૨૬



ગુજરાત સ્ટેટ માસ્ટર ગેમ્સ-૨૦૨૬ અંતર્ગત રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ તા.૨૨/૧૧/૨૦૨૬ નાં રોજ મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી, વડોદરા ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ઓલપાડ તાલુકાની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત સરસ પ્રાથમિક શાળાનાં આચાર્ય અજયકુમાર લક્ષ્મણભાઈ પટેલે શાનદાર પ્રદર્શન કરીને બે સુવર્ણ ચંદ્રકો મેળવ્યા હતા. ગોળાફેંક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ અને ચક્રફેંક સ્પર્ધામાં પણ ગોલ્ડ મેડલ મેળવીને તેઓએ સમગ્ર ઓલપાડ તાલુકા સહિત સુરત જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, ઓલપાડ તાલુકા શિક્ષક સંઘ, સરસ ગ્રામજનો, રમતગમત પ્રેમીઓ, મિત્રમંડળ તથા શાળા પરિવારે અજય પટેલને અભિનંદન પાઠવ્યા હતાં.

અખિલેશ યાદવના મેનિફેસ્ટોમાં મોટી જાહેરાતો

નોકરીથી પેન્શન સુધી, અખિલેશના વાયદાઓનો પટારો ખુલ્યો

પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા અને પેપર લીક જેવી ઘટનાઓ અટકાવવા કડક પગલાં લેવાની ખાતરી આપવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

લખનૌ, તા.૨૬

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સમાજવાદી પાર્ટી (SP)એ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે બંધારણ દિવસના અવસરે PDA સંકલ્પ પત્ર રજૂ કરીને યુવાનો, ખેડૂતો, મહિલાઓ, સરકારી કર્મચારીઓ અને પછાત વર્ગો માટે અનેક મોટી જાહેરાતો કરી છે. આ મેનિફેસ્ટોમાં ૧૦ લાખ સરકારી નોકરીઓ, બેરોજગાર યુવાનોને દર મહિને ૫,૦૦૦નું ભથ્થું અને જૂની પેન્શન યોજના (OPS) ફરી શરૂ કરવા જેવા વાયદાઓનો સમાવેશ થાય છે.

યુવાનો માટે ૧૦ લાખ નોકરી અને ૫,૦૦૦ ભથ્થું. અખિલેશ યાદવે યુવાનોને રોજગાર આપવાનો મોટો વાયદો કર્યો છે. તેમના સંકલ્પ પત્રની મુખ્ય જાહેરાતો આ મુજબ છે:

આગામી પાંચ વર્ષમાં ૧૦ લાખ સરકારી નોકરીઓ આપવાનો વાયદો. બેરોજગાર યુવાનોને દર મહિને ૫,૦૦૦ ભથ્થું. સરકારી અને ખાનગી ક્ષેત્રમાં રોજગારની તકો વધારવી. અટકેલી શિષ્યવૃત્તિઓ શરૂ કરવી. કૌશલ્ય વિકાસ અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવું. વિદેશમાં અભ્યાસ અને રમતગમત માટે આર્થિક મદદ કરવી. બંધ થયેલી સરકારી શાળાઓ ફરી શરૂ કરાશે.

શિક્ષણ ક્ષેત્રે પણ સમાજવાદી પાર્ટીએ મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. બંધ થયેલી તમામ સરકારી પ્રાથમિક શાળાઓ ફરી શરૂ કરવાનું વચન આપવામાં આવ્યું છે. શિક્ષામિત્રો, પ્રશિક્ષકો અને શિક્ષકોને સન્માનજનક પગાર તથા કાયમી રોજગાર આપવાની દિશામાં કામ કરવાની વાત પણ કરવામાં આવી છે.

પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતા લાવવા અને પેપર લીક જેવી ઘટનાઓ અટકાવવા કડક પગલાં લેવાની ખાતરી આપવામાં આવી છે.

સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના (OPS) ફરીથી લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આંગણવાડી સહાયિકાઓ, નર્સિંગ સ્ટાફ, કરાર આધારિત કર્મચારીઓ અને આઉટસોર્સિંગ કર્મચારીઓને સન્માનજનક પગાર આપવાનું પણ વચન છે. પાર્ટીએ ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા અને તેમની આવક વધારવા માટે કામ કરવાની ખાતરી આપી છે. ખેડૂતોના આંદોલન દરમિયાન જીવ ગુમાવનારા ખેડૂતોને શ્રદ્ધાંજલિ આપતાં અખિલેશ યાદવે કૃષિ ક્ષેત્રને પ્રાથમિકતા આપવાની વાત કરી હતી.

આ ઉપરાંત PDA એટલે કે પછાત, દલિત અને અલ્પસંખ્યક વર્ગોને સમાન રાજકીય અને સામાજિક ન્યાય આપવાની વાત કરવામાં આવી છે. અનામતનું રક્ષણ અને જાતિ આધારિત ભેદભાવ દૂર કરવાનું પણ સંકલ્પ પત્રમાં સામેલ છે.

પોલીસ વ્યવસ્થામાં AI અને CCTVનો ઉપયોગ. કાયદો અને વ્યવસ્થા સુધારવા માટે પોલીસ વિભાગમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનો વાયદો કરવામાં આવ્યો છે. AI ટેક્નોલોજી અને બોડીકેમનો ઉપયોગ. CCTV નેટવર્ક અને ફોરેન્સિક લેબનું વિસ્તરણ. પોલીસ વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર અને રાજકીય દબાણ સામે કાર્યવાહી. મહિલાઓની સુરક્ષા માટે ૧૦૯૦ અને ડાયલ ૧૧૨ સેવાઓ મજબૂત બનાવવી. ઝડપી ન્યાય માટે ફાસ્ટ ટ્રેક અદાલતોની વ્યવસ્થા.

ગામડાંના વિકાસથી લઈને પની સમાજવાદી કેન્ટીન સુધી. અખિલેશ યાદવે ગામડાં અને શહેરોમાં રસ્તા, પુલ, વીજળી, પાણી, ઈન્ટરનેટ, ગટર વ્યવસ્થા અને સ્ટ્રીટલાઈટ જેવી સુવિધાઓ પહોંચાડવાનું વચન આપ્યું છે.

આ ઉપરાંત ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે પમાં સંપૂર્ણ ભોજન પૂરું પાડતી સમાજવાદી કેન્ટીન શરૂ કરવાની જાહેરાત પણ કરવામાં આવી છે. કલાકારો, ખેલાડીઓ અને વિવિધ ક્ષેત્રોમાં પ્રતિભાશાળી લોકોને પ્રોત્સાહન આપવા 'યશ ભારતી સન્માન' ફરી શરૂ કરવાની વાત કરવામાં આવી છે. ચૂંટણી ઢંઢેરો જાહેર કરતી વખતે અખિલેશ યાદવે ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'અચ્છે દિન તો ક્યારેય આવ્યા નહીં, પરંતુ હવે ખરાબ દિવસો જવાના છે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, સમાજવાદી પાર્ટીએ અગાઉ પણ પોતાના ચૂંટણી વચનો પૂરા કર્યા છે અને આગામી સમયમાં PDAના સામાજિક ન્યાયના એજન્ડાને આગળ વધારશે.

હવે ઉત્તર પ્રદેશની આગામી વિધાનસભા ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીના આ વાયદાઓ મતદારોને કેટલા આકર્ષે છે અને ભાજપ સહિતના વિરોધી પક્ષો તેનો કેવો જવાબ આપે છે તે જોવું રસપ્રદ રહેશે.

ચાર એશિયન દેશોમાં સર્વર સપ્લાય અટકાવાઈ

Nvidiaની નવી નિકાસ નીતિથી ચીનની AI દોડને ઝટકો



(સંપૂર્ણ સમાચાર સેવા)

સિંગાપોર, તા.૨૬

અમેરિકાની અગ્રણી ચિપ કંપની Nvidiaએ દક્ષિણ-પૂર્વ એશિયાના ચાર દેશોમાં તેના અદ્યતન સર્વર મોકલવા પર રોક લગાવી હોવાના અહેવાલથી વૈશ્વિક AI ઉદ્યોગમાં હલચલ મચી છે. અહેવાલો અનુસાર, Nvidiaએ પોતાના મેન્યુફેક્ચરિંગ પાર્ટનર્સ Dell અને Supermicro મલેશિયા, સિંગાપોર, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયાના કેટલાક ગ્રાહકો માટે સર્વર શિપમેન્ટ મંજૂર ન કરવા જણાવ્યું છે.

આ નિર્ણય પાછળ ચીનની AI કંપનીઓ સુધી અદ્યતન કમ્પ્યુટિંગ ટેક્નોલોજીની પહોંચ મર્યાદિત કરવાની અમેરિકાની નીતિને મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. આ ચાર દેશો મારફતે ચીનની કેટલીક કંપનીઓ Nvidiaની શક્તિશાળી ચિપ્સ ધરાવતા સર્વર અને ક્લાઉડ કમ્પ્યુટિંગ ક્ષમતાનો ઉપયોગ કરતી હોવાના અહેવાલ છે.

હાલ આ રોક કેટલા સમય સુધી રહેશે તે અંગે સ્પષ્ટતા નથી. Nvidia અને તેના પાર્ટનર્સ અમેરિકાના બદલાતા નિકાસ નિયમોને ધ્યાનમાં રાખીને પોતાની સપ્લાય વ્યવસ્થામાં ફેરફાર કરી રહ્યા છે.

અમેરિકાએ અગાઉ Nvidiaની કેટલીક અદ્યતન ચિપ્સની ચીનમાં નિકાસ પર નિયંત્રણો લાદ્યા હતા. ત્યારબાદ ચીનની કેટલીક AI કંપનીઓએ સીધી ચિપ ખરીદીના બદલે વિદેશી ડેટા સેન્ટર અને ક્લાઉડ પ્રોવાઈડર્સ મારફતે કમ્પ્યુટિંગ શક્તિ મેળવવાનો રસ્તો અપનાવ્યો હતો.

દક્ષિણ-પૂર્વ એશિયાના ડેટા સેન્ટર્સ આ વ્યવસ્થામાં મહત્વપૂર્ણ બન્યા હતા. હવે સર્વર શિપમેન્ટ પર નિયંત્રણ આવવાથી ચીનની AI કંપનીઓ માટે આ વૈકલ્પિક માર્ગ પણ મુશ્કેલ બની શકે છે.

નવા નિયંત્રણોની અસર દક્ષિણ-પૂર્વ એશિયામાં ચાલી રહેલા AI અને ડેટા સેન્ટર પ્રોજેક્ટ્સ પર પણ પડી શકે છે. અહેવાલ મુજબ, સિંગાપોરની ક્લાઉડ કંપની Aolani દ્વારા TikTokની પેરેન્ટ કંપની ByteDanceને અદ્યતન કમ્પ્યુટિંગ ક્ષમતા ઉપલબ્ધ કરાવવાની યોજના પણ અનિશ્ચિતતામાં આવી છે.

સર્વર સપ્લાયમાં અડચણને પગલે પ્રોજેક્ટ માટે આશરે ૫૦૦ મિલિયન ડોલરની ક્રેડિટ આપવા અંગે વિચારતા કેટલાક બેક્કર્સ પાછળ હટી ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ByteDance પણ આ સોદા અંગે પુનર્વિચાર કરી શકે છે.

અમેરિકાના કોમર્સ વિભાગે ક્લાઉડ કમ્પ્યુટિંગ સેવાઓના સંભવિત દુરુપયોગને રોકવા માટે નવા નિયમો રજૂ કર્યા છે. ક્લાઉડ પ્રોવાઈડર્સને પોતાના અંતિમ ગ્રાહકોમાં પ્રતિબંધિત સંસ્થાઓ સામેલ ન હોવાની ખાતરી માટે લાઈસન્સ પ્રક્રિયાનો સામનો કરવો પડશે.

આ નવા નિયમોના અમલીકરણ અંગે ઉદ્યોગમાં હજુ કેટલીક મૂંઝવણ હોવાનું પણ અહેવાલોમાં જણાવાયું છે. Nvidiaએ સમગ્ર મામલે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે.

મુંબઈ પોલીસનો CJP નેતાઓ પર સકંજા : અભિજીત દીપકે અને આશુતોષ રાંકા સામે LOC જાહેર

આ પ્રદર્શનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૬

મુંબઈ પોલીસે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સામે મોટી કાર્યવાહી કરતાં પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે અને સહ-સંયોજક આશુતોષ રાંકા વિરુદ્ધ લુકઆઉટ સર્કયુલર (LOC) જાહેર કર્યું છે. આ પહેલાં પાર્ટીના અન્ય સહ-સંયોજક સૌરવ દાસ સામે પણ LOC જાહેર કરવામાં આવ્યો હતો. દાદરના શિવાજી પાર્કમાં મંજૂરી વિના યોજાયેલા વિરોધ પ્રદર્શનના મામલે પોલીસે આ કાર્યવાહી કરી છે.

મળતી માહિતી અનુસાર, ૨ ઓક્ટોબર એટલે કે ગાંધી જયંતીના દિવસે CJP દ્વારા મુંબઈના શિવાજી પાર્કમાં 'ચલો મુંબઈ' નામે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરવામાં આવી હતી.

આ મામલે પોલીસે CJPના અભિજીત દીપકે, પ્રણવ આહિરે, આશુતોષ રાંકા, અજિંક્ય શિંદે, સૌરવ દાસ સહિત અન્ય નેતાઓનાં નામ FIRમાં સામેલ કર્યા છે. આ ઉપરાંત ૪૦૦થી વધુ સમર્થકોને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. પોલીસે ગેરકાયદેસર રીતે એકઠા થવા અને જાહેર સ્થળે સૂત્રોચ્ચાર કરવાના આરોપ હેઠળ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૮૯ અને ૨૨૩ તથા મહારાષ્ટ્ર પોલીસ અધિનિયમની કલમ ૩૭ અને ૧૩૫ હેઠળ ગુનો નોંધ્યો છે.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, આરોપીઓ દેશ છોડીને ન જતા રહે તે આશંકાને ધ્યાનમાં રાખીને LOC જાહેર કરવામાં આવ્યા છે. આ પહેલાં ૨૨ અને ૨૩ નવેમ્બરની મધરાતે સૌરવ દાસ સામે પણ આવી કાર્યવાહી કરવામાં આવી હતી.

૨૩ નવેમ્બરે સૌરવ દાસ લંડન જવા માટે દિલ્હી એરપોર્ટ પહોંચ્યા હતા, ત્યારે તેમને રોકવામાં આવ્યા હતા. તેઓ બ્રિટનમાં ઓક્સફર્ડ યુનિવર્સિટી સહિતની સંસ્થાઓમાં કાર્યક્રમોમાં ભાગ લેવા જવાના હતા. આ કાર્યવાહી બાદ તેમણે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. ૨૬ નવેમ્બરે કેન્દ્ર સરકારે કોર્ટને મુંબઈ પોલીસ દ્વારા LOC જાહેર કરવામાં આવ્યો હોવાની માહિતી આપી હતી. તેમના વકીલે LOCની વિગતો જાહેર કરવાની માગ કરી હતી, જોકે કોર્ટે આ માગ સ્વીકારી નહોતી.

આ કેસમાં સૌરવ દાસના પાસપોર્ટમાં જન્મસ્થળને લગતી કથિત વિસંગતતાઓનો મુદ્દો પણ સામે આવ્યો છે. ચેન્નાઈની પ્રાદેશિક પાસપોર્ટ કચેરીએ તેમને કારણદર્શક નોટિસ પાઠવીને સાત દિવસમાં જવાબ આપવા જણાવ્યું છે. હવે દિલ્હી હાઈકોર્ટમાં આ મામલે આગામી સુનાવણી ૯ ડિસેમ્બરે યોજાવાની છે. બીજી તરફ, અભિજીત દીપકે અને આશુતોષ રાંકા સામે LOC જાહેર થતાં CJPના નેતાઓની મુશ્કેલીઓ વધી શકે છે.

થિરુપરનકુંદરમ દીપમ વિવાદમાં તમિલનાડુ સરકાર સામે રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન

(સંપૂર્ણ સમાચાર સેવા)

કોલકાતા, તા.૨૬

તમિલનાડુના એક વિવાદિત ધાર્મિક સ્થળે દીપમ તહેવાર દરમિયાન દીવા ના પ્રગટાવવા બદલ તમિલનાડુ સરકારની ભારે ટીકા થઈ રહી છે. સુપ્રીમ કોર્ટે આ સ્થળે માન્ય ટીમને જ દીવા પ્રગટાવવાની છૂટ આપી હતી, જેનો અમલ ના થઈ શકવા બદલ તમિલનાડુ સરકારે માફી માંગી હતી સાથે જ મંદિર સંચાલકોને ટીમને મંજૂરી નહીં આપવા બદલ દોષિત ઠેરવ્યા હતા.

આ સમગ્ર મામલો તમિલનાડુના મદુરાઈમાં આવેલા થિરુપરનકુંદરમ પહાડ પર દીપાથૂન નામના એક ધાર્મિક સ્થળ સાથે જોડાયેલો છે. આ વિસ્તારમાં હઝરત સુલતાન સિકંદર દરગાહ આવેલી છે જ્યાંથી થોડે દૂર એક દીપાથૂન સ્તંભ આવેલો છે જેના પર દીપ પ્રાગટ્ય કરવા માટે હાઈકોર્ટમાં અરજી થઈ હતી, હાઈકોર્ટે તેને મંજૂર રાખી હતી માટે બાદમાં રાજ્ય સરકાર તેમજ મંદિર પ્રશાસન દ્વારા હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટે આ સ્થળે મર્યાદિત લોકો દ્વારા દીપ પ્રાગટ્યની છૂટ આપવામાં આવી હતી. જે માટે મંદિર પ્રશાસનની મંજૂરી લેવાની શરત મુકવામાં આવી હતી. જોકે દીપ પ્રાગટ્ય નહતું થઈ શક્યું, રાજ્ય સરકારે દાવો કર્યો હતો કે મંદિર પ્રશાસન દ્વારા કલેક્ટર દ્વારા તૈયાર ટીમને દીપ પ્રાગટ્ય માટે મંજૂરી નહતી આપી. બીજી તરફ આ મુદ્દે સુપ્રીમ કોર્ટે સુઓમોટો નોંધ લઈને કોર્ટના આદેશની અવમાનનાની કાર્યવાહી કરવાની ના પાડી દીધી હતી, સાથે જ કહ્યું હતું કે જો અવમાનના મુદ્દે અરજી કરવામાં આવશે તો તેની અમે સુનાવણી કરીશું. રાજ્ય સરકાર અને મંદિર પ્રશાસન મૂળ મંદિરની જગ્યાએ જ દીપ પ્રાગટ્ય કરવા કહી રહ્યા છે. હાલ આ મુદ્દે તમિલનાડુમાં વિવાદ સર્જાયો છે. આદેશનો અમલ ના થતા તમિલનાડુમાં હિન્દુ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે. કેટલાક સ્થળે પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું, દરમિયાન આશરે ૩૦૦ જેટલા ભાજપ કાર્યકર્તાઓ અને હિન્દુ સંગઠનના લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

PNGમાં શિફ્ટ થવા દરમિયાન પણ તમને LPG મળતો રહેશે, રસોઈ અટકશે નહીં

૯૦ દિવસની સમયમર્યાદા દરમિયાન અને PNG કનેકશન કાર્યરત થાય ત્યાં સુધી LPG પુરવઠો ચાલુ રહેશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

અમદાવાદ, તા.૨૬

દેશમાં પાઈપ્ડ નેચર ગેસ (PNG)નું નેટવર્ક વિસ્તૃત કરવાની દિશામાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલ અંતર્ગત LPGમાંથી PNG તરફ શિફ્ટ થવાની પ્રક્રિયા દરમિયાન ઘરેલું ગ્રાહકોને રસોઈ ગેસના પુરવઠામાં કોઈ વિક્ષેપ નહી પડે. ગ્રાહકોને મળતી સૂચના બાદ ૯૦ દિવસના પરિવર્તન સમયગાળા દરમિયાન તેમજ PNG કનેકશન કાર્યરત થાય ત્યાં સુધી LPGનો પુરવઠો ચાલુ રહેશે. આનાથી ગ્રાહકોને રોજિંદી રસોઈની જરૂરિયાતોને અસર કર્યા વિના PNG અપનાવવા પૂરતો સમય મળશે.

સરકારની આ પહેલનો ઉદ્દેશ PNG કનેક્ટિવિટીનો વિસ્તાર કરવા, દેશમાં ઉપલબ્ધ કુદરતી ગેસનો વધુ અસરકારક ઉપયોગ કરવા અને ભારતની ઉર્જા સુરક્ષાને વધુ મજબૂત કરવાનો છે. ૨૪ માર્ચ, ૨૦૨૬ ના રોજ જાહેર કરાયેલા નીતિગત માળખાનો હેતુ ગેસ પાઈપલાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને વેગ આપવો, મંજૂરી પ્રક્રિયાઓને સરળ બનાવવી અને અંતિમ ગ્રાહક સુધી ગેસ કનેક્ટિવિટી વધુ અસરકારક રીતે પહોંચાડવાનો છે.

પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (PNGRB) સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) નેટવર્કના વિસ્તરણને માર્ગદર્શન આપી રહ્યું છે. બીજી તરફ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) અને CGD કંપનીઓ ગ્રાહકો માટે LPGમાંથી PNGમાં શિફ્ટ થવાની પ્રક્રિયા સુચારુ રહે તે માટે સંકલન કરી રહી છે.


PNG દ્વારા ગ્રાહકોને પાઈપલાઈન મારફતે સતત ૨૪×૭ રસોઈ ગેસની સુવિધા મળે છે. પરિણામે વારંવાર LPG સિલિન્ડર બુક કરાવવા, તેની ડિલિવરીની રાહ જોવા કે સિલિન્ડર બદલવાની જરૂરિયાત રહેતી નથી. PNGનો વ્યાપ વધવાથી ભારતના સ્થાનિક કુદરતી ગેસ સંસાધનોનો વધુ સારો ઉપયોગ થઈ શકશે, આયાતી ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે અને દેશની ઊર્જા વ્યવસ્થા વધુ વૈવિધ્યસભર તથા મજબૂત બની શકશે.

જે વિસ્તારોમાં PNG ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ છે ત્યાં ગ્રાહકોને તેમની સંબંધિત OMC અથવા CGD કંપની તરફથી સૂચના કે સંદેશ મળ્યા બાદ PNG કનેકશન માટે અરજી કરવાની સલાહ આપવામાં આવી છે.

ગ્રાહકોને મળતી અધિકૃત સૂચનાને ધ્યાનમાં રાખીને વહેલી તકે PNG કનેકશન માટે અરજી કરવા તેમજ પોતાની OMC અથવા CGD કંપની દ્વારા આપવામાં આવતી સત્તાવાર માહિતી પર જ આધાર રાખવા જણાવાયું છે. ગ્રાહકોને અફવા કે ચકાસણી વગરની માહિતીથી દૂર રહેવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. ઘરેલુ ગ્રાહકોએ પોતાના સંબંધિત સેવા પ્રદાતાઓના સત્તાવાર સંદેશાવ્યવહાર પર જ આધાર રાખવો અને અફવાઓ કે ચકાસણી વગરની માહિતીને અવગણવી.

રશિયન એરબેઝ પર પાંચ ફાઈટર જેટને નુકસાનનો યુક્રેનનો દાવો

સવાસ્લેયકા એરબેઝ પર ત્રણ MiG-31 અને બે Su-34ને નિશાન બનાવ્યાનો દાવો; બીજી તરફ રશિયાએ કીવ પર બેલિસ્ટિક મિસાઇલ હુમલો કર્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)

કીવ, તા.૨૬

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ફરી એકવાર હુમલાઓની તીવ્રતા વધી છે. યુક્રેનના સૈન્યએ દાવો કર્યો છે કે તેણે રશિયાના નિઝની નોવગોરોડ વિસ્તારમાં આવેલા સવાસ્લેયકા એરબેઝને નિશાન બનાવીને પાંચ લડાકુ વિમાનોને નુકસાન પહોંચાડ્યું છે. યુક્રેનના જણાવ્યા મુજબ, હુમલામાં ત્રણ MiG-31 અને બે જે-૩૪ ફાઈટર જેટને નુકસાન થયું છે.

યુક્રેનના જનરલ સ્ટાફના જણાવ્યા અનુસાર, લાંબા અંતર સુધી પ્રહાર કરી શકે તેવા હથિયારોની મદદથી એરબેઝને નિશાન બનાવવામાં આવ્યું હતું. યુક્રેનનો દાવો છે કે નુકસાન પામેલા પાંચેય વિમાનોને હાલ ઓપરેશનમાંથી દૂર કરવાની જરૂર પડી શકે છે.

MiG-31 રશિયાની મહત્વપૂર્ણ ઈન્ટરસેપ્ટર કેટેગરીનું વિમાન છે અને તેનો ઉપયોગ હાઈપરસોનિક મિસાઈલ લોન્ચ કરવા માટે પણ થાય છે. Su-34 મુખ્યત્વે ફાઈટર-બોમ્બર તરીકે ઉપયોગમાં લેવાય છે.

જોકે, રશિયન સત્તાવાળાઓ તરફથી આ હુમલા અને પાંચ વિમાનોને થયેલા નુકસાન અંગે સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. તેથી યુક્રેનના દાવાની સ્વતંત્ર રીતે ચકાસણી થઈ શકી નથી.

આ દરમિયાન રશિયાએ યુક્રેનની રાજધાની કીવ પર બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કર્યો હોવાના અહેવાલ છે. કીવના મેયર વિતાલી ક્લિચકોના જણાવ્યા અનુસાર, મિસાઈલ હુમલામાં એક શોપિંગ સેન્ટર સહિત અનેક ઈમારતોને નુકસાન થયું હતું.

હુમલા બાદ શહેરના વિવિધ વિસ્તારોમાં ધડાકા સંભળાયા હતા અને લોકોને સુરક્ષિત સ્થળો તથા બંકરોમાં આશરો લેવા અપીલ કરવામાં આવી હતી.

કેટલાક લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે, જેમાં એક વ્યક્તિની સ્થિતિ ગંભીર હોવાનું જણાવાયું છે.

યુદ્ધ વચ્ચે અમેરિકાએ યુક્રેનને F-16 લડાકુ વિમાનોની જાળવણી અને સમારકામ માટે જરૂરી સાધનો તથા સેવાઓના સંભવિત વેચાણને મંજૂરી આપવાની પ્રક્રિયા આગળ ધપાવી છે. આ સોદાની અંદાજિત કિંમત ૬૨૧.૯ મિલિયન ડોલર હોવાનું જણાવાયું છે.

આ મદદથી યુક્રેન પોતાના F-16 વિમાનોને ઓપરેશનલ સ્થિતિમાં જાળવી રાખવાની ક્ષમતા વધારી શકે છે.

આમ, બંને તરફથી સૈન્ય દબાણ વધતા રશિયા-યુક્રેન યુદ્ધ વધુ ઉગ્ર બનવાના સંકેતો મળી રહ્યા છે.

ડોકલામ નજીક ચીનની નવી હિલચાલથી ભારતની ચિંતા વધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

પશ્ચિમ ભૂટાન, તા.૨૬

ભારતના વ્યૂહાત્મક હિતો સાથે જોડાયેલા ડોકલામ વિસ્તારમાં ચીનની ગતિવિધિઓને લઈને નવી ચિંતા ઊભી થઈ છે. ભૂટાનની તોર્સા નદી ખીણમાં જમીન સાફ કરવામાં આવી હોવાના સેટેલાઈટ દશ્યો સામે આવ્યા છે. ૧૯ નવેમ્બર, ૨૦૨૬ની સેટેલાઈટ તસવીરોમાં ત્રણ અલગ-અલગ સ્થળોએ જમીન સાફ કરાયેલી જોવા મળી છે. આ ગતિવિધિઓ પાછળ ચીનનો શું હેતુ છે તે હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ સંભવિત બાંધકામની આશંકા વ્યક્ત થઈ રહી છે.

પ્રારંભિક અનુમાન મુજબ આ પ્રવૃત્તિ ડોકલામની પશ્ચિમ તરફ હોવાની આશંકા હતી, પરંતુ નવી સેટેલાઈટ તસવીરોમાં તેનું સ્થાન ડોકલામની પૂર્વમાં હોવાનું સૂચવાયું છે. આ વિસ્તાર ભૂટાનના પશ્ચિમ ભાગમાં આવેલો છે અને ભારત, ભૂટાન તથા ચીનની વ્યૂહાત્મક સરહદોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.

સેટેલાઈટ તસવીરોમાં ત્રણ સ્થળોએ જમીન સાફ કરવામાં આવી હોવાનું જણાય છે. જોકે, અહીં રસ્તા, લશ્કરી મથક કે અન્ય કોઈ બાંધકામ થવાનું છે કે નહીં તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ચીન પર ભૂટાનના વિવાદિત વિસ્તારોમાં ગામડાં અને વસાહતો વિકસાવવાનો આરોપ લાગતો રહ્યો છે. ડિસેમ્બર ૨૦૨૪ના એક અહેવાલ મુજબ, ભૂટાનના વિવાદિત વિસ્તારોમાં ચીન દ્વારા આશરે ૨૨ ગામડાં અને વસાહતો વિકસાવવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. તેમાંથી આઠ ડોકલામની નજીક હોવાનું જણાવાયું હતું.

ડોકલામ ભારત, ભૂટાન અને ચીનની સરહદ નજીક આવેલો વ્યૂહાત્મક વિસ્તાર છે. વર્ષ ૨૦૧૭માં અહીં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે લાંબો સામસામેનો તણાવ સર્જાયો હતો. આ વિસ્તાર ભારતના સિલિગુડી કોરિડોરની સુરક્ષાની દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ છે. સિલિગુડી કોરિડોર ભારતના મુખ્ય ભૂભાગને પૂર્વોત્તર રાજ્યો સાથે જોડતો સાંકડો ભૂભાગ છે.

તોર્સા ખીણમાં જમીન સાફ કરવાની નવી પ્રવૃત્તિ પાછળનો હેતુ હજુ અજાણ છે. જો અહીં મોટા પાયે બાંધકામ શરૂ થાય તો ભૂટાનની પ્રાદેશિક સુરક્ષા અને ભારત-ચીનના વ્યૂહાત્મક સંબંધો પર તેની અસર પડી શકે છે. હાલ આ સેટેલાઈટ તસવીરોના આધારે કોઈ લશ્કરી બાંધકામની પુષ્ટિ થઈ નથી, પરંતુ ડોકલામ નજીકની ગતિવિધિઓ પર ભારતની નજર રહેવાની શક્યતા છે.

કૈરોમાં ટેન્કર અકસ્માતે મચાવી ભારે તબાહી

ઈજિપ્તમાં ઓઈલ ટેન્કર પલટાતાં ભીષણ આગ, ૩૧નાં મોત

કૈરોના ગીચ વસ્તીવાળા હાઈવે પર ટેન્કરમાં આગ લાગતાં ૨૪થી વધુ વાહનો બળીને ખાક, ઘટનાસ્થળે બચાવ કાર્યમાં જોડાયેલા કર્મીઓએ કારમાંથી લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

કૈરો, તા.૨૬

મિસ્રની રાજધાની કૈરો (કાહિરા)માં બુધવારે મુખ્ય હાઈવે પર ઓઈલ ટેન્કર પલટી જતાં ભીષણ આગ લાગવાની ઘટના બની છે. આ આગના કારણે આસપાસનાં ઘણાં વાહનો તેની ચપેટમાં આવી ગયાં અને ભારે તબાહીનાં દૃશ્યો સર્જાયાં હતાં. આ દુર્ઘટનામાં ૩૧ લોકોનાં મોત થયાં હોવાના અહેવાલ છે, જ્યારે ૨૧ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, રાજધાની કૈરોને ચારે તરફથી જોડતા મુખ્ય રિંગરોડ પર લાગેલી આ આગમાં ૨૪થી વધુ કાર અને ટુ-વ્હીલર બળીને ખાક થઈ ગયાં હતાં. આ દુર્ઘટના ગ્રેટર કૈરોના ગીઝા પ્રાંતના ગીચ વસ્તી ધરાવતા વર્કાક વિસ્તારના હાઈવે પર સર્જાઈ હતી. ઘટનાસ્થળે બચાવ અને રાહતકાર્યમાં જોડાયેલા કર્મીઓએ કારમાંથી લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ભારે જહેમત બાદ સ્થાનિક ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો. મિસ્રના પ્રમુખે આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કરી પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે, ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે DNA ટેસ્ટ સહિતની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે મૃત્યુઆંક હજુ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, મિસ્રમાં દર વર્ષે માર્ગ દુર્ઘટનાઓમાં હજારો લોકોનાં મૃત્યુ થાય છે અને દેશનો માર્ગ સલામતીનો રેકોર્ડ ઘણો નબળો છે.

આ દુર્ઘટનાઓ વધવા પાછળ પૂરઝડપે વાહન ચલાવવું, ખરાબ રસ્તાઓ અને ટ્રાફિકના નિયમોનો કડક અમલ ન થવો જેવાં કારણો જવાબદાર છે. આ જ વર્ષે જાન્યુઆરીમાં મિસ્રના બેની સુએફ નજીક થયેલા એક માર્ગ અકસ્માતમાં ઘણાં વાહનો વચ્ચેની ટક્કરમાં ૨૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ઈજિપ્તે તેની જૂની, સાંકડી શેરીઓમાં આવી અનેક જીવલેણ આગની ઘટનાઓ જોઈ છે.

ફાયર એસ્કેપ, સ્મોક ડિટેક્ટર અને ફાયર એલાર્મ જેવા સલામતી માળખાનો ગંભીર અભાવ છે. ઘણા વિસ્તારોમાં, શેરીઓ સાંકડી હોવાથી ફાયર એન્જિનો માટે ઘટનાસ્થળે પહોંચવું ખૂબ મુશ્કેલ બને છે. અહીં માર્ગ અકસ્માતો પણ ખૂબ સામાન્ય છે; ઈજિપ્તની એક સરકારી એજન્સી અનુસાર, ગયા વર્ષે દેશભરમાં માર્ગ અકસ્માતોમાં આશરે ૬,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા.

ઈન્ડોનેશિયાના વેસ્ટ જાવા પ્રાંતમાં સોનાની ખાણમાં પાણી ભરાતાં ૮ શ્રમિકોનાં મોત, ૧૮થી વધુ ફસાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈન્ડોનેશિયા, તા.૨૬

ઈન્ડોનેશિયાના વેસ્ટ જાવા પ્રાંતમાં આવેલી એક સોનાની ખાણમાં ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. મૂશળધાર વરસાદના કારણે ૧૦૦ મીટર (૩૨૮ ફૂટ) ઊંડી ખાણમાં પાણી ભરાઈ જતાં ૮ કામદારોના મોત થયા છે, જ્યારે ૧૮ જેટલા શ્રમિકો હજુ પણ અંદર ફસાયેલા હોવાની આશંકા છે. ઘટનાની જાણ થતાં જ સર્ચ એન્ડ રેસ્ક્યૂ એજન્સી દ્વારા મોટા પાયે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

રાજધાની જેકારતાથી આશરે ૬૦ કિલોમીટર દૂર બોગોરના પૌંગકોર પહાડી વિસ્તારમાં સોમવારથી આ દુર્ઘટના સર્જાઈ હતી. સતત પડી રહેલા ધોધમાર વરસાદને કારણે ખાણની મુખ્ય શાફ્ટમાં પાણી ભરાઈ ગયા હતા. અંદર ફસાયેલા શ્રમિકો સુધી પહોંચવા માટે સુરક્ષા દળો અને બચાવ ટુકડીઓ દ્વારા પંપ મૂકીને પાણી બહાર કાઢવાની કામગીરી ઝડપથી ચલાવવામાં આવી રહી છે.

જેકારતા સર્ચ એન્ડ રેસ્ક્યૂ ઓફિસના વડા દેસિયાના કાર્તિકા બહારીના જણાવ્યા અનુસાર, ખાણની ઊંડાઈ વધુ હોવાની સાથે તેનો પ્રવેશદ્વાર ખૂબ જ સાંકડો છે. ઉપરાંત, ભારે વરસાદના કારણે રસ્તો અત્યંત લપસણો બની ગયો છે અને અંદર પૂરતું અંધારું હોવાથી રેસ્ક્યૂકર્મીઓ માટે કામગીરી કરવી અત્યંત જોખમી અને પડકારજનક બની રહી છે.

વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

ટીવીએસ જ્યુપિટર એક કરોડના આંકડા સુધી પહોંચનારી સૌથી યુવા ઓટોમોટિવ બ્રાન્ડ બની

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સુરત, તા.૨૬



ટીવીએસ મોટર કંપનીએ આજે તમિલનાડુના હોસુર ખાતે આવેલા પોતાના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાંથી ટીવીએસ જ્યુપિટરના ૧ કરોડમાં યુનિટનું ઉત્પાદન પૂરું થવાની જાહેરાત કરી છે. આ સાથે જ, ટીવીએસ જ્યુપિટર ૧ કરોડના સંચિત ઉત્પાદનનો આંકડો પાર કરનારી ભારતની સૌથી ઝડપી અને સૌથી યુવા સ્કૂટર બ્રાન્ડ બની છે.

આ સિદ્ધિ અંગે ટીવીએસ મોટર કંપનીના પીપલ મોબિલિટી, ઈન્ડિયા 2W બિઝનેસના સીનિયર વાઇસ પ્રેસિડેન્ટ અનિરુદ્ધ હલ્દરે જણાવ્યું હતું કે, 'ઝ્યાદા'ના વિચાર સાથે ટીવીએસ જ્યુપિટર આ બદલાતા ભારત અને તેની વધતી જતી આકાંક્ષાઓનું પ્રતીક બની રહ્યું છે. ટીવીએસ જ્યુપિટર ૧ કરોડ ભારતીયોની રોજિંદી મુસાફરીનો હિસ્સો બન્યું છે અને તેમના જીવનમાં ખુશીઓ લાવ્યું છે. મને વિશ્વાસ છે કે ભારત સતત પ્રગતિ કરી રહ્યું છે અને નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે ત્યારે અમારી વિકાસયાત્રામાં આવી અનેક સિદ્ધિઓ આવશે.'

છેલ્લાં ૧૩ વર્ષમાં ટીવીએસ જ્યુપિટરે વિકસતા ભારતની સાથે વિકાસ સાધ્યો છે અને સમગ્ર દેશના પરિવારોની રોજિંદી અવરજવરનો અભિન્ન હિસ્સો બની ગયું છે. વર્ષ ૨૦૧૩માં ઝ્યાદા કા ફાયદાના વિચાર સાથે રજૂ થયેલી આ બ્રાન્ડે લોકોને વધુ આપવાના અભિગમ સાથે રોજિંદી અવરજવરની વ્યાખ્યા જ બદલી નાખવાનો ઉદ્દેશ રાખ્યો હતો. આજે પણ ટીવીએસ જ્યુપિટર વધુ સારું પરફોર્મન્સ, વધુ માઈલેજ, વધુ આરામ અને વધુ સગવડ આપે છે. ભારતનો વધતા આત્મવિશ્વાસ, આકાંક્ષાઓ અને પરિવહનની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ તે ઝ્યાદાના પોતાના સંકલ્પને વધુ દૃઢ બનાવી રહ્યું છે.

મજૂરના દીકરા ભૂષણ ઠાકરે KBCમાં જીત્યા એક કરોડ રૂપિયા

મહારાષ્ટ્રના જલગાંવના ભૂષણ ક્યારેક માત્ર ૨૪ રૂપિયા લઈને ઘરેથી નીકળ્યા હતા, આજે બન્યા કરોડપતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૬

'લહેરો સે ડરકર નૌકા પાર નહીં હોતી, કોશિશ કરને વાલો કી હાર નહીં હોતી.' પોતાની જીદથી પરિસ્થિતિ બદલી નાખનારાઓ પર કવિ સોહનલાલ દ્વિવેદીની આ પંક્તિઓ બિલકુલ બંધબેસે છે અને મુશ્કેલથી મુશ્કેલ સમયમાં પણ હિંમત ન હારનારા એવા જ એક મક્કમ વ્યક્તિ છે મહારાષ્ટ્રનાં જલગાંવના ભૂષણ ઠાકરે. પોતાના ગામ બલવાડીમાં માતા-પિતાને છૂટક મજૂરી કરતાં જોઈને મોટા થયેલાં ભૂષણનું એક જ સપનું હતું કે એક દિવસ તેઓ પોતાના ઘરની સ્થિતિ બદલે અને જાણીતાં ટીવી શો કૌન બનેગા કરોડપતિ ૧૮ માં એક કરોડ રૂપિયા જીતીને તેમણે આ સપનું સાકાર કરી બતાવ્યું.

અમિતાભ બચ્ચન જેનું સંચાલન કરી રહ્યા છે તેવા કેબીસીની આ સીઝનના તેઓ પહેલા કરોડપતિ છે. પોતાના પરિવારનું ખરેખર 'ભૂષણ' એટલે કે ઘરેણાં સાબિત થયેલાં ભૂષણ જણાવે છે, 'અમે બાળપણથી માત્ર મુશ્કેલીઓ, પડકારો અને આર્થિક તંગી જ જોઈ છે. માતા-પિતાએ બીજાના ખેતરોમાં રોજમદારી કરીને મને અને મારા નાના ભાઈને ભણાવ્યા-ગણાવ્યા. મને ખૂબ દુઃખ થતું હતું કે પિતાજી ૫૫ વર્ષની ઉંમરે ૨૦-૨૨ વર્ષના જુવાન છોકરાઓ જેટલી મહેનત કરે છે, કારણ કે જો તેઓ વધુ કામ નહીં કરે તો લોકો કામ નહીં આપે. છેલ્લા ૩-૪ વર્ષોમાં ભાગ્યે જ તેમણે કોઈ નવા કપડાં લીધાં હશે. હંમેશા ડાઘ લાગેલા જૂના કપડાં જ પહેરતા રહ્યા. પિતાજીની આ હાલત જોઈને રડવું આવતું હતું કે તેમનો જુવાન દીકરો ઘરે બેઠો છે, છતાં તેમની મદદ નથી કરી રહ્યો; પરંતુ પિતાજીનું કહેવું હતું કે હું મારા અભ્યાસ પર જ ધ્યાન આપું. તેથી, હું અભ્યાસ અને કેબીસીની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરતો રહ્યો.'

દોઢ વર્ષ પહેલાં ભૂષણે એ જીદ સાથે પોતાનું ઘર છોડી દીધું કે જ્યાં સુધી કંઈક બની નહીં જાય, ત્યાં સુધી ઘરે પાછા નહીં ફરે. તે સમયે તેમના ખિસ્સામાં માત્ર ૨૪ રૂપિયા હતા. ભૂષણે કહ્યું કે, 'મેં ઘરે કહી દીધું હતું કે જ્યાં સુધી હું કંઈક કરી નહીં લઉં ત્યાં સુધી ઘરે પાછો નહીં આવું, પરંતુ ક્યારેક-ક્યારેક ડર પણ લાગતો હતો કે ખરેખર કંઈક કરી પણ શકીશ કે નહીં. જ્યારે કે, આટલા મોટા શોમાં અમિતાભ બચ્ચનજીની સામે બેસવાનું સપનું જોવું પણ મારા જેવા આર્થિક રીતે નબળા પરિવારના છોકરા માટે ખૂબ મોટી વાત છે. પરંતુ હું હંમેશાથી આશાવાદી રહ્યો છું. આ જ આશાવાદ કામ આવ્યો.'

જીતના પૈસાનું ભૂષણ શું કરશે? આ પૂછવા પર તેઓ જણાવે છે, 'પહેલાં તો હું તેમને કોઈ એવી જગ્યાએ રોકાણ કરવા ઇચ્છીશ, જ્યાંથી દર મહિને આવક થતી રહે. તે સિવાય, મારી માતાએ જ્યારે સોનું સસ્તું હતું, ત્યારે પપ્પાની કમાણીમાંથી થોડું-થોડું બચાવીને ૨૦-૨૫ ગ્રામ સોનું ભેગું કર્યું હતું. તે પણ મારા અભ્યાસ અને હોસ્ટેલની જરૂરિયાતોમાં ખર્ચ થઈ ગયું, તો હું માતા માટે સોનાના ઘરેણાં ખરીદીશ.' કૌન બનેગા કરોડપતિ ભૂષણ માટે હંમેશા એક આશાની જ્યોત જેવું રહ્યું છે. તેઓ જણાવે છે, 'મને યુપીએસસી કરતાં વધુ આશા કેબીસીથી હતી. હું મનોમન કલ્પના કરતો હતો અને વિશ્વાસ રાખતો હતો કે હું કરોડપતિ બની જઈશ. મેં દસ વર્ષ આ દિવસની રાહ જોઈ છે. ૨૦૧૬ માં ૧૮ વર્ષનો થયો અને કેબીસીમાં રજિસ્ટ્રેશન કરવા માટે લાયક બન્યો. ત્યારથી સતત પ્રયત્ન કરી રહ્યો હતો. ૨૦૨૦ સુધી તો મને ઓડિશન માટે કોલ પણ ન આવ્યો. પછી ૨૦૨૧ થી લઈને ૨૦૨૫ સુધી કોલ આવ્યા, પણ પસંદગી ન થઈ. આ વર્ષે પસંદગી થઈ અને હું કરોડપતિ પણ બની ગયો.'



રિલીઝ પહેલાં જ 'ઈથા'એ રચ્યો નવો રેકોર્ડ

શ્રદ્ધા કપૂરની 'ઈથા'ના ગીતે એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં મેળવ્યું સ્થાન

'જી જી રે જી' ગીતના હૂક સ્ટેપ પર સેંકડો મહિલાઓએ એકસાથે લાવણી રજૂ કરી રચ્યો અનોખો રેકોર્ડ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રિલીઝ પહેલાં જ શ્રદ્ધા કપૂરની 'Eetha'નો મોટો ધમાકો! એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં મેળવ્યું સ્થાન, વાંચો વિગતે. બોલિવૂડ અભિનેત્રી શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મ ઈથા રિલીઝ થાય તે પહેલાં જ ચર્ચામાં આવી ગઈ છે. ફિલ્મે પડદા પર આવતાં પહેલાં જ એક અનોખી સિદ્ધિ પોતાના નામે કરી છે. ફિલ્મના પ્રથમ ગીત જી જી રે જીના હૂક સ્ટેપ પર સેંકડો મહિલાઓએ એકસાથે લાવણી નૃત્ય કરીને એવો રેકોર્ડ બનાવ્યો કે તેનું નામ સીધું એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં નોંધાઈ ગયું.

બોલિવૂડ અભિનેત્રી શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મ 'ઈથા' રિલીઝ થાય તે પહેલાં જ ચર્ચામાં આવી ગઈ છે. ફિલ્મે પડદા પર આવતાં પહેલાં જ એક અનોખી સિદ્ધિ પોતાના નામે કરી છે. ફિલ્મના પ્રથમ ગીત 'જી જી રે જી'ના હૂક સ્ટેપ પર સેંકડો મહિલાઓએ એકસાથે લાવણી નૃત્ય કરીને એવો રેકોર્ડ બનાવ્યો કે તેનું નામ સીધું 'એશિયા બુક ઓફ રેકોર્ડ્સ'માં નોંધાઈ ગયું. હવે સવાલ એ છે કે આ રેકોર્ડ પાછળ ખાસ શું છે?

શ્રદ્ધા કપૂરની ફિલ્મ 'ઈથા'ના પ્રમોશન દરમિયાન એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મહિલાઓના વિશાળ સમૂહે ફિલ્મના ગીત 'જી જી રે જી'ના હૂક સ્ટેપને લાવણીની પરંપરાગત શૈલીમાં એકસાથે રજૂ કર્યો હતો. લગભગ ૧ મિનિટ સુધી ચાલેલા આ નૃત્યમાં મહિલાઓએ શાનદાર તાલમેલ અને ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ અનોખી રજૂઆતને કારણે ફિલ્મના ગીતનું નામ 'એશિયા બુક ઓફ રેકોર્ડ્સ'માં સામેલ કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં શ્રદ્ધા કપૂરનો પરંપરાગત અંદાજ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. અભિનેત્રીએ ઘેરા લીલા રંગની ૯ ગજની નવવારી સાડી પહેરી હતી. સાથે પરંપરાગત ઘરેણાં અને કોલ્હાપુરી ચંપલમાં તેનો લુક ખાસ જોવા જેવો હતો. શ્રદ્ધાએ માત્ર મહિલાઓ સાથે તસવીરો જ પડાવી નહોતી, પરંતુ મંચ પર પોતાના ગીતનું હૂક સ્ટેપ પણ રજૂ કર્યું હતું. તેના લાવણી અંદાજે કાર્યક્રમમાં હાજર લોકોનો ઉત્સાહ વધારી દીધો હતો. આ પ્રસંગે 'એશિયા બુક ઓફ રેકોર્ડ્સ'ના અધિકારીઓએ શ્રદ્ધા કપૂર, દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકર અને ફિલ્મની ટીમને પ્રમાણપત્રો તથા સુવર્ણ ચંદ્રકો આપીને સન્માનિત કર્યા હતા. 'ઈથા'ના ગીત 'જી જી રે જી' માટે શ્રદ્ધા કપૂરે કેટલી મહેનત કરી છે તેનો ખુલાસો પણ દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકર કરી ચૂક્યા છે.

અહેવાલો અનુસાર, ગીતના રિહર્સલ દરમિયાન શ્રદ્ધાએ દરેક પગમાં ૪ કિલોગ્રામ વજનનાં ઘૂંઘરુ બાંધ્યાં હતાં. સતત અભ્યાસ અને ભારે ઘૂંઘરુના કારણે તેના પગમાં સોજો આવી ગયો હતો અને સ્નાયુમાં ઈજા પણ થઈ હતી. આ મુશ્કેલીને કારણે અભિનેત્રીને લગભગ ૧ મહિના સુધી આરામ કરવો પડ્યો હતો. ગીતની કોરિયોગ્રાફી જાણીતી કોરિયોગ્રાફર વૈભવી મર્ચન્ટે કરી છે. શ્રદ્ધાની આ મહેનત હવે ગીતની ચર્ચા સાથે ફિલ્મના પ્રમોશનને પણ નવી ઊંચાઈ આપી રહી છે. લક્ષ્મણ ઉતેકરના નિર્દેશનમાં બનેલી 'ઈથા' મહારાષ્ટ્રની જાણીતી લાવણી અને તમાશા કલાકાર વિઠાબાઈ ભાઉ માંગ નારાયણ ગાંવકરના જીવનથી પ્રેરિત છે. ફિલ્મમાં શ્રદ્ધા કપૂર વિઠાબાઈની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મમાં શ્રદ્ધા ઉપરાંત રણદીપ હુડા, સિદ્ધાર્થ જાધવ અને ઝીશાન અય્યુબ જેવા કલાકારો પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું પ્રથમ ગીત 'જી જી રે જી' ૧૭ નવેમ્બરે રિલીઝ થયું હતું અને તેને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે.

પાકિસ્તાની વેબ સિરીઝની ભારતમાં રિલીઝનો વિરોધ

ફવાદ ખાન-માહિરા ખાનની સિરીઝ રોકવા PM મોદીને લખાયો પત્ર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન (AICWA) એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને આગામી પાકિસ્તાની વેબ સિરીઝ 'બચ્ચે હૈં સંગ સમેટ લો'ની ભારતમાં રિલીઝ અટકાવવાની માંગ કરી છે. આ સિરીઝ 4 ડિસેમ્બરના રોજ ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થવાની છે. એસોસિએશને ભારતમાં તમામ પ્રકારનાં પાકિસ્તાની કન્ટેન્ટ પર કાયમી પ્રતિબંધ મૂકવાની પણ રજૂઆત કરી છે. આ વેબ સિરીઝમાં ફવાદ ખાન, માહિરા ખાન, હાનિયા આમિર અને સમન અન્સારી સહિતના જાણીતા પાકિસ્તાની કલાકારો સામેલ છે.

AICWAએ પોતાના પત્રમાં જણાવ્યું છે કે, આમાંથી કેટલાક કલાકારોએ તણાવના સમયમાં ભારત વિરુદ્ધ નિવેદનો આપ્યા હતા. પત્રમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ કલાકારો આતંકવાદને પ્રોત્સાહન આપતા દેશના છે, જેઓ ક્યારેય ભારતનું ભલું ઈચ્છશે નહીં. એસોસિએશને યાદ અપાવ્યું કે પુલવામા હુમલા બાદ તેમણે પાકિસ્તાની કલાકારોના ભારતમાં કામ કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. આ ઉપરાંત, પહેલગામ હુમલા બાદ ભારત સરકારે પણ પાકિસ્તાની કલાકારો અને કન્ટેન્ટ પર નિયંત્રણો લાદ્યા હતા.

8 મે, 2025ના રોજ માહિતી અને પ્રસારણ મંત્રાલયે તમામ ઓટીટી પ્લેટફોર્મ અને સ્ટ્રીમિંગ સેવાઓને પાકિસ્તાની વેબ સિરીઝ, ગીતો અને પોડકાસ્ટનું પ્રસારણ બંધ કરવા એડવાઈઝરી જાહેર કરી હતી. AICWAના પ્રમુખ સુરેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ સિરીઝની રિલીઝ સરકારની એડવાઈઝરીની ભાવના વિરુદ્ધ છે. તેમણે ભારતમાં પાકિસ્તાની કન્ટેન્ટ દર્શાવવા સામે કડક કાયદો અને દંડની જોગવાઈ કરવાની માંગ કરી છે. સાથે જ તેમણે નેટફ્લિક્સ અને અન્ય સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સને સોશિયલ મીડિયા પર જાહેરાત કરીને પાકિસ્તાની કાર્યક્રમો નહીં દર્શાવવાની અપીલ કરી છે.

સાઈ પલ્લવીની રુદ્રાક્ષ માળા પાછળનું ખાસ કારણ

'રામાયણ'ની સીતા સાઈ પલ્લવી હંમેશાં હાથમાં રુદ્રાક્ષ કેમ પહેરે છે?

અભિનેત્રીએ કર્યો ખુલાસો, દાદાએ ભેટમાં આપેલી માળા સાથે જોડાયેલી છે અભ્યાસકાળની ખાસ યાદો



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રામાયણ'માં સીતાનું પાત્ર ભજવનાર દક્ષિણની સુપરસ્ટાર સાઈ પલ્લવી વાસ્તવિક જીવનમાં પોતાની સાદગી અને અલગ અંદાજ માટે પણ જાણીતી છે. ચાહકોએ ઘણાં વર્ષોથી નોંધ્યું છે કે તે હંમેશાં પોતાના કાંડા પર રુદ્રાક્ષની માળા પહેરેલી જોવા મળે છે. હવે સાઈએ ખુલાસો કર્યો છે કે આ માળાનો તેના દાદા અને મેડિકલના અભ્યાસ દરમ્યાન આવતી પરીક્ષાઓ સાથે ખાસ સંબંધ છે.

પોતાની આ રુદ્રાક્ષની માળા વિશે ખુલાસો કરતાં સાઈ પલ્લવીએ કહ્યું હતું કે, આ માળા પહેલાં તેના ભાઈ પાસે હતી. તેનો ભાઈ આ માળા તામિલનાડુના ત્રિચી સ્થિત શ્રીરંગમના શ્રીરંગનાથસ્વામી મંદિરમાંથી લાવ્યો હતો. ત્યાર બાદ તેના દાદાએ ભાઈ પાસેથી આ માળા લઈને સાઈને આપી દીધી હતી.

સાઈએ આ માળા સાથેના પોતાના લગાવ વિશે વાત કરતાં કહ્યું હતું કે, 'અભ્યાસ દરમ્યાન પરીક્ષાની આગલી રાત્રે હું આ માળા હાથમાં લઈને પ્રાર્થના કરતી હતી. પરીક્ષાના એક દિવસ પહેલાં હું એ રુદ્રાક્ષની માળા લઈને પ્રાર્થના કરું છું. સાચું કહું તો એના કારણે મેં પરીક્ષાઓમાં વધુ સારું પ્રદર્શન કર્યું હતું. શરૂઆતમાં આ માળા માત્ર પરીક્ષા પહેલાં પ્રાર્થના કરવા પૂરતી મર્યાદિત હતી, પણ ધીમે-ધીમે એ મારી રોજિંદી આદત બની ગઈ. હવે હું શૂટિંગ માટે જતી વખતે પણ એને પહેરું છું.

૮ કલાકની શિફ્ટ બની અક્ષય માટે મુશ્કેલી

'ઘણા મોટા નિર્માતાઓ મારી સાથે કામ કરવા નથી માગતા' : અક્ષય કુમાર

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવૂડના સુપરસ્ટાર અક્ષય કુમારે તાજેતરમાં જ એક મોટો ખુલાસો કરીને પોતાના ચાહકોને ચોંકાવી દીધા છે. અક્ષયે જણાવ્યું છે કે, 'હું દિવસમાં માત્ર ૮ કલાક જ કામ કરું છું અને મારા આ જ નિયમને કારણે ઘણા મોટા નિર્માતાઓ મારી સાથે કામ કરવામાં ખચકાટ અનુભવે છે.

'કોફી વિથ કરણ સિઝન ૯'ના ૭મા એપિસોડમાં ભોજપુરી સ્ટાર રવિ કિશન સાથે પહોંચેલા અક્ષયે દર્શકોને ખૂબ હસાવ્યા, પરંતુ સાથે જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું એક કડવું સત્ય પણ સામે મૂક્યું. અગાઉ દીપિકા પાદુકોણે પણ દીકરી દુઆના જન્મ બાદ ૮ કલાકની શિફ્ટની માંગ કરી હતી, જેના કારણે તેણે સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'સ્પિરિટ' ગુમાવવી પડી હતી.

શો દરમિયાન કરણ જોહરે અક્ષય કુમારના વખાણ કરતા કહ્યું કે તે નવા દિગ્દર્શકો અને નિર્માતાઓનું ખૂબ ધ્યાન રાખે છે. આ વાત પર પ્રતિક્રિયા આપતા અક્ષયે કહ્યું કે, 'આમાં એ પણ સત્ય છે કે ઘણા મોટા લોકો મને કાસ્ટ કરવા માંગતા નથી.'

અક્ષયે પોતાનો પક્ષ રજૂ કરતા કહ્યું કે, 'હું માત્ર ૮ કલાક કામ કરું છું, પરંતુ લોકો એ ભૂલી જાય છે કે હું આ ૮ કલાક દરમિયાન મારી વેનિટી વેનમાં પણ જતો નથી. દર્શકો મને પડદા પર ફિટ અને જોશથી ભરપૂર



જોવા માંગે છે, થાકેલો નહીં. તેથી જ હું ૮ કલાક કામ કરું છું, ૮ કલાક ઊંઘું છું અને બાકીનો સમય પરિવાર, ભોજન અને પોતાના સ્વાસ્થ્ય પાછળ વિતાવું છું.'

અક્ષય સાથે ચાર ફિલ્મોમાં કામ કરી ચૂકેલા રવિ કિશને પણ અક્ષયની વાતનું સમર્થન કરતા તેની કાર્યશૈલીના ભરપૂર વખાણ કર્યા હતા. રવિ કિશને જણાવ્યું કે, 'અક્ષય આ ૮ કલાકમાં પોતાનું સર્વશ્રેષ્ઠ આપે છે અને તે એટલી ઝડપથી કામ કરે છે કે નિર્માતાઓના કરોડો રૂપિયા બચી જાય છે. અક્ષય ૫૫ જેટલા દિવસોમાં જ આખી ફિલ્મ પૂરી કરી લે છે, જેનાથી નિર્માતાઓ ખુશ રહે છે અને યુનિટના ૩૦૦થી ૪૦૦ લોકોને રોજગારી પણ મળે છે.'

ઓછા દિવસોમાં ફિલ્મ પૂરી કરવા અને વધુ ફિલ્મો કરવા અંગે ઉઠતા સવાલોનો પણ અક્ષયે સ્પષ્ટ જવાબ આપ્યો હતો. તેણે કહ્યું કે, 'ઘણા લોકો મને પૂછે છે કે હું ૬૦-૬૫ દિવસમાં ફિલ્મ કેવી રીતે પૂરી કરી લઉં છું? મેં હમણાં જ ક્રિસ્ટોફર નોલનનો એક ઈન્ટરવ્યુ વાંચ્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે તેઓ એક ફિલ્મ પૂરી કરવામાં ૯૦ દિવસથી વધુ સમય લેતા નથી. ટોમ ક્રૂઝે પણ 'મિશનઃ ઈમ્પોસિબલ' ૫૫ દિવસમાં પૂરી કરી હતી.'

વધુ ફિલ્મો કરવાના સવાલ પર અક્ષયે હસતા હસતા કહ્યું કે, 'મને સમજાતું નથી કે લોકો મને કેમ પૂછે છે કે હું આટલી બધી ફિલ્મો કેમ કરું છું? જો હું કામ નહીં કરું તો બીજું શું કરીશ?' એકંદરે, અક્ષય અને રવિ કિશનની આ જોડીએ પોતાના ખુલાસાઓ અને મસ્તીથી ચાહકોનું ભરપૂર મનોરંજન કર્યું હતું.



બાળવિવાહ મુક્ત ભારતઃ દરેક દીકરીના સપના સાકાર કરવાની પ્રતિબદ્ધતા

છત્તીસગઢનો બાલોદ જિલ્લો ભારતનો પ્રથમ બાળવિવાહ મુક્ત જિલ્લો બન્યો છે, જ્યાં તેની ૪૩૬ ગ્રામ પંચાયતો અને ૯ શહેરી સ્થાનિક સંસ્થાઓમાં સતત બે વર્ષ સુધી એક પણ કેસ નોંધાયો નથી. તેવી જ રીતે, સૂરજપુર જિલ્લાએ તેની તમામ ૭૫ ગ્રામ પંચાયતોને બાળવિવાહ મુક્ત જાહેર કરી છે. આ વિકાસ સ્થાનિક સ્તરે કાયમી પરિવર્તન લાવવામાં સતત સામુદાયિક ભાગીદારી અને તકેદારીનું મહત્વ દર્શાવે છે

લગ્ન, જીવનના એક નવા અધ્યાયની શરૂઆત દર્શાવે છે. જોકે, જ્યારે કન્યા કે વર હજુ બાળક હોય, ત્યારે તે તેના બદલે તેમના બાળપણનો અંત લાવે છે. જે ઉંમરે બાળકોએ પોતાની ઓળખ શોધવી જોઈએ, પોતાના ભવિષ્ય વિશે સપના જોવા જોઈએ અને શિક્ષણ દ્વારા પોતાનું જીવન ઘડવું જોઈએ, તે ઉંમરે તેમના પર એવી જવાબદારીઓનો બોજ નાંખવામાં આવે છે જેના માટે તેઓ બિલકુલ તૈયાર નથી હોતા. બાળવિવાહ એ માત્ર પેઢીઓથી ચાલી આવતી સામાજિક પ્રથા નથી; તે બાળકોના અધિકારોનું ઉલ્લંઘન અને તેમના બાળપણ પ્રત્યેનો અન્યાય પણ છે. ૧૪ વર્ષની ઉંમરે, એક દીકરીના હાથમાં પુસ્તકો હોવા જોઈએ, અને તેની પાસે શીખવાની, આગળ વધવાની તથા પોતાની આકાંક્ષાઓ પૂરી કરવાની તકો હોવી જોઈએ. તેના બદલે, ઘણા કિસ્સાઓમાં, જીવનમાં રહેલી તકોને સમજવા કે અનુભવવાની તક મળે તે પહેલાં જ તેના લગ્ન કરાવી દેવામાં આવે છે.

છેલ્લા બે દાયકામાં મજબૂત દ્રઢ નિશ્ચય અને સામાજિક પરિવર્તન પ્રત્યેની સતત પ્રતિબદ્ધતાના સમર્થનથી કરવામાં આવેલા સતત પ્રયાસોને કારણે ભારતમાં બાળવિવાહના કિસ્સાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ પ્રગતિ દર્શાવે છે કે સતત કાર્યવાહી, જાગૃતિ અને સામૂહિક સંકલ્પ પેઢીઓથી ચાલી આવતી પ્રથામાં અર્થપૂર્ણ પરિવર્તન લાવી શકે છે. જ્યારે આ ઘટાડો પ્રોત્સાહક છે, ત્યારે પડકાર હજુ પણ નોંધપાત્ર છે, અને દરેક દીકરી પોતાનું બાળપણ માણી શકે અને પોતાનું શિક્ષણ તથા આકાંક્ષાઓ પૂરી કરી શકે તે સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયાસો જરૂરી છે.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૬ (NFHS-6, 2023-24)ના ડેટા અનુસાર, ૨૦-૨૪ વર્ષની વયની એવી મહિલાઓનું પ્રમાણ કે જેમના લગ્ન ૧૮ વર્ષની ઉંમર પહેલાં થયા હતા તે ઘટીને ૨૦.૧ ટકા થઈ ગયું છે. બે દાયકા પહેલાં, NFHS-3 (2005-06)માં નોંધાયેલો સંબંધિત આંકડો ૪૭.૪ ટકા હતો. ૫૦ ટકાથી વધુનો આ ઘટાડો દેશભરની લાખો દીકરીઓના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનોને પ્રતિબિંબિત કરે છે. આજે, ૨૮ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ સારૂ પ્રદર્શન કરી રહ્યા છે. તેમ છતાં, દર પાંચ યુવતીઓમાંથી એક હજુ પણ બાળવિવાહનો ભોગ બને છે તે હકીકત એક મોટો પડકાર છે. જેમ જેમ ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના તેના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે, તેમ દેશે પોતાના માટે એક સ્પષ્ટ સમયમર્યાદા નક્કી કરી છે, ૨૦૩૦ સુધીમાં બાળવિવાહથી મુક્ત બનવું.

બાળવિવાહ મુક્ત ભારતઃ નિર્ણાયક સફરના બે વર્ષ : છેલ્લા ૧૨ વર્ષોમાં, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ, મહિલાઓ અને દીકરીઓના ગૌરવ, સુરક્ષા અને સશક્તિકરણને રાષ્ટ્રીય વિકાસના કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. આ પ્રતિબદ્ધતાને આગળ ધપાવતા, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે ટકાઉ વિકાસ લક્ષ્ય (SDG)૫.૩ સાથે સુસંગત રહીને, ૨૭ નવેમ્બર ૨૦૨૪ ના રોજ 'બાળવિવાહ મુક્ત ભારત' અભિયાન શરૂ કર્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવેલા આ અભિયાનમાં બાળવિવાહના ઊંચા પ્રમાણ ધરાવતા ૨૫૭ જિલ્લાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે. તે કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય સરકારો, જિલ્લા વહીવટીતંત્રો, સ્થાનિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને નાગરિકોને એક સામાન્ય મંચ પર એકસાથે લાવે છે. આ અભિયાન એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે બાળવિવાહનો અંત લાવવાની જવાબદારી કોઈ એક વિભાગ કે એજન્સીના કાર્ય તરીકે ગણવાને બદલે સંસ્થાઓ અને સમુદાયોમાં વહેંચાયેલી રહે.

છેલ્લા બે વર્ષોમાં, આ અભિયાને પાયાના સ્તરે વ્યાપક અસર ઊભી કરી છે. ૬.૮૫ લાખ જાગૃતિ કાર્યક્રમો દ્વારા, તેનો સંદેશ ૧૨.૪૭ કરોડ લોકો સુધી પહોંચ્યો છે, જ્યારે ૪૨ લાખથી વધુ નાગરિકોએ બાળવિવાહ વિરૂદ્ધ પ્રતિજ્ઞા લીધી છે. 'બાળવિવાહ મુક્ત ભારત' પોર્ટલ પર



- શ્રીમતી સાવિત્રી ઠાકુર

૩૧,૯૦૦ થી વધુ બાળવિવાહ પ્રતિબંધક અધિકારીઓ (CMPOs)ની નોંધણી થઈ છે, જેમાંથી આશરે ૬૦,૦૦૦ ગ્રામ પંચાયત સ્તરે કાર્યરત છે. પોર્ટલ પર અત્યાર સુધીમાં ૪,૫૦૦થી વધુ કેસોની ફરિયાદો પણ મળી છે. આ આંકડાઓ અભિયાનની પહોંચના વ્યાપ, નાગરિકોની સહભાગિતા અને કેસોને ઓળખવા તથા જાણ કરવામાં સ્થાનિક સ્તરના અધિકારીઓની ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે. આ પોર્ટલ સત્તાવાળાઓના ધ્યાન પર કેસો લાવવા અને આ પ્રથા સામે પગલાં

જે દીકરી પોતાનું શિક્ષણ પૂર્ણ કરે છે, આત્મનિર્ભર બને છે અને પોતાના જીવન વિશે નિર્ણયો લેવા સક્ષમ બને છે તેને આગળ વધતી અટકાવી શકાતી નથી, આવી દીકરીઓ વિકસિત ભારતના સપનાને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશેઃ આપણી પ્રતિબદ્ધતા ૨૦૩૦ સુધીમાં ભારતને બાળવિવાહથી સંપૂર્ણપણે મુક્ત બનાવવાની છે

મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ વ્યવસ્થા પૂરી પાડે છે.

નવેમ્બર ૨૦૨૫ અને માર્ચ ૨૦૨૬ વચ્ચે હાથ ધરવામાં આવેલા પ્રથમ ૧૦૦-દિવસીય વિશેષ અભિયાને આ સંદેશને શાળાઓ અને કોલેજો, તેમજ મંદિરો, મસ્જિદો, કેટરર્સ, ટેન્ટ હાઉસ, ડીજે ઓપરેટર્સ અને ગ્રામ પંચાયતો સુધી પહોંચાડ્યો હતો. લગ્નની વ્યવસ્થાઓમાં ઘણીવાર સામેલ થતી સંસ્થાઓ અને સેવા પ્રદાતાઓને જોડીને, અભિયાને જાગૃતિ વધારવા અને સમુદાયોને બાળવિવાહ અટકાવવાની જવાબદારી લેવા પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કર્યો હતો. હવે જમીની સ્તરે પ્રોત્સાહક પરિણામો દેખાઈ રહ્યા છે. છત્તીસગઢનો બાલોદ જિલ્લો ભારતનો પ્રથમ બાળવિવાહ મુક્ત જિલ્લો બન્યો છે, જ્યાં તેની ૪૩૬ ગ્રામ પંચાયતો અને નવ શહેરી સ્થાનિક સંસ્થાઓમાં સતત બે વર્ષ સુધી એક પણ કેસ નોંધાયો નથી. તેવી જ રીતે, સૂરજપુર જિલ્લાએ તેની તમામ ૭૫ ગ્રામ પંચાયતોને બાળવિવાહ મુક્ત જાહેર કરી છે. આ વિકાસ સ્થાનિક સ્તરે કાયમી પરિવર્તન લાવવામાં સતત સામુદાયિક ભાગીદારી અને તકેદારીનું મહત્વ દર્શાવે છે.

મજબૂત કાયદાઓ અને નિવારણ પર ભારઃ બાળવિવાહ સામે ભારતનો સંઘર્ષ રાજા રામ મોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને મહાત્મા જ્યોતિરાવ ફુલે જેવા સમાજ સુધારકોના વારસામાં મૂળ ધરાવે છે. હાનિકારક સામાજિક પ્રથાઓને પડકારવાના તેમના પ્રયાસોએ તે ચળવળમાં યોગદાન આપ્યું જેને આખરે બાળવિવાહ પ્રતિબંધક અધિનિયમ, ૨૦૦૬માં કાયદાકીય સ્વરૂપ મળ્યું. કાયદો સ્પષ્ટ છે, ૧૮ વર્ષથી ઓછી ઉંમરની છોકરી અથવા ૨૧ વર્ષથી ઓછી ઉંમરના છોકરાના લગ્ન પ્રતિબંધિત છે. આવા લગ્ન ગોઠવનાર, પ્રોત્સાહન આપનાર અથવા તેમાં ભાગ લેનાર માતા-પિતા અને વાલીઓને બે વર્ષ સુધીની સખત કેદ અને રૂ.૧ લાખ સુધીના દંડની સજા થઈ શકે છે. કાયદાકીય માળખું સ્પષ્ટ કરે છે કે, બાળવિવાહ અટકાવવાની જવાબદારી લગ્નમાં પ્રવેશનાર વ્યક્તિઓથી આગળ વધીને આ પ્રથાને સરળ બનાવનાર અથવા પ્રોત્સાહિત કરનાર લોકોનો પણ સમાવેશ કરે છે.

નવા ફોજદારી કાયદાઓએ આ મુદ્દે અસ્પષ્ટતાનો કોઈપણ અવકાશ વધુ દૂર કર્યો છે. ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ હેઠળ, ૧૮ વર્ષથી ઓછી ઉંમરની પત્ની સાથેનો કોઈપણ શારીરિક સંબંધ બળાત્કારની શ્રેણીમાં આવે છે. સુપ્રીમ કોર્ટે પણ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (POCSO) એક્ટ, ૨૦૧૨ હેઠળ તેને ગંભીર ગુનો ગણ્યો છે. ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ના તેના ઐતિહાસિક ચૂકાદામાં, સુપ્રીમ કોર્ટે માત્ર સજાને બદલે નિવારણ પર ભાર મૂક્યો હતો. તેણે પૂર્ણ-સમયના બાળવિવાહ પ્રતિબંધક અધિકારીઓની નિમણૂક માટે નિર્દેશો જારી કર્યા હતા અને બાળ સગાઈ પર પ્રતિબંધ મૂકવા આહ્વાન કર્યું હતું. આ પગલાં બાળવિવાહ થાય તે પહેલાં તેને ઓળખવા અને અટકાવવાના મહત્વને રેખાંકિત કરે છે, સાથોસાથ એ સુનિશ્ચિત કરે છે કે કાયદાકીય પ્રણાલી બાળકોને રક્ષણ પૂરૂ પાડે છે અને જવાબદારોને જવાબદાર ઠેરવે છે.

ગ્રામ સભાઓ અને સમુદાયોની અગ્રણી ભૂમિકાઃ કાયદાઓ આવશ્યક છે, પરંતુ માત્ર કાયદો સામાજિક સ્વીકૃતિ અને મૌન દ્વારા ટકી રહેલી હાનિકારક પ્રથાને નાબૂદ કરી શકતો નથી. બાળવિવાહ ઘણીવાર ગામડાઓ અને સમુદાયોમાં ગોઠવવામાં આવે છે, અને તેથી તેનો અંત લાવવાનો પ્રયાસ પણ ત્યાંથી જ શરૂ થવો જોઈએ. સ્થાનિક સંસ્થાઓના મહત્વને ઓળખીને, પંચાયતી રાજ મંત્રાલય સાથેની ભાગીદારીમાં ગ્રામ સભાઓને આ મિશનમાં મોખરે રાખવામાં આવી છે. ૨ ઓક્ટોબરના રોજ, દેશભરની ગ્રામ સભાઓને તેમના ગામોને બાળવિવાહ મુક્ત જાહેર કરતા ઠરાવો પસાર કરવા આહ્વાન કરવામાં આવ્યું હતું. સ્થાનિક બાળવિવાહ પ્રતિબંધક અધિકારી દ્વારા ચકાસણી બાદ, સરપંચ, પંચાયત સચિવ, બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર અને CMPOની સંયુક્ત સહીઓ સાથે 'બાળવિવાહ મુક્ત ગ્રામ પ્રમાણપત્ર' જારી કરવામાં આવશે. આ પ્રક્રિયા સ્થાનિક પ્રતિનિધિઓ અને અધિકારીઓ પર તેમના ગામોની સ્થિતિ ચકાસવાની અને બાળવિવાહ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે સામૂહિક રીતે કામ કરવાની જવાબદારી મૂકે છે. તે સમુદાયોને બાળવિવાહ મુક્ત બનવાની તેમની પ્રતિબદ્ધતા જાહેર કરવા અને જાળવી રાખવામાં ઔપચારિક ભૂમિકા પણ આપે છે.

આની સાથે, મિશન શક્તિ હેઠળ અમલમાં મુકાયેલા 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાનને પણ 'બાળવિવાહ મુક્ત ભારત' સાથે જોડવામાં આવ્યું છે. શાળાએ પાછી ફરતી દરેક દીકરી બાળવિવાહ સામે વધુ સારી રીતે સુરક્ષિત રહે છે. તેથી બંને અભિયાનોનો સહિયારો સંદેશ હોવો જોઈએ 'પહેલા શિક્ષણ, પછી લગ્ન'. આ સંદેશને અસરકારક બનાવવામાં સમુદાયો અને સ્થાનિક સેવા પ્રદાતાઓની ભૂમિકા પણ એટલી જ મહત્વપૂર્ણ છે. જ્યારે કોઈ પૂજારી કે કેટરર સગીરના લગ્ન માટે સેવાઓ આપવાનો ઈનકાર કરે છે, અને જ્યારે આંગણવાડી કાર્યકરો અને સરપંચો સતર્ક અને જાગૃત રહે છે, ત્યારે બાળવિવાહને ચાલુ રાખવા દેતુ મૌન તૂટવા લાગે છે. આવા કાર્યો એ સ્થાપિત કરવામાં મદદ કરે છે કે બાળવિવાહ અટકાવવું એ સામૂહિક જવાબદારી છે અને સમુદાયના સભ્યોએ આ પ્રથાને સમર્થન કે સુવિધા આપવી જોઈએ નહી.

૨૭ નવેમ્બરનું મહત્વ અને આપણી સામૂહિક પ્રતિજ્ઞાઃ ૨૭ નવેમ્બર ૨૦૨૬ની તારીખ વિશેષ મહત્વ ધરાવે છે. તે 'બાળવિવાહ મુક્ત ભારત' અભિયાનના બે વર્ષ પૂર્ણ થવાનું પ્રતીક છે અને તે જ સમયે, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા જાહેર કરાયેલ પ્રથમ 'બાળ, વહેલા અને બળજબરીથી થતાં લગ્ન નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે ઉજવવામાં આવશે. ભારત આ ઉજવણી માટેના ઠરાવનું સહ-પ્રાયોજક હતું. આ દિવસ ૨૫ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધી મનાવવામાં આવતા લિંગ-આધારિત હિંસા સામેના ૧૬ દિવસીય સક્રિયતા અભિયાન હેઠળ આવે છે. તેનો સમય એક મહત્વપૂર્ણ સત્યને મજબૂત બનાવે છે, બાળવિવાહ પોતે જ હિંસાનું એક સ્વરૂપ છે અને ઘણીવાર ઘરેલું હિંસાના દ્વાર ખોલે છે. દીકરીઓ પર તેના પરિણામો સમજવા અને તેમના અધિકારો, સુરક્ષા અને ગૌરવનું રક્ષણ કરવાની જરૂરિયાત સમજવા માટે બાળવિવાહને આ રીતે ઓળખવો આવશ્યક છે.

બાળવિવાહ એ કોઈ ખાનગી પારિવારિક બાબત નથી. તેના રાષ્ટ્રીય અભિયાન - 'નંબર સેવ્ડ?' (Number Saved?) - દ્વારા મંત્રાલય દરેક પરિવારને તેમના મોબાઈલ ફોનમાં મુશ્કેલીમાં મુકાયેલા બાળકો માટે ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ અને મહિલા હેલ્પલાઈન નંબર ૧૮૧ સેવ કરવાની યાદ અપાવે છે. નાગરિકોને કોઈપણ શંકાસ્પદ અથવા સંભવિત બાળવિવાહની જાણ અભિયાન પોર્ટલ અથવા મિશન શક્તિ એપ દ્વારા કરવા પણ વિનંતી કરવામાં આવે છે. આ હેલ્પલાઈન નંબરો અને રિપોર્ટિંગ વ્યવસ્થાઓ અંગેની જાગૃતિ એ સુનિશ્ચિત કરવામાં મદદ કરી શકે છે કે ચિંતાઓ સમયસર સત્તાવાળાઓના ધ્યાન પર લાવવામાં આવે પરિવારો અને સમુદાયના સભ્યોએ એ સમજવું જોઈએ કે આવી પરિસ્થિતિઓને ખાનગી રીતે ઉકેલવાની બાબત માનવાને બદલે, જ્યારે પણ કોઈ બાળક જોખમમાં હોય ત્યારે પગલાં લેવાની તેમની જવાબદારી છે.

જે દીકરી પોતાનું શિક્ષણ પૂર્ણ કરે છે, આત્મનિર્ભર બને છે અને પોતાના જીવન વિશે નિર્ણયો લેવા સક્ષમ બને છે તેને આગળ વધતી અટકાવી શકાતી નથી. આવી દીકરીઓ વિકસિત ભારતના સપનાને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આપણી પ્રતિબદ્ધતા ૨૦૩૦ સુધીમાં ભારતને બાળવિવાહથી સંપૂર્ણપણે મુક્ત બનાવવાની છે. આ માત્ર એક લક્ષ્ય કે સમયમર્યાદા નથી; તે દરેક દીકરી માટે બહેતર ભવિષ્ય સુરક્ષિત કરવાની આપણી જવાબદારી છે. તેને હાંસલ કરવા માટે સરકારો, સંસ્થાઓ, સમુદાયો, પરિવારો અને નાગરિકોના સતત પ્રયાસોની જરૂર પડશે જેથી એ સુનિશ્ચિત થાય કે કોઈપણ દીકરી તેના બાળપણ, શિક્ષણ અથવા તેના સપનાં પૂરા કરવાની તકથી વંચિત ન રહે.

(લેખિકા, શ્રીમતી સાવિત્રી ઠાકુર, મહિલા અને બાળ વિકાસ કેન્દ્રીય રાજ્યમંત્રી છે.)

ચીખલી-વાંસદા મુખ્ય માર્ગ ઉપર આવેલ

સાતપીપળાના પૌરાણિક હનુમાનજી મંદિરને મધ્યમાં રાખી બંને તરફથી રોડ પહોળો કરવા પ્રાંત અધિકારીને રજૂઆત

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી, (વંકાલ), તા.૨૬

ચીખલી-વાંસદા મુખ્ય માર્ગ ઉપર સાતપીપળા સ્થિત પૌરાણીક હનુમાનજી મંદિરના સંચાલક દ્વારા પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરી મંદિર વચ્ચે રાખી બંને તરફથી રોડને વિકસિત કરવા માટેની માંગ કરવામાં આવી છે.

સાતપીપળા હનુમાનજી મંદિરના સંચાલક શ્રી ભાણાભાઈ હળપતિ દ્વારા સામાજિક આગેવાન શ્રી દિપકભાઈ સોલંકી સાથે પ્રાંત અધિકારી, માર્ગ અને મકાનને કરેલ લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, ચીખલી વાંસદા રોડ ઉપર ખૂંધ ગામે સાતપીપળા પાસે પીપળાના વૃક્ષના થડમાં સ્વયંભૂ સુતેલા હનુમાનજી બિરાજમાન છે અને આ વર્ષો જુના પૌરાણિક મંદિરમાં અસંખ્ય ભક્તો શ્રધ્ધા ધરાવે છે. વાર તહેવારે મોટી સંખ્યામાં ભક્તો દાદાની પૂજા અર્ચના દર્શન માટે આવતા હોય છે. અને અવારનવાર ભજન કીર્તન હોમહવન, મહાપ્રસાદ સાથે યોજાતા ધાર્મિક કાર્યક્રમોમાં પણ મોટી સંખ્યામાં લોકો ભાગ લેતા આવ્યા છે.

વધુમાં લોકોના સહકારથી મંદિરના જીર્ણોધાર સમયે માર્ગ મકાનના અધિકારીઓની સ્થળ મુલાકાત દરમિયાન તેઓની સૂચના મુજબ કોઈને નડતરરૂપ ન થાય તે રીતે નવા મંદિરનું બાંધકામ કરવામાં આવેલ હતું અને માર્ગ મકાનના અધિકારીઓ દ્વારા સાઈન બોર્ડ પણ લગાવવામાં



આવ્યા હતા.

આમ શ્રી રામ ભક્ત હનુમાનજીનું આ મંદિર કોઈને નડતરરૂપ નથી અને અહી કોઈ એક અકસ્માત પણ થતાં નથી ત્યારે મંદિર તોડવાથી અનેક હિન્દુઓની લાગણી દુભાઈ તેમ છે.અને આ મંદિર તોડવા સામે અમારો સખત વાંધો અને વિરોધ છે.

વધુમાં નેશનલ હાઈવે પર આલીપોરમાં એક ધાર્મિક સ્થળ બચાવી તેને વચ્ચે રાખી જે રીતે હાઈવે ને પહોળો કરવામાં આવ્યો હતો તે રીતે અહીં પણ મંદિર વચ્ચે રાખી બંને બાજુ એથી રસ્તો પહોળો કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. અને આલીપોરની જેમ અનેક સ્થળોએ પૌરાણિક ધાર્મિક સ્થળોને સલામત રાખી રસ્તાનો વિકાસ કરવામાં આવ્યો છે. તે રીતે અહીં પણ કરી શકાય તેમ પણ જણાવાયું છે.

નોંધનીય છે કે, હમણાં થોડા દિવસ પૂર્વે રાત્રિ દરમિયાન માર્ગે મકાન દ્વારા મંદિર અન્ય સ્થળે ખસેડવાની વ્યવસ્થા કર્યા વિના જ તોડવાની તજવીજ હાથ ધરતા લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગઈ વિરોધ કર્યો હતો અને જે તે સમયે આ કામગીરી મુલતવી રાખવામાં આવી હતી.

ખૂબ સાતપીપળા સ્થિત પૌરાણીક હનુમાનજીના મંદિર માટે નજીકમાં બામણવેલ રોડ ઉપર ક્વોરી માલિકો દ્વારા જમીન આપવામાં આવતા રોડ, બ્રિજની જાણીતી એજન્સી દ્વારા સ્વખર્ચે ભવ્ય મંદિરના નિર્માણ માટે તજવીજ હાથ ધરી હતી. પરંતુ રોડ પર ટ્રાફિક થશે તેવું કારણ આગળ ધરી કેટલાક લોકો દ્વારા વિરોધ કરવામાં આવતા મંદિર ખસેડવાને મામલે મડાગાંઠ સર્જાઈ હતી. જોકે, તંત્ર દ્વારા વિરોધ કરનારાઓ સાથે ચર્ચા કરી યોગ્ય રસ્તો કાઢવો જોઈતો હતો પરંતુ તેમ થયું ન હતું.

ઘેજ સહકારી મંડળીમાં ખાતર કૌંભાડમાં

દોઢ મહિના બાદ પણ મંત્રીની ધરપકડ ન કરતા ચીખલી પોલીસની કામગીરી સામે ઉભા થયેલા અનેક સવાલો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૨૬

ચીખલી પોલીસ દ્વારા તાલુકાના ઘેજ ગામની સહકારી મંડળીમાં ખેતીવાડી વિભાગની તપાસમાં રાસાયણિક ખાતરના વેચાણમાં ગેરરીતિ સંદર્ભે મંડળીના મંત્રી સામે છેતરપીંડી, આવશ્યક ચીજવસ્તુઓ, ખાતર હુકમની જોગવાઈ મુજબના ગુનાનો દોઢેક માસ વીતવા છતાં આરોપીની ધરપકડ ન કરવામાં આવતા પોલીસની ગોકુળગાયની ગતિએ તપાસ અને ઢીલીનીતીને લઈને અનેક સવાલો ઉભા થવા સાથે પોલીસનું વલણ શંકાના ડાયરામાં આવી જવા પામ્યું છે.

જિલ્લા કલેક્ટરના આદેશ બાદ ખેતીવાડી વિભાગે ઘેજ ગામની સહકારી મંડળી દ્વારા છેલ્લા ત્રણ વર્ષના પીઓએસ મશીનના ડેટાના આધારે સબસિડીયુક્ત નીમ કોટેડ યુરિયા સહિતના ખાતરના વેચાણની તપાસ હાથ ધરી હતી. જેમાં ૭૦ જેટલાના નિવેદનોમાં ખેડૂતોના નામે ખોટા બીલ બનાવી અને બીલ બનાવ્યા વિના જ નીમ કોટેડ યુરિયા ખાતરનો જથ્થો સગેવગે કરી ૧૨.૪૮ લાખ રૂપિયાની છેતરપિંડી સરકાર સાથે કરી હોવાનું બહાર આવતા ચીખલીના તત્કાલીન ઈન્ચાર્જ ખેતી અધિકારી ચંદુભાઈ ગાંગોડાની ફરિયાદમાં પોલીસે મંડળીના જવાબદાર વ્યક્તિ એવા મંત્રી સામે છેતરપીંડી, ખાતર હુકમ તથા આવશ્યક ચીજવસ્તુ ધારાની જોગવાઈ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ પી.બી.પટેલીયાએ હાથ ધરી હતી.

ઉપરોક્ત ગુનો નોંધાયો તેનો દોઢેક માસ જેટલો લાંબો સમય વીતવા છતાં પોલીસ દ્વારા આરોપીની ધરપકડ ન કરવામાં આવતા પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા થવા પામ્યા છે. વધુમાં પોલીસ દ્વારા નિવેદનો લેવામાં પણ ઢીલાશ દાખવી, ખેતીવાડી વિભાગ અને જિલ્લા રજીસ્ટાર કચેરી પાસેથી જરૂરી કાગળો, પીઓએસ મશીન, ઠરાવ બુધ સહિતના ડોક્યુમેન્ટો પણ ફરિયાદનો લાંબો સમય વીતવા છતાં કબજે નહી લેવાયા હોવાનું જાણવા મળી રહ્યુ છે. જેને પગલે સમગ્ર મામલે પોલીસની કામગીરી શંકાના ડાયરામાં આવી જવા પામી છે.

જોકે, કોઈ પણ મુદ્દે તટસ્થ વલણ ન દાખવી બેવડા ધારાધોરણોની છાપ ધરાવતા એક નેતા દ્વારા દબાણ કરી ભ્રષ્ટાચાર કરી સરકાર સાથે છેતરપિંડી કરનારાઓને બચાવવા માટે પ્રયાસો કરાઈ રહ્યા હોવાની પણ ચર્ચા ઉઠવા પામી છે. ત્યારે પોલીસ દ્વારા કોઈ પણ પ્રકારના રાજકીય દબાણમાં આવ્યા વિના તટસ્થ તપાસ કરી આરોપીની ધરપકડ કરી આ ગુનામાં અન્ય જવાબદારોનો પણ પર્દાફાશ કરી તેઓની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. વધુમાં પોલીસની ગોકુળગાયની ગતિએ તપાસને મામલે સ્થાનીક આગેવાન દ્વારા ગૃહમંત્રીને પણ લેખિત રજૂઆતની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

CHANGE OF NAME

I have changed my name from (old name) Kharpadiya Laxman Devji /Kharpade Laximan Devji to (new name) Laxman Kharpadiya.
I will be known by my new name Laxman Kharpadiya for all official purposes.

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM LAGDHIR MALDE SUNDAVADARA TO **LAGDHIR MALDE SUNDAVADRA** AS PER DOCUMENT ADDRESS : BUILDING-A1-603, YOGI HILL, AMLI, SILVASSA -396230

યુટી એડમિનિસ્ટ્રેશન દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

નમો હોસ્પિટલ, દમણ

જાહેરાત

દમણની નમો હોસ્પિટલ ખાતે ટૂંકા ગાળાના કરાર (STC) ધોરણે નિષ્ણાતોની જગ્યાઓ ભરવા માટે વોક-ઇન ઇન્ટરવ્યૂ

Adv. No. NAMO/DMN/ Specialist/Walk-in-interview/2026-27/2735 dated:- 25.11.2026

વધુ માહિતી માટે, કૃપા કરીને ઈમેલ અથવા ફોન દ્વારા સંપર્ક કરો: damannamohospital@gmail.com 7574829801

વોક-ઇન-ઇન્ટરવ્યુની તારીખ : 08.12.2026

તબીબી અધિક્ષક, નામો હોસ્પિટલ, દમણ

No. IP/DMN/2/5/2026-27/685, Dated: 26/11/2026

UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu

Health Department, Diu
Walk in interview for following post:

Under UT Plan= Radiologist-1, Gynacologist-2, Anesthetist -2

For details, please scan diu.gov.in 02875-252480

Notice No. :(i) A-12034/1/2018-CHCGHODIU/507
Notice Date :24/11/2026
Date of Interview : 08/12/2026 (application invited)
Venue : Collectorate, Sewa Bhavan, Diu, or NAMO Hospital, Daman

Health Officer, Ghoghla, Diu

No. IP/DMN/2/5/2026-27/684, Dated: 26/11/2026

UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu

Health Department, Diu
Walk in interview for following post:

Under NHM Scheme= Gynacologist-1, Dermatologist-1, Orthopedic-1, Physician-1, Surgeon -1, Psychiatrist -1,

For details, please scan diu.gov.in 02875-252480

Notice No. : (i) A-12034/1/2018-CHCGHODIU/508
Notice Date : 24/11/2026
Date of Interview : 08/12/2026 (application invited)
Venue : Collectorate, Sewa Bhavan, Diu, or NAMO Hospital, Daman.

Health Officer, Ghoghla, Diu

No. IP/DMN/2/5/2026-27/683, Dated: 26/11/2026

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું યુટી એડમિનિસ્ટ્રેશન

દમણ નગરપાલિકા, દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના

[i] મોટી દમણ ખાતે ફૂટબોલ ગ્રાઉન્ડનો પુર્નવિકાસ.

For details please scan https://ddtenders.gov.in

ટેન્ડર નં. : 21/2026-27/DMC
ટેન્ડર આઈડી નં. 2026_DAMAN_5094_1
ડાઉનલોડની છેલ્લી તારીખ : 04/12/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 07/12/2026
બિડ ખોલવાની તારીખ : 07/12/2026

મુખ્ય અધિકારી, દમણ નગરપાલિકા, દમણ.

No. IP/DMN/2/5/2026-27/682, Dated: 26/11/2026

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

હરાજી સૂચના

જામપોર ઘાટ, સી-ફ્રન્ટ, મોટી દમણ (તબક્કો-III) ખાતે દુકાનો ચલાવવાની પરવાનગી આપવા બાબત

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

જાહેરાત નં. 4/442/DT/DMN/JMPRGHT/STALLS/24-25/464

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 17/12/2026

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ-૩૯૬૨૧૫

No. IP/DMN/2/5/2026-27/681, Dated: 26/11/2026

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

વાપીના ડુંગરા ખાતે રૂા.૩૧.૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત 45 MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ

અમૃત-૨.૦ યોજના હેઠળ તૈયાર થયેલા આ પ્લાન્ટથી ૧.૨૫ લાખની વસ્તીને આગામી ૨૫ વર્ષ સુધી શુદ્ધ પીવાનું પાણી મળવાની વ્યક્ત કરેલી આશા સાથે મંત્રીશ્રીએ આગામી ત્રણ વર્ષ સુધી કોઈ ટેક્સ વધારો ન કરવાની કરેલી જાહેરાતથી પ્રજામાં વ્યાપેલી ખુશી







(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૬

વાપી મહાનગરપાલિકા દ્વારા અમૃત-૨.૦ યોજના અંતર્ગત ડુંગરા (દાદરીમોરા) ખાતે રૂા.૩૧.૧૫ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા ૪૫ એમ.એલ.ડી. ક્ષમતાના નવનિર્મિત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકાર્પણ બાદ મંત્રીશ્રીએ પ્લાન્ટની પ્રત્યક્ષ મુલાકાત લઈ તેની કાર્યપદ્ધતિ અને ઉપલબ્ધ સુવિધાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ નાગરિકોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે શુદ્ધ સરફેસ વોટર પૂરૂ પાડવામાં આવી રહ્યું છે. આ પ્લાન્ટની સાથે અન્ય એક ૪૫ એમ.એલ.ડી.નો પ્લાન્ટ પણ મંજૂર થયો હોવાથી વાપીમાં આગામી ૨૫ વર્ષ સુધી પાણીની કોઈ અછત રહેશે નહીં.

વધુમાં તેમણે વાપીના વિકાસ અંગે મહત્ત્વની જાહેરાતો કરતા ઉમેર્યું હતું કે, આગામી ત્રણ વર્ષ સુધી નાગરિકો પર કોઈ ટેક્સ વધારો કરવામાં આવશે નહીં અને વિકાસ કાર્યો માટે સરકાર પાંચ વર્ષ સુધી વિનામૂલ્યે જમીન ફાળવશે. આ ઉપરાંત ચલા અને જીઆઈડીસીમાં નવા વીજ સબસ્ટેશન તેમજ નવા જોડાયેલા વિસ્તારોમાં એસટીપી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઇટની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

વાપીના ડુંગરા ખાતે રૂા.૩૧.૧૫ કરોડના ખર્ચે ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ ગાંધીનગર દ્વારા આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યો છે. દમણગંગા નદી પર ઈન્ટેક વેલ (૧૫૦ એચ.પી.ના ૪ પંપ), દાદરીમોરા ખાતે ૪૫ એમ.એલ.ડી.નો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૨૧૦ લાખ લિટર (૨૧ એમ.એલ.ડી) ક્ષમતાનો ભૂગર્ભ સંપ, ૨૦ લાખ લિટર (૨ એમ.એલ.ડી) ક્ષમતાની ઊંચી ટાંકી તેમજ ૯૦૦ એમ.એમ.વ્યાસની ૭૫૮ રનીંગ મીટર પાઇપલાઇનનું નિર્માણ કરાયું છે. આ ઉપરાંત મોરથીયા ખાતે રૂા. ૧૪ કરોડના ખર્ચે પાણીની ટાંકી અને સંપની કામગીરી પણ પૂર્ણ કરાઈ છે.

આ પ્રોજેક્ટથી ડુંગરા, મોરથીયા, દેવજી ફળિયા, આઝાદનગર, ચણોદ, સુલપડ અને કરવડ સહિતના વિસ્તારોની આશરે ૧,૨૫,૦૦૦ વસ્તીને પૂરતા દબાણથી શુદ્ધ પીવાનું પાણી મળશે. જે વિસ્તારોમાં પાઇપલાઇનનું કામ પૂર્ણ થયું છે ત્યાં દિવસમાં બે વખત પાણી આપવાનું શરૂ થયું છે. ડુંગરાને આ નવા પ્લાન્ટમાંથી પાણી મળતા કોળીવાડ પ્લાન્ટનો જથ્થો ચલા વિસ્તારને ફાળવી શકાયો છે, જેથી ચલામાં પણ હવે દિવસમાં બે વખત પાણી મળે છે. પાઇપલાઇનની બાકીની કામગીરી પૂર્ણ થતાં ચણોદના બાકીના વિસ્તારો અને કરવડમાં પણ દિવસમાં બે વખત પાણી મળતુ થશે.

આ લોકાર્પણ સમારોહમાં વાપી મહાનગરપાલિકાના કમિશનરશ્રી એન.એફ. ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને જીઆઈડીસી એન્જિનિયર શ્રી કે.ડી.પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે મહાનગરપાલિકાના મેયર શ્રીમતી દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયરશ્રી મિતેષભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી સતીષભાઈ પટેલ, પાણી પુરવઠા સમિતિ ચેરમેનશ્રી કૌશિકભાઈ પટેલ, સંગઠનના શ્રી શીલ્પેશ દેસાઈ, શહેર પ્રમુખશ્રી મનીષ દેસાઈ, પૂર્વ નગરપાલિકા પ્રમુખો સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલના અધ્યક્ષસ્થાને

વલસાડ પારડી ખાતે બાળ મેળો યોજાયો

વધુમાં વધુ બાળકો આંગણવાડી કેન્દ્રમાં આવે અને સરકારી યોજનાઓનો લાભ મેળવે તે માટે આહ્વાન કરાયું: બાળકોની કૃતિઓ, ટીચીંગ લર્નિંગ મટીરીયલ અને વિજ્ઞાન પ્રદર્શનની કૃતિના વિજેતા જાહેર કરાયા







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૨૬

વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ પારડી ખાતે આવેલા રામલાલા મંદિરના હોલમાં 'બાળ મેળો - ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલે આંગણવાડી કાર્યકરોની અદ્‌ભૂત કામગીરીને બિરદાવી વધુમાં વધુ બાળકો આંગણવાડી કેન્દ્રમાં આવે અને સરકારી યોજનાઓનો લાભ મેળવે તે દિશામાં સક્રિય કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલે બાળકોની સુંદર કૃતિઓ પાછળ કાર્યકરોની મહેનતને બિરદાવી હતી તેમજ મહેમાનોના સ્વાગત માટે બાળકો દ્વારા તૈયાર કરાયેલી કૃતિઓની પ્રશંસા કરી હતી.

વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે આંગણવાડી કાર્યકરોની નિષ્ઠાપૂર્વકની કામગીરીને બિરદાવીને સમાજમાં તેમની ભૂમિકાના મહત્વ અંગે વાત કરી હતી. વલસાડ જિલ્લા પંચાયતની મહિલા, બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિના અધ્યક્ષ શ્રીમતી દક્ષાબેન ચૌધરીએ બાળકોના સર્વાંગી વિકાસ અને સુપોષણમાં આંગણવાડી કેન્દ્રોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે બાળ મેળામાં ઉત્સાહભેર ભાગ લેનાર તમામ ભૂલકાંઓ અને તેમને માર્ગદર્શન પુરૂં પાડનાર કાર્યકર બહેનોને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

આ બાળ મેળામાં વલસાડ જિલ્લાના ૧૫ ઘટકોના બાળકોએ બાળગીત, એકપાત્રીય અભિનય અને બાળ વાર્તા જેવી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ ઉપરાંત, તમામ ઘટકના કાર્યકરો દ્વારા બાળકોના શિક્ષણ માટે ઉપયોગી શૈક્ષણિક સાધનો (TLM- ટીચીંગ લર્નિંગ મટીરીયલ) તેમજ પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટરો દ્વારા વિજ્ઞાનની સરળ સમજ દર્શાવતા પ્રોજેક્ટ્સ તૈયાર કરીને પ્રદર્શન અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયકો દ્વારા બાળકોની કૃતિઓ, TLM અને વિજ્ઞાન પ્રદર્શનનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં (૧) વિજ્ઞાન પ્રદર્શનની કૃતિમાં પ્રથમ ક્રમે વલસાડ ઘટક-૨, દ્વિતીય ક્રમે ધરમપુર ઘટક-૧, તૃતીય ક્રમે ઉમરગામ ઘટક-૨, (૨) બાળકોની કૃતિના વિજેતામાં પ્રથમ ક્રમે વલસાડ ઘટક-૨ (આદિવાસી નૃત્ય), દ્વિતીય ક્રમે ધરમપુર ઘટક-૨ (વૃક્ષ બચાવો-અભિનય વાર્તા) અને તૃતીય ક્રમે પારડી ઘટક-૧ (બાળ અભિનય ગીત) અને (૩) શૈક્ષણિક સાધનો (TLM)ના વિજેતામાં પ્રથમ ક્રમે વલસાડ ઘટક-૧, દ્વિતીય ક્રમે વલસાડ ઘટક-૨ અને તૃતીય ક્રમે પારડી ઘટક -૨ વિજેતા થયા હતા.

સમગ્ર દેશમાં 'પોષણ અભિયાન' અંતર્ગત સપ્ટેમ્બર માસમાં 'પોષણ માસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પોષણ માસ દરમિયાન નોંધપાત્ર કામગીરી કરનાર ઘટક, સેજા અને આંગણવાડી કેન્દ્રોને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વલસાડ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી માલતીબેન ટંડેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની રૂપરેખા અને સ્વાગત પ્રવચન આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ક્રિષ્નાકુમારી પટેલે કર્યું હતું.

વાપીમાં યુવકનું દિલધડક રેસ્કયૂ: દોરડાની મદદથી હાથ-પગ બાંધી બિલ્ડિંગ પરથી સુરક્ષિત નીચે ઉતાર્યો

છરવાડા આર માર્ટ પાસે બિલ્ડિંગ પરથી આત્મહત્યાનો પ્રયાસ કરતા યુવકને ડુંગરા પોલીસની ટીમે સમયસૂચકતા દાખવી બચાવ્યો: સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડાયો



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૬

વાપીના છરવાડા વિસ્તારમાં આર માર્ટ પાસે આવેલી એક બિલ્ડિંગ પરથી એક યુવકે આત્મહત્યા કરવાનો પ્રયાસ કરતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક હરકતમાં આવ્યા હતા અને ડુંગરા પોલીસ તથા વાપી ફાયર વિભાગને જાણ કરી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ડુંગરા પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. બિલ્ડિંગ ઉપર જોખમી સ્થિતિમાં રહેલા યુવકને બચાવવા પોલીસે સમયસૂચકતા દાખવી રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. યુવકને દોરડાની મદદથી હાથ-પગ બાંધી સાવચેતીપૂર્વક બિલ્ડિંગ પરથી સુરક્ષિત નીચે ઉતારવામાં આવ્યો હતો.

પોલીસની સમયસરની કામગીરીને પગલે યુવકનો જીવ બચાવી શકાયો હતો. ત્યારબાદ તેને તાત્કાલિક સારવાર અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, યુવકે કયા કારણોસર આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો તે અંગેની વિગતો હાલ જાણવા મળી નથી.

ચીખલીના નોગામા ગામે મોટર સાયકલ ડિવાઈડર સાથે અથડાતા સ્થાનિક યુવકનું સારવાર દરમિયાન કરૂણ મોત

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૨૬

ચીખલીના નોગામાં ગામે મોટર સાયકલ ડિવાઈડર સાથે અથડાતા સ્થાનિક યુવકનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું હતું.

ગણદેવી તાલુકાના ગણદેવા નાણાકૂઈ ફળીયા ખાતે રહેતા હિતેશ ભરતભાઈ હળપતિ, તેજસ છનાભાઈ હળપતિ તથા કાર્તિક ભાવેશભાઈ હળપતિ ત્રણેય હિતેશની નંબર વગરની સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર મંગળવારની રાત્રિના સમયે કામ અર્થે જાઉં છું કહી ગયા હતા. દરમિયાન રાત્રીના અગિયારેક વાગ્યાના સમયે દરમિયાન ચીખલી તાલુકાના નોગામાં આહીરવાસ ખારેલ ટાંકલ માર્ગ ઉપર આવી પહોંચતા હિતેશ હળપતિ એ પોતાના કબજાની વગર નંબરની સ્પ્લેન્ડર મોટર સાયકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવી ડિવાઈડર સાથે અથડાતા તેજસ હળપતિને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા પ્રથમ ખારેલ બાદ નવસારી અને વધુ સારવાર અર્થે સુરત ખસેડાતા જતા સારવાર દરમિયાન ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

જ્યારે મોટર સાયકલ ચાલક હિતેશ હળપતિ અને કાર્તિક હળપતિને શરીરે ઓછી વધતી ઈજા થતાં તબીબી સારવાર લેવાની ફરજ પડી હતી. ઉપરોક્ત બનાવની ફરિયાદ મરનારના પિતા છનાભાઈ ડાહ્યાભાઈ હળપતિ (ઉ.વ.૪૪) (રહે.ગણદેવા નાણાંકૂઈ ફળીયા તા.ગણદેવી જી.નવસારી)એ કરતા પોલીસે હિતેશ ભરતભાઈ હળપતિ (રહે. ગણદેવા નાણાંકૂઈ ફળીયા તા. ગણદેવી જી. નવસારી) વિરૂધ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ આર.એન.વાડલે કરી રહ્યા છે.

વાપીમાં બંધારણ દિવસ નિમિત્તે વલસાડ માય ભારત દ્વારા 'વિકસિત ભારત યુવા સંવાદ' કાર્યક્રમ યોજાયો

પદ્મશ્રી ડૉ.યઝદી ઈટાલિયાએ યુવાનો સાથે પોતાના પ્રેરણાદાયી અનુભવો અને વિચારોની કરી આપ-લે







(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૬

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય અંતર્ગત કાર્યરત મેરા યુવા ભારત (MY Bharat), વલસાડ દ્વારા બંધારણ દિવસ નિમિત્તે વાપીની સી.ડી. ઝોબાલિયા રોફેલ આર્ટ્સ એન્ડ આઈ.એસ.આર. અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજ ખાતે 'વિકસિત ભારત યુવા સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ યુવાનોને વિકસિત ભારત @2047ના સંકલ્પ સાથે જોડવા, રાષ્ટ્રનિર્માણમાં તેમની ભૂમિકા અંગે જાગૃત કરવા તથા નશામુક્ત ભારતના સંદેશને જન-જન સુધી પહોંચાડવાનો હતો.

કાર્યક્રમના વિશેષ આકર્ષણરૂપે પદ્મશ્રી સન્માનિત ડૉ.યઝદી ઈટાલિયાએ ઉપસ્થિત યુવાનો સાથે પોતાના જીવનના અનુભવો, સંઘર્ષ, સિદ્ધિઓ અને સમાજસેવા સાથે જોડાયેલા વિચારોની આપ-લે કરી હતી. તેમણે પોતાના પ્રેરણાદાયી જીવનપ્રવાસ દ્વારા યુવાનોને દૃઢ સંકલ્પ, શિસ્ત અને સતત પ્રયત્નો દ્વારા જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા તેમજ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીઓ નિભાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન યુથ આઈકોન મનાલી માંગુકિયાએ 'વિકસિત ભારત @2047' વિષય પર પ્રેરણાદાયી રજૂઆત કરી હતી. તેમણે ભારતની વિકાસયાત્રા, રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા તથા સ્વસ્થ અને નશામુક્ત સમાજના નિર્માણના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે યુવાનાને નશાથી દૂર રહી સકારાત્મક જીવનશૈલી અપનાવવા અને સમાજમાં જાગૃતિ ફેલાવવા પ્રેરિત કર્યા હતા.

આ કાર્યક્રમ દેશભરના ૩૦થી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશાના ૬૦૦થી વધુ જિલ્લાઓમાં આવેલી ૫૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં યોજાઈ રહેલા રાષ્ટ્રવ્યાપી અભિયાનનો એક ભાગ હતો. આ પહેલ દ્વારા યુવાનોને રાષ્ટ્રીય મહત્ત્વના વિષયો પર વિચાર-વિમર્શ કરવા, પોતાના વિચારો રજૂ કરવા અને રાષ્ટ્રના વિકાસમાં સક્રિય ભાગીદારી નિભાવવા માટે મંચ પૂરૂં પાડવામાં આવી રહ્યું છે.

બંધારણ દિવસના મહત્ત્વને ઉજાગર કરતાં કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને યુવાનોએ ભારતીય બંધારણની આમુખનું સામૂહિક પઠન કર્યું હતું. આ પ્રસંગે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના બંધારણીય મૂલ્યો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંવાદ સત્ર દરમિયાન વિદ્યાર્થીઓને મહાનુભાવો સાથે સીધો સંવાદ સાધવાની, પોતાના પ્રશ્નો રજૂ કરવાની અને માર્ગદર્શન મેળવવાની તક મળી હતી.